॥ હરિઃૐ ॥



# શ્રીમોટા - આખ્યાન

આખ્યાનકર્તા :
શ્રી પ્રતાપરાય ઉપાધ્યાય

પૂજ્ય શ્રીમોટા હરિઃૐ આશ્રમ-સુરત

॥ હરિઃૐ ॥

# શ્રીમોટા-આખ્યાન


આખ્યાનકર્તા

**શ્રી પ્રતાપરાય ઉપાધ્યાય**

સંપાદક

**શ્રી રજનીભાઈ બર્માવાલા (હરિઃૐ)**



પૂજ્ય શ્રીમોટા હરિઃૐ હરિઃૐ આશ્રમ-સુરત

**હરિઃૐ આશ્રમ પ્રકાશન, સુરત**

❑ પ્રકાશક :
(શ્રીમોટા) હરિઃૐ આશ્રમ
કુરુક્ષેત્ર મહાદેવના મંદિરની બાજુમાં,
જહાંગીરપુરા, રાંદેર, સુરત-૩૯૫ ૦૦૫.
ફોન : (૦૨૬૧) ૨૭૬૫૫૬૪ / ૨૭૭૧૦૪૬, મો. : ૯૭૨૭૭ ૩૩૪૦૦
Email : hariommota1@gmail.com
Website : www.hariommota.org

© હરિઃૐ આશ્રમ, સુરત-૩૯૫૦૦૫

| **આવૃત્તિ** | **વર્ષ** | **પ્રત** |
|---|---|---|
| પ્રથમ | ૨૦૦૩ | ૧૦૦૦ |
| બીજી | ૨૦૨૦ | ઓનલાઇન |

❑ પૃષ્ઠ : ૧૧૬

❑ **પ્રાપ્તિસ્થાન :** હરિઃૐ આશ્રમ, વેબસાઇટ

❑ **મુદ્રણશુદ્ધિ :** જયંતીભાઈ જાની, ફોન : (૦૭૯) ૨૬૬૧૨૭૨૮

❑ **ટાઈટલ ડિઝાઈન :** મયૂર જાની, મો. : ૯૪૨૮૪૦૪૪૪૩

❑ ટાઈપસેટિંગ : **અર્થ કૉમ્પ્યૂટર,**
૨૦૩, મૌર્ય કૉમ્પ્લેક્સ, સી. યુ. શાહ કૉલેજ સામે,
ઈન્કમટૅક્સ, અમદાવાદ-૩૮૦૦૧૪,
ફોન : મો. ૯૩૨૭૦૩૬૪૧૪

॥ હરિઃૐ ॥

# પ્રસ્તાવના

**(પહેલી આવૃત્તિ)**

શ્રી નીછાભાઈની લેખનપ્રતિભા અદ્‌ભુત દાદ માગી લે તેવી છે. જેમ જીવ અને ચિત્તમાં સતત શિવત્વ ગુંજ્યા કરે તો હૃદયને ગમે છે તેમ શ્રી નીછાભાઈ પૂજ્ય શ્રીમોટાનાં પુસ્તકોમાંથી સતત ઉદ્ધરણો, પ્રમાણો, સંદર્ભો તારવ્યા જ કરે છે અને એને જગત સમક્ષ અર્પવાનો એમને આનંદ આવે છે. ૐનો ધ્વનિ અને હરિઃૐનું સતત સ્મરણ પ્રત્યેકને શાતા આપે છે એ જ પ્રકારે શ્રી નીછાભાઈ હરિઃૐના સ્મરણની સાથે સાથે ગુજરાતમાં હરિઃૐને ગુંજતા કરનાર પૂજ્યશ્રી મોટાનાં પુસ્તકોમાંથી જીવનને તારે એવાં આવશ્યક પ્રમાણો તારવ્યા જ કરે છે. પોતાના અને અન્યોન્યના શ્રેયાર્થે જ.

શ્રી નીછાભાઈ સુખાભાઈ સોલંકી પોતે વસે તો છે ઇંગ્લૅંડના લેસ્ટર નગરમાં. છતાં આશ્ચર્ય અને આનંદ તો એ વાતનો છે કે તેઓ ત્યાં પણ ગુજરાત અને ગુજરાતીઓને વળગી રહ્યા છે. ત્યાં રહીને તેમણે ‘હરિઃૐ ટ્રસ્ટ’ની સ્થાપના કરી છે અને પૂજ્યશ્રી મોટાનાં પ્રકાશનોમાંથી જીવનને કેળવવાનાં સત્ત્વોને, તત્ત્વોને, મૂલ્યોને તારવી તારવીને પ્રકાશનો કરી કરીને તેને વિતરણ કરવામાં કૃતાર્થ ભાવનો અનુભવ કરે છે. આથી, આપણે એમને વિનંતી કરીએ કે તેઓ આવું પવિત્ર કાર્ય હિંદી ભાષા માટે અને અંગ્રેજીમાં પ્રકાશિત કરે તો ? કેમ કે હિંદી તો આજે વિશ્વભાષા થઈ ગઈ છે. પૂજ્યશ્રીનું સાહિત્ય પ્રાદેશિકતાની સીમામાં અવલોકાય એનાં કરતાં વૈશ્વિક ભાવના સાથે ગુજરાત બહાર પણ અવલોકિત પામે એ અત્યંત જરૂરી છે.

મને આશા છે કે આ પુસ્તકના પ્રકાશક શ્રી નીછાભાઈ હવેથી અન્ય ભારતીય ભાષાઓને પણ પ્રાધાન્ય આપશે જ. ભારતની બધી જ ભાષાઓમાં પૂજ્યશ્રી મોટાનું સાહિત્ય પ્રસરે એ અત્યંત આવશ્યક ગણાશે.

**ડૉ. રજનીકાન્ત જોશી**
સચિવ, ભારતીય ભાષા સાહિત્ય સંસદ
સી/૫, ઓજસ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫

॥ હરિઃૐ ॥

# નિવેદન

**(બીજી આવૃત્તિ)**

હરિઃૐ આશ્રમ, સુરત તરફથી પૂજ્ય શ્રીમોટાનું સાહિત્ય, ઑડિયો તથા અન્ય સંકલિત સાહિત્યને મૉર્ડન ટૅક્નૉલૉજીનો ઉપયોગ કરીને સંગ્રહ કરવાનો અને ડિજિટલ સ્વરૂપે આશ્રમની વેબસાઈટ થકી સમાજમાં ઉપલબ્ધ કરાવવાનો પ્રૉજેક્ટ વલ્લભવિદ્યાનગર સ્થિત શ્રી નિરંજનભાઈ સી. પટેલના સહયોગથી ચાલી રહ્યો છે. હવે પૂજ્ય શ્રીમોટાનું તમામ સાહિત્ય, ઑડિયો, વિડિયો, સંકલન તમામ ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ થશે.

શ્રી પ્રતાપરાય ઉપાધ્યાયે પૂજ્ય શ્રીમોટા પ્રત્યેની ભક્તિ અને સમર્પણભાવે 'શ્રીમોટા-આખ્યાન'ની રચના કરી અને પોતે જ સંગીતમય સ્વરાંકન કરીને ઑડિયો સ્વરૂપે રજૂ કર્યું. પૂજ્ય શ્રીમોટાની કૃપાથી એક અદ્‌ભુત રચનાનું નિર્માણ થયું, જે સાંપ્રત સમયમાં તેમ જ આવનારા સમયમાં પૂજ્યશ્રીના જીવનકવન વિશે સમાજને સચોટ માર્ગદર્શન આપશે. આદરણીય વડીલ શ્રી ઇંદ્રવદનભાઈ શૅરદલાલ અને શ્રીમતી જયશ્રીબહેન શૅરદલાલે ઉદારભાવે આ સ્વરાંકન બન્ને આશ્રમોને ભેટ આપ્યું તેમ જ પુસ્તક સ્વરૂપે રજૂ કરવા સંમતિ આપી. જેની પ્રથમ આવૃત્તિ વર્ષ ૨૦૦૩માં શ્રી નીછાભાઈ સોલંકી (યુકે)ની સહાયથી રજૂ થઈ. હવે આ સ્વરાંકનનો ઑડિયો તથા પુસ્તક બન્ને આશ્રમ ખાતે પેનડ્રાઈવમાં ઉપલબ્ધ છે. આ ઑડિયો સંગ્રહને સાંભળવાની સાથે સાથે વધારે ઊંડાણથી સમજી શકાય તે માટે તેને પુસ્તક આકારે ઑનલાઈન વેબસાઈટ ઉપર રજૂ કરીએ છીએ. વિશેષમાં 'શ્રીમોટા-આખ્યાન' ટાઈટલની સાથે QR Code પણ આપવામાં આવ્યો છે. જેને સ્કેન કરવાથી આ સમગ્ર આખ્યાન સાંભળી શકાશે તેમ જ ડાઉનલોડ પણ કરી શકાશે. આમ, ઑડિયો અને પુસ્તક

બન્ને સ્વરૂપે આ પ્રકાશન ફક્ત ઑનલાઇન વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે અને એકબીજા સાથે જોડાયેલા છે.

શ્રી જયંતીભાઈ જાનીએ આ પુસ્તકની મુદ્રણશુદ્ધિનું કાર્ય પૂરા સદ્‌ભાવથી અને ચોકસાઈપૂર્વક કરી આપ્યું છે, તે બદલ અમો તેમના ખૂબ ખૂબ આભારી છીએ.

આ તબક્કે અમો સવિશેષ વલ્લભવિદ્યાનગર સ્થિત શ્રી નિરંજનભાઈ સી. પટેલનો અંતઃકરણપૂર્વક ખૂબ ખૂબ આભાર માનીએ છીએ અને તેઓશ્રી આ સમગ્ર પ્રૉજેક્‌ટના રજૂ કર્તા છે તેમ જ અમો ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખીને હંમેશાં અમોને ખૂબ જ પ્રોત્સાહિત કરતાં રહે છે. પૂજ્ય શ્રીમોટાના જીવનકવનની માહિતી આપતાં આ આખ્યાનનો સંગ્રહ તેમનાં સદ્‌ગત માતાપિતા

**શ્રીમતી ચંદ્રમણિબહેન અને શ્રી ચંદુભાઈ પટેલના સ્મરણાર્થે**

સમાજમાં આનંદભેર ઑનલાઇન વેબસાઇટ ઉપર રજૂ કરીએ છીએ.

તા. ૧૬-૧૧-૨૦૨૦
કારતક સુદ-૧
નૂતન વર્ષ પ્રારંભ, સંવત ૨૦૭૭

**ટ્રસ્ટીમંડળ,**
હરિઃૐ આશ્રમ, સુરત

**‘હું સર્વત્ર વિદ્યમાન છું.’**

**- શ્રીમોટા**

‘જીવનદર્શન’, ૧૧મી આ., પૃ. ૪૩૧

# શ્રીમોટા-આખ્યાન

## હરિઃઓ...મ્

પૂજ્ય મોટાના આ આખ્યાન-કીર્તનનો પ્રારંભ કરતાં પહેલાં એક ટૂંકી પ્રસ્તાવના આપવી આવશ્યક લાગે છે. જે સ્વજને મને પૂજ્ય મોટાનું આખ્યાન લખવા સૂચવ્યું, ઉત્તેજન આપ્યું અને આખરે અહીં સુધી પહોંચાડ્યો, તેમનું મનોમન ઋણ સ્વીકાર્યા વિના ચાલી શકે તેમ નથી. પૂજ્ય મોટાની સંકલ્પશક્તિ હજારો હાથોએ અને અનેકમાં પ્રેરણારૂપે કામ કરી રહી છે. એટલે આખરે આપણે સૌ ઋણી તો પૂજ્ય **મોટા**ના જ છીએ. જે કંઈ કાલુંઘેલું બની શક્યું, તે પૂજ્ય **મોટા**નાં ચરણમાં સમર્પણ કરું છું.

કોઈ પણ સંત-મહાપુરુષ વિશે લેખ લખવો, પ્રવચન કરવું વગેરે જેટલું સરળ છે, તેટલું આખ્યાન-કીર્તન લખવું સરળ હોતું નથી. જ્યાં સુધી આપણાં ઊંડાણમાં લેશ પણ ચિકિત્સક-વૃત્તિ હોય, ત્યાં સુધી કોઈનું કીર્તન ન થઈ શકે. પૂરો પ્રેમભાવ સંત-પુરુષ માટે અનુભવાય ત્યારે જ તેમનું કીર્તન થઈ શકે.

આ આખ્યાનમાં મેં પૂજ્ય મોટાનો અભ્યાસકાળ અને છએક જેટલા સંત-પુરુષો સાથેના સમાગમ અને તેમના પ્રભાવથી પૂજ્ય મોટાના જીવનમાં આવેલા પ્રચંડ પરિવર્તનની કથાને કેંદ્રમાં રાખ્યા છે. પૂજ્ય જાનકીદાસ મહારાજ, નર્મદાતીરે મોખડીના સુરપાણેશ્વર ઘાટ પર રણછોડજીના મંદિરમાં મળેલા સાધુપુરુષ, પૂજ્ય બાલયોગીજી મહારાજ, પરમ પૂજ્ય શ્રીધૂણીવાળાદાદા કેશવાનંદજી, પૂજ્ય ઉપાસનીબાબા, કરાંચીમાં મળેલા સાંઈ અને કાશીમાં મળેલા સાધુના સમાગમની આ કથા છે.

॥ હરિઃૐ ॥

આ ગાળામાં સમાતી કેટલીક વ્યક્તિઓનો ઉલ્લેખ છે. આ કથામાં મેં પૂજ્ય મોટા સિવાય કોઈ પણના નામનો ઉલ્લેખ ટાળ્યો છે. કથા પૂજ્ય મોટાની છે અને તેમાં પૂજ્ય મોટાનું મહત્ત્વ પ્રસ્તુત ગણ્યું છે.

આખ્યાનમાં પ્રસંગોનો અનુક્રમ **'પારસલીલા'** નામની નાની પુસ્તિકાના આધારે રાખ્યો છે. સંભવ છે કે ક્યાંક ક્રમમાં આગળ-પાછળપણું હોય, પણ પૂજ્ય મોટાનું પ્રેમભાવે ગુણાનુરાગનું ગાન કરવામાં ક્રમની બાધા નડશે નહિ અને છતાં દોષ રહી ગયા હોય તે બદલ સૌની ક્ષમા નમ્રપણે માગું છું.

પૂજ્ય મોટાના સ્વેચ્છાએ કરેલા દેહોત્સર્ગ વિશે ઘણું વધારે લખી શકાય પણ મને અંગત રીતે એવું લાગ્યું છે કે પૂજ્ય મોટાનો દેહત્યાગ એક કાવ્ય છે. કાવ્યને હૃદયમાં ઝીલી લેવાનું હોય છે. તેને સમજાવવાની મિથ્યા ચેષ્ટાથી દૂર રહેવામાં જ યોગ્યતા લાગી છે.

પૂજ્ય મોટાએ પોતાના જીવન દ્વારા જે મોટાઈ પ્રકટાવી છે, તે કરતાં પણ વધારે મોટાઈ તેમના દેહત્યાગની લીલામાં રહેલી છે. સામાન્ય રીતે મૃત્યુ પાસે મોટા માંધાતાઓ પણ પોતાની ક્ષુદ્રતા, પામરતા અનુભવતા હોય છે. પૂજ્ય મોટા મૃત્યુમાં પણ પૂજ્ય મોટા જ રહ્યા. તેનું મૂલ્યાંકન કરવાની મિથ્યા ચેષ્ટા કરી આ લીલાનું મહત્ત્વ મારી નાખવાની વૃત્તિ થતી નથી. ભવિષ્યમાં કોઈ સુયોગ્ય વ્યક્તિ દ્વારા તે થશે જ.

॥ હરિઃૐ ॥

આ કથામાં ઘણુંએ લખવા જેવું રહી ગયું છે, તેનું મને ભાન છે પણ આ આખ્યાન છે. તે જ્યારે પ્રત્યક્ષ રીતે પ્રસ્તુત થતું હોય ત્યારે ઘણું બધું મૌખિક રીતે ઉલ્લેખવાનું હોય છે.

આખ્યાન-કીર્તન કરતી વેળા જે વાતાવરણનું નિર્માણ થાય, હૃદયમાં ભાવ-ભક્તિ ઊભરાય અને તેથી કીર્તનના વિષય સાથે તદ્રૂપતા, તલ્લીનતા પ્રકટે તે જ કીર્તનનું લક્ષ્ય હોય છે. કીર્તન ત્યારે સાધન બની રહે છે. પૂજ્ય મોટાના કૃપાસ્પર્શ વિના આ લખવું શક્ય જ નથી. એવા ભાવ સાથે પૂજ્ય મોટાનાં ચરણમાં આ કીર્તન સમર્પું છું.

**- પ્રતાપરાય ઉપાધ્યાય**

હરિઃઓ...મ્

*યસ્યૈવ સ્ફુરણં સદાત્મકમસત્કલ્પાર્થકં ભાસતે*
*સાક્ષાત્તત્વમસીતિ વેદવચસા યો બોધયત્યાશ્રિતાન્ ।*

*યત્સાક્ષાત્કરણાદ્ભવેન્ન પુનરાવૃત્તિર્ભવામ્ભોનિધૌ*
*તસ્મૈ શ્રીગુરુમૂર્તયે નમ ઈદં શ્રીદક્ષિણામૂર્તયે ॥*

*ચિત્રં વટતરોર્મૂલે વૃદ્ધાઃ શિષ્યા ગુરુર્યુવા ।*
*ગુરોસ્તુમૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તુચ્છિન્નસંશયાઃ ॥*

*ૐ નમઃ પ્રણવાર્થાય શુદ્ધજ્ઞાનૈકમૂર્તયે ।*
*નિર્મલાય પ્રશાન્તાય દક્ષિણામૂર્તયે નમઃ ॥*

(શ્રી દક્ષિણામૂર્તિસ્તોત્રં ૩, ૧૨, ૧૩)

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

*__મોટા__ ! વહાલા __મોટા__ ! તારો મહિમા કયા શબ્દોમાં ગાઉં (૨)*
*શબ્દ શોધતાં આખર કેવો મહામૌનમાં હું જ સમાઉં !*

*ભીતર, બહાર, નીચે, ઉપર અંતહીન છાયું આકાશ,*
*આવાં વિરાટ આસન પર ના પૂરો તારો થાય સમાસ (૨)*

*સખેતિ મત્વા પ્રસભં યદુક્તં*
*હે...કૃષ્ણ હે... યાદવ હે...સખેતિ (ગીતા ૧૧/૪૧)*

ભગવાને જ્યારે અર્જુનને વિરાટ સ્વરૂપનું દર્શન કરાવ્યું ત્યારે જ અર્જુનને ખબર પડી કે કૃષ્ણ કોણ છે. ત્યાં સુધી તો એ એમ જ માનતો હતો કે આ મારા ફોઈનો દીકરો છે. આ મારો મિત્ર છે, મારો સાથી છે, પણ એ વિરાટ દર્શન એને જ્યારે થયું ત્યારે એને ભાન થયું કે હું અજાણતાં, હું તને કેવી રીતે ઓળખતો હતો ?

*હે... કૃષ્ણ હે... યાદવ ... સખેતિ*

હે કૃષ્ણ, હે યાદવ, હે સખા, હે મિત્ર એમ હું તને ગણતો હતો પણ એ બધી મારી ભૂલ હતી. મને તારા સ્વરૂપનું આજે ભાન થયું છે. હવે મને લાગે છે.

*અજાનતા મહિમાનં તવેદં (ગીતા ૧૧/૪૧)*

આ તારો મહિમા હું જાણતો ન હતો, એટલે મેં આ ભૂલો કરી છે. એટલે એ ભૂલોની તું ક્ષમા કરજે. તો એ **મોટા**નું જે સ્વરૂપ છે, એ કંઈ સમજી શકાય એવું નથી. એક વિરાટ પુરુષ હતા એ. શ્રીકાલિદાસે ‘રઘુવંશમ્’ મહાકાવ્ય લખતાં જે શબ્દોનો ઉચ્ચાર કર્યો છે, એ અહીં મને યાદ આવે છે. કહ્યું છે કે

॥ હરિઃૐ ॥

*કો સૂર્યવંશ પ્રભવોમજાનત વિષયામતિ સાગરમ્*

એ ક્યાં સૂર્યનો વંશ ને ક્યાં મારી અલ્પમતિ કે જેથી એક વિરાટ મહાસાગરને હું એક નાનકડી હોડી લઈને તરવા નીકળ્યો છું અને કદાચ એમાં હું ઉપહાસને પાત્ર પણ થાઉં પણ પ્રેમ નાની વસ્તુને પણ મોટાઈ આપે છે.

લંકાને બાળનાર હનુમાન એક સામાન્ય વાનર હતો, પણ એ રામનો દૂત હતો. એની પાછળ રામની શક્તિ હતી. એટલે લંકાને બાળી શક્યો. તો એ આશાએ, એ ઊંડી હૂંફે આ એક અલ્પ પ્રયાસ **મોટા**નું કીર્તન કરવાનો કર્યો છે.

*મનથી કલ્પી શકાય ન મહિમા, વાણીથી ના બોલી શકાય,*
*માત્ર પ્રેમથી યાદ કરીને, રોમેરોમમાં ધન્ય થવાય.*

*વ્યક્ત થવા આ ભાવ હૃદયનો, પ્રકટે વાણી રોમેરોમ,*
*બોલો વહાલાં સૌ જન બોલો, મંત્ર મહામૂલો 'હરિઃૐ'*

## 'હરિઃૐ' ધૂન-સંકીર્તન

*'હરિઃૐ' છે દેહ તમારો, 'હરિઃૐ' છે તારો પ્રાણ,*
*'હરિઃૐ' **મોટા** તુજ મહિમા, 'હરિઃૐ' તવ સાચું જ્ઞાન.*

*'હરિઃૐ'થી સ્પર્શ મળે તવ, 'હરિઃૐ'થી સ્મરણ રહે,*
*'હરિઃૐ'થી સેવું તુજને, 'હરિઃૐ'થી ભાવ વહે.*

*'હરિઃૐ'થી પૂજું ચરણો, 'હરિઃૐ'થી સ્તુતિ કરું,*
*'હરિઃૐ'થી સંગ મળે તવ, 'હરિઃૐ'થી જીવન ભરું.*

**મોટા**ને યાદ કરવાનો, **મોટા**નો સંગ મેળવવાનો, એનો

સ્પર્શ મેળવવાનો, એનો સાથ મેળવવાનો એકમાત્ર ઉપાય આપણી પાસે છે, એ **'હરિઃૐ'**નો મંત્ર. 'હરિઃૐ'ના ઉચ્ચાર સાથે એ આપણને સાથ આપે છે. એ આપણને સંગ આપે છે.

*'હરિઃૐ' છે સાધન સાચું, 'હરિઃૐ' એ સાચું ધ્યેય,*
*'હરિઃૐ' એ પ્રેય જીવનનું, 'હરિઃૐ' છે સાચું શ્રેય. (૨)*

'હરિઃૐ' એ જ સાચું સાધન છે. 'હરિઃૐ' એ જ જીવનનું સાચું ધ્યેય છે. 'હરિઃૐ' એ જ જીવનનું પ્રેય છે, એ જ જીવનનું શ્રેય છે.

*'હરિઃૐ' છે આંગળી તારી, પકડી કાપું જીવનપંથ,*
*'હરિઃૐ' છે ગ્રંથ અમૂલો, વાંચીને બનતો નિર્ગ્રંથ.*

'હરિઃૐ' એ તારી આંગળી છે **મોટા**. એ પકડીને જીવનનો પંથ માણસ કાપી શકે છે. 'હરિઃૐ' એક અમૂલો ગ્રંથ છે, એ વાંચીને જીવન નિર્ગ્રંથ — ગ્રંથિ વિનાનું બની શકે છે.

(ભૈરવ)

*મધ દરિયે ડૂબતી નૈયાનો, ખરો સુકાની તું 'હરિઃૐ' (૨)*
*છેક જ ભાંગેલા હૈયાનો, આશાદીપ ખરે 'હરિઃૐ'.*

*છોડે સાથ સ્વજન જીવનનાં, સાચો સંગાથી 'હરિઃૐ',*
*મૃત્યુ ઘેરે ચોગરદમથી, જીવનતંતુ ખરે 'હરિઃૐ'.*

માણસની નૈયા-નૌકા જ્યારે મધદરિયે ડૂબતી હોય ત્યારે ખરો સુકાની એ 'હરિઃૐ' છે. જે માણસનું હૃદય સંપૂર્ણપણે ભાંગી ગયેલું હોય, હતાશ થયેલો હોય, એના જીવનની આશાનો દીવડો માત્ર 'હરિઃૐ' છે.

॥ હરિઃૐ ॥

જીવનમાં સ્વજનો-વહાલાં સ્વજનો એક પછી એક બધાં છોડે છે પણ 'હરિઃૐ' એ સાચો સંગાથી છે, એ કદી સાથ છોડતો નથી. ચારેબાજુથી મૃત્યુ ઘેરી લે છે મનુષ્યને, એ વખતે જીવનનો તંતુ એકમાત્ર 'હરિઃૐ' છે.

*__મોટા__ ને 'હરિઃૐ' બેઉ છે, સમાન અર્થી મધુરાં નામ,*
*__મોટા__ કહો, 'હરિઃૐ' કહો, છે એક જ તત્ત્વતણું આહ્‌વાન.*

**મોટા** અને 'હરિઃૐ' એ બન્ને એક જ અર્થના સમાનઅર્થી બે મધુરાં નામ છે. **મોટા** કહો, 'હરિઃૐ' કહો, એ એક જ તત્ત્વનું આહ્‌વાન છે.

*નિરાકાર આકાશ તત્ત્વનું, 'હરિઃૐ' સાકાર સ્વરૂપ,*
*'હરિઃૐ'માં બેઉ સમાયાં, સ્વરૂપ રૂપાતીત સરૂપ.*

## 'હરિઃૐ' ધૂન-સંકીર્તન

*ભરતભૂમિની લાડીલી તનયા, રસાળ ગુર્જરી ધરણી,*
*કાનમના કમનીય પ્રદેશે, પ્રભુની નજર ઢળી.*
*સાવલી ગામે... ધરણી ધન્ય બને.*

*સંવત ઓગણીસો ચોપનમાં, ભાદ્રપદે શુભ માસે,*
*કૃષ્ણ-પક્ષ સંકષ્ટ ચતુર્થી, જનની મન ઉલ્લાસે,*
*પ્રકટ્યા __મોટા__... શ્રીહરિ બનીને છોટા.*

*માતા સૂરજબા, __મોટા__ના પિતા ભગત શ્રી આશારામ,*
*સૂરજની હૂંફે ઉછર્યા ને બન્યા ભગત, આશા ને રામ,*
*ચૂનિયા નામે... સૌ જન એને જાણે.*

॥ હરિ:ૐ ॥

ભારતવર્ષની લાડીલી દીકરી ગુજરાતની રસાળ ધરતી ઉપર કાનમના સુંદર પ્રદેશમાં જાણે કે ભગવાનની નજર ઢળી. સાવલી (જિ. વડોદરા) નામના ગામમાં એક દિવસ ધરતી ધન્ય બની. સંવત ૧૯૫૪ના ભાદ્રપદ માસમાં કૃષ્ણપક્ષની ચતુર્થીએ માતાના હૃદયમાં ઉલ્લાસ પ્રકટ્યો. **મોટા** શ્રીહરિનું છોટું સ્વરૂપ હોય એ રીતે પ્રકટ્યા. માતા સૂરજબાની હૂંફે જેમ બધાં સૂરજની હૂંફે મોટા થાય એમ મોટા થયા. પિતા ભગત હતા આશારામ. એ **મોટા** ભગત પણ બન્યા, જગતની આશા પણ બન્યા અને રામરૂપ બની રહ્યા. જેને શરૂઆતમાં લોકો ચૂનિયાના નામથી ઓળખતા હતા.

(દોહરો)

*ભાવસાર જ્ઞાતિમહીં જન્મ્યો ભાવનો સાર,*
*દિવ્ય ભાવના સારને, શું જાણે સંસાર ?*

**ભાવસાર જ્ઞાતિમાં ભાવનો સાર જાણે કે જન્મ પામ્યો. એ દિવ્ય ભાવના સારને સંસાર બહુ સહેલાઈથી સમજી શકે એવો નથી.**

(ચોપાઈ)

*પંચમહાલમાં કાલોલ ગામ, ધંધો કરતા શ્રી આશારામ,*
*સેવે અફીણ ને હુક્કો પીવે (૨), ભજનોમાં રહે રાતદી' એ,*
*ધૂણી ધખતી રહે આંગણામાં, લોકો આવીને લેતા વિસામા.*

પંચમહાલના એક કાલોલ ગામમાં ભગત આશારામ પોતાનો ભાવસારનો ધંધો કરતા. અફીણની ટેવ, હુક્કો પીવાની ટેવ અને

રાતભર ભજનોમાં એ દિવસ અને રાત પસાર કરે. એક ધૂણી બળતી રહે. એ ધૂણીની આગથી હુક્કો ફરી ફરીને સળગાવે. એ માટે કેટલાક લોકો રાત્રે ત્યાં વિસામો લેવા એમની પાસે આવીને બેસતા.

*હતું સરકારી ફરમાન, ચોર કોમ નોંધાવે નામ,*
*ચોકીમાં હાજરી પુરાવે, હાજરીનીયે જાણ કરાવે,*
*કોઈ આવે નવા મહેમાન, ચોકીએ જઈ નોંધાવે નામ.*

એ વખતે સરકારનું એક ફરમાન હતું, હજી પણ છે જે ચોર કોમ હોય એ જ પોલીસચોકીમાં પોતાનાં નામ નોંધાવે અને જ્યારે બહાર જાય ત્યારે હાજરી પુરાવે સવાર સાંજ.

(લાવણી)

*એક દિવસ ભગતને ઘરે, અતિથિ આવ્યા, (૨)*
*તે રાત પોલીસે, ભગતજીનેય ફસાવ્યા. (૨)*
*ચોકીમાં શાને કીધી છે ના જાણ, (૨)*
*આજે આ આવ્યા ઘેરે જે મહેમાન.*

એક દિવસ ભગતના ઘરે એક મહેમાન આવ્યા. ઓટલા પર સૂતા'તા. રાત્રે પોલીસ આવ્યા. હરતાં-ફરતાં હુક્કો પીવા. ત્યારે પોલીસે આજે ભગતને બરાબર ફસાવ્યા. એમણે પૂછ્યું કે આ કોણ સૂતું છે ઓટલા પર ? તો તેમણે કહ્યું કે અમારા મહેમાન છે. તો તરત કહે કે ચોકીમાં નામ કેમ નોંધાવ્યું નથી અને આવ્યા છે મહેમાન એની અમને ખબર કેમ નથી આપી ?

॥ હરિઃૐ ॥

*કહે ભગત, 'અમે ના છીએ ડાકુ કે ચોર, (૨)*
*શાને અમ પર આ ચલવો ખોટો દોર ?'*

ભગત કહે ભાઈ, એ નોંધાવવાનું કામ અમારું નથી. અમે કાંઈ ચોર કોમના માણસો નથી. અમે તો ધંધો કરીને ખાનારા માણસો છીએ. અમારે એવાં નામ નોંધાવવાના ના હોય. અમારા ઉપર આ નકામો આ રોફ શા માટે ચલાવો છો ?

*પહેલાં તો ચાલો ચોકીએ અમ સાથે,*
*મારતાં, પીટતાં લીધા ભગત સંગાથે. (૨)*

પોલીસ કહે અમે કાંઈ ન સમજીએ. એ પહેલાં તો અમારી સાથે ચાલો. તમારે જે કાંઈ કહેવું હોય ત્યાં ચોકીમાં કહેજો અને રસ્તામાં એને મારતાં, પીટતાં ભગતને સાથે લીધા. આ એક બનાવ **મોટા**ના જીવનનો ચાવીરૂપ બનાવ છે. એમાંથી જ મહાન થવાની એને પ્રેરણા મળી.

(ગીતિ)

***મોટા**એ આ જોયું, (૨) વર્ષ સાતના હતા માત્ર ત્યારે,*
*ગુનો ગરીબી મોટો, (૨) ગરીબને છે દુઃખ જ સંસારે.*

*ઝટપટ **મોટા** દોડ્યા, (૨) રાવસા'બ મનુભાઈતણી પાસે,*
*સૂરજબા કરતાં જ્યાં, (૨) કામો ઘરનાં મદદતણી આશે.*

**મોટા**એ આ જોયું. સાત વર્ષની ઉંમર. એને દિલમાં લાગ્યું કે ગરીબી એક મોટો ગુનો છે. આ સંસારમાં ગરીબને જ ઠેરઠેર લાતો લાગે છે. એ વખતે સૂઝ્યું. રાવસાહેબ મનુભાઈ એક હતા.

એમને ત્યાં એ દોડ્યા કે જ્યાં એમનાં મા સૂરજબા એનાં ઘરનાં કામો કરતાં. અને રાવસાહેબને જઈને વાત કરી અને આખરે

(દોહરો)

*રાવસાહેબની મદદથી છોડાવ્યા ઝટ તાત,*
*પણ દિલમાં ઊંડો થયો **મોટા**ને સંતાપ.*

રાવસાહેબની મદદથી પિતાને છોડાવ્યા તો ખરા, પણ **મોટા**ને એ વિશે દિલમાં એક મોટો આઘાત થયો, સંતાપ થયો અને એમાંથી એક સંકલ્પ જાગ્યો.

ચોપાઈ (પ્રેમાંગી)

*જાગ્યો **મોટા**ને સદ્ય વિચાર, દીન જીવનમાં નથી સાર,*
*કોઈ રીતે થવું છે મહાન, આવું પ્રકટ્યું હૃદયમાં ભાન.*

**મોટા**ને વિચાર પ્રકટ્યો કે દીન જીવન જીવવામાં પામરની જેમ ક્ષુદ્ર જીવન જીવવામાં કોઈ સાર નથી. કોઈ ને કોઈ રીતે મારે મહાન થવું છે. આવું એક હૃદયમાં ભાન પ્રકટ્યું. જે જાતનું ભાન ગાંધીજીને પ્રીટોરીયાના સ્ટેશને પ્રકટેલું. જ્યારે એને ફર્સ્ટ ક્લાસમાંથી કાઢી મૂક્યા. એની પાસે ફર્સ્ટ ક્લાસની ટિકિટ હતી. તોય બે ગોરા ઑફિસરોએ આવીને એને કાઢી મૂક્યા કે અહીંયાં ગોરા સિવાય ફર્સ્ટ ક્લાસમાં કોઈ જઈ શકતું નથી. ત્યારે સ્ટેશનમાં એકલા બેઠાંબેઠાં રાત્રે એને વિચાર આવ્યો કે આ ક્યાં તો સહન કરવું કે પાછું ઘેર જવું. હિંદુસ્તાન ચાલી જવું અને ક્યાં તો આ અન્યાયનો સામનો કરવો અને એમાંથી જે સંકલ્પનું બળ પ્રકટ્યું એ પહેલો સત્યાગ્રહ સાઉથ આફ્રિકામાં થયો અને પછી એ જ

હિંદુસ્તાનમાં આવ્યો અને એક મહાન સલ્તનતને જોતજોતામાં એણે અહીંથી દૂર કરી. તો આ જાતનો એક વિચાર એને પ્રકટી ગયો. સંકલ્પ પ્રકટ્યો.

*વિદ્યા મેળવવી ધરી ખંત, ગરીબીનો જ આણવો અંત,*
*વિદ્યાથી જ પ્રતિષ્ઠા થાશે, વિદ્યાથી જ મહાન બનાશે.*

એને એ વખતે સાત વર્ષની ઉંમરે એટલો ખ્યાલ આવ્યો કે માણસ ભણેલો હોય, મોટી નોકરી કરતો હોય તો લોકો એને સલામ કરે. માટે કોઈ ને કોઈ રીતે ભણવું. ભણવાથી પ્રતિષ્ઠા વધશે. ભણવાથી સ્થિતિ સુધરશે. એ એને સંકલ્પ એવો મનમાં જાગ્યો અને

(લાવણી)

*સંકલ્પ ખરે છે મૂળ બીજ સર્જનનું,*
*સંકલ્પ બીજ છે ક્રાંતિજીવનનું,*

*સંકલ્પ થકી સર્જાયું છે બ્રહ્માંડ,*
*સંકલ્પ થકી છે ટકી રહ્યું બ્રહ્માંડ.*

સંકલ્પ એ જ જીવનનું મૂળ બીજ છે. **દાતા યથા સંકલ્પ.** વેદમાં કહ્યું છે કે ઈશ્વરે સંકલ્પ કર્યો અને આ પૃથ્વીનું સર્જન થયું. તો એ સંકલ્પ થયો એ સર્જનનું મૂળ બીજ છે. જીવનનું, ક્રાંતિનું એ બીજ છે. સંકલ્પથી જ આ બ્રહ્માંડ ટકી રહ્યું છે અને સંકલ્પથી જ આ બધું સર્જાયું છે.

*સંકલ્પ થકી છે તપી રહ્યો ચંડાંશુ,*
*સંકલ્પથી અમૃત વરસાવે હિમાંશુ,*

॥ હરિઃૐ ॥

*સંકલ્પ થકી નક્ષત્ર વ્યોમમાં ગાજે (૨)*
*સંકલ્પ થકી 'હરિઃૐ' વ્યોમમાં ગાજે.*

સંકલ્પથી ચંડાંશુ એટલે સૂર્ય તપી રહ્યો છે, સંકલ્પથી ચંદ્ર અમૃત વરસાવી રહ્યો છે. સંકલ્પથી આકાશમાં નક્ષત્રો ગુંજી રહ્યા છે અને સંકલ્પથી 'હરિઃૐ'નો મંત્ર વ્યોમમાં ગાજી રહ્યો છે.

'હરિઃૐ' ધૂન—સંકીર્તન

*'હરિઃૐ'... 'હરિઃૐ'... 'હરિઃૐ'... 'હરિઃૐ'...(૫)*

*સંકલ્પ થકી વામન બની જાય વિરાટ, (૨)*
*સંકલ્પ થકી સાગર તરી જાય અફાટ.*
*સંકલ્પ થકી ઉન્નત ગિરિશૃંગો જ ચડાય,*
*સંકલ્પ થકી ઊંડાણ અગાધ મપાય. (૨)*

સંકલ્પથી એક વામન વિરાટ સ્વરૂપ ધારણ કરે છે. **મોટા** ઘણીવાર કહેતા કે તમારે જોવો હોય તો હું એક પ્રત્યક્ષ દાખલો છું. સંકલ્પથી સામાન્ય માણસ વિરાટ બની જાય છે. સંકલ્પથી અફાટ સાગરને માણસ તરી જાય છે. સંકલ્પથી ઊંચાં ગિરિશૃંગો ઉપર પગ માંડી શકાય છે. સંકલ્પથી દરિયાના અગાધ ઊંડાણો માપી શકાય છે.

*સંકલ્પ થકી જન ચંદ્ર પરે પગ માંડે (૨)*
*સંકલ્પ થકી જન વૈભવ સઘળો છોડે.*

સંકલ્પથી માણસ ચંદ્ર ઉપર પણ પગ માંડી આવે છે. સંકલ્પથી માણસ પોતાનો તમામ વૈભવ એક ક્ષણની અંદર છોડી દઈ શકે છે. જેમ બુદ્ધે છોડ્યો તેમ.

॥ હરિઃૐ ॥

*સંકલ્પ થકી ગૌતમ બનીયા સિદ્ધાર્થ, (૨)*
*સંકલ્પ થકી ઈસુ ક્રૉસ ચડ્યા સત્યાર્થ,*

*સંકલ્પ થકી સુકતુ* ઝેર જ પી જાય,*
*સંકલ્પથી ગાંધી ગોળીથી વીંધાય.*

સંકલ્પથી ગૌતમ સિદ્ધાર્થ બન્યા, સંકલ્પથી ઈસુ ક્રૉસ ઉપર ચડી ગયા. સંકલ્પથી સૉક્રેટિસ ઝેર પી ગયા હસતાં હસતાં. એમ સંકલ્પથી ગાંધીજી ગોળીએ દેવાણા.

(અનુષ્ટુપ)

*રહસ્ય જીવવાકેરું માત્ર સંકલ્પથી મળે,*
*વિના સંકલ્પ જીવ્યાથી કોઈ કાંઈ નહિ રળે.*

સંકલ્પ વિનાનું જીવવાથી કંઈ જ મળતું નથી. વિના સંકલ્પે જીવવાથી કોઈ કાંઈ મેળવી શકતું નથી.

(ચોપાઈ)

નવી શાળા કાલોલ મુકામે, 'ઍંગ્લોવર્નાક્યુલરને નામે'
**મોટા** જોડાયા વિદ્યાને કાજ, દૃઢ સંકલ્પ માત્ર જ સાજ,
ભીંસે કારમી શી ગરીબાઈ, કલ્પનાથી એ થથરી જવાય.

કાલોલમાં નવી નીકળેલી શાળા, ઍંગ્લોવર્નાક્યુલર સ્કૂલમાં **મોટા** દાખલ થયા. એની પાસે સાધન એકમાત્ર સંકલ્પ, કારણ કે ગરીબાઈ તો એવી કારમી ભીંસ આપતી હતી કે એની કલ્પના પણ આજે આપણને થથરાવી દે.

---

* સૉક્રેટિસ

*માત્ર સંકલ્પનો જ સંગાથ, ભીડી સંજોગો સામે બાથ,*
*આચાર્યે જોયું **મોટા**નું હીર, પૂરી ખંત ને ઊંચું ખમીર,*
*દોઢ વર્ષમાં ચોપડી ચાર, **મોટા**એ ભણી કીધી પસાર.*

માત્ર સંકલ્પનો જ એને સાથ, ભયંકર સંજોગો સામે સંકલ્પના જોરથી એણે બાથ ભીડી. શાળાના આચાર્યે **મોટા**નું હીર પારખી લીધું. એનું ખમીર, એની ખંત એ એણે જોઈ લીધાં અને દોઢ વર્ષમાં ચાર ચોપડીઓ **મોટા**એ પસાર કરી.

*પટાવાળાનું શાળાનું કામ, કીધું હૈયે ધરી ઊંડી હામ,*
*દોઢ રૂપિયો મહિને પગાર, હારે હિંમત કદી ન લગાર.*

ભણતાં ભણતાં શાળાના પટાવાળાનું કામ સ્વીકાર્યું. મહિને પગાર દોઢ રૂપિયો.

*વાળે શાળા ને ભરતાં પાણી, ટપાલ આપે વળી આણી,*
*રસ્તે પુસ્તક વાંચતાં જાય, ભણવાનું પણ સાથે થાય.*

શાળા વાળે, પાણી ભરે શાળાનું. ટપાલ લાવી આપે. ટપાલ મૂકી આવે. રસ્તે ચાલતાં ચાલતાં પુસ્તક વાંચતાં જાય, સાથે સાથે કામ સાથે ભણવાનું પણ ચાલે અને પાછા જેમ તેમ પસાર ન થાય.

*પહેલા નંબરે થાય છે પાસ, મેળવે છે ઈનામો ખાસ,*
*શિક્ષકોનો પામ્યા **મોટા** પ્યાર, હૂંફ સાથ મળ્યાં પારાવાર.*

હજાર હજાર રૂપિયાનાં ટ્યૂશન આપીએ તોપણ ૩૫ ટકા માર્ક્સ પૂરા આવતા નથી છોકરાઓને. એ પહેલા નંબરે પાસ

થાય છે. રસ્તે ચાલતાં ચાલતાં વાંચે અને ખાસ ઇનામો મેળવે છે. શિક્ષકોનો પૂરેપૂરો પ્યાર અને હૂંફ **મોટા**ને આથી મળ્યાં.

(અનુષ્ટુપ)

સાતમા ધોરણે આવ્યા, કરી અભ્યાસ ખંતથી,
ગરીબી ટાળવા ચાહ્યું, કરી કામો પ્રયત્નથી.
પડોશી શેઠ વેપારી, કને જઈ કામ મેળવ્યું,
ખંત, સંકલ્પથી, કામ કરવાને મન કેળવ્યું.

એમ કરતાં કરતાં સાતમા ધોરણમાં પાસ થયા. ખંતથી અભ્યાસ કર્યો. કારણ કે મૂળ હેતુ છે ગરીબી ટાળવી, મહાન થવું. પણ પૈસાની જરૂર. એક પડોશમાં એક શેઠ હતા. વેપારી. એમને ત્યાં જઈને કામ મેળવ્યું અને એ કામ બહુ જ ખંતથી કરવા લાગ્યા.

(ચોપાઈ)

***મોટા*** *જઈને દુકાન ઉઘાડે, વાળી ઝૂડીને કચરો ઉપાડે,*
*ચાદરો ને ગલેફો ધૂએ, પાછું વાળીને ન કામમાં જુએ.*

જઈને દુકાન ઉઘાડે, ત્યાં કંકુ મૂકે, ફૂલ મૂકે એવા ભક્તિભાવથી દુકાન ઉઘાડે. વાળી ઝૂડીને કચરો કાઢે. ચાદરો ને ગલેફો રોજ ધૂએ. નહિ તો વેપારીની દુકાનમાં એ તો વરસે વરસે ધોવાય અને કોઈ કામમાં એ પાછું વાળીને જોતા નથી.

*પાંચ રૂપિયા ઠરાવ્યો પગાર, શેઠ રીઝ્યા* ***મોટા****થી અપાર,*
*સોંપાવા લાગ્યાં મોટાં કામ, કરતા* ***મોટા*** *ધરી ઉપર હામ,*
*ધાન્ય જોખવાનું કામ આવ્યું, શેઠની રીતે કામ ન ફાવ્યું.*

॥ હરિઃૐ ॥

પાંચ રૂપિયા પગાર ઠરાવ્યો. **મોટા**ના આ કામથી શેઠ એના પર ભારે ખુશ થયા, પ્રસન્ન થયા, મોટાં મોટાં કામ સોંપવા લાગ્યાં અને પછી ધાન્યનાં ગાડાં આવે એ જોખવાનું કામ **મોટા**ને સોંપાણું. પણ એ **મોટા**ને શેઠની જે રીત હતી, એ રીતે એને ફાવ્યું નહિ.

*ઠેલો ધારણે ધારણે મારે, શેર બશેર લેતા વધારે,*
***મોટા**નું દિલ કેમે ન માને, શેઠને પણ શેં અવમાને !*

ઠેલે ઠેલે ધારણને ઠેલો મારવાનો અને ઠેલો મારવાથી શેર-બશેર અનાજ વધારે ખેડૂત પાસેથી મેળવી લેવું. **મોટા**નું દિલ માને નહિ આ કામ કરવા. પણ શેઠનું અપમાન કરવાની વૃત્તિ પણ નહિ એટલે

*છોડી દીધું **મોટા**એ કામ, શાને કરવું જો રીઝે ન રામ ?*

કામ છોડ્યું. જે કામ અંતરને રીઝે નહિ, અંદરના રામ જેનાથી રાજી ન થાય, એ કામ **મોટા**એ છોડ્યું.

(અનુષ્ટુપ)

*ગરીબી કારમી કેવી ! જરૂર ધનની ઘણી,*
*અનીતિ આચરાયે ના, નીતિ વ્હાલી ઘણી ઘણી.*

પૈસાની તો ખૂબ જરૂર હતી. પણ આ રીતે પૈસો મેળવવાની **મોટા**ને ઇચ્છા ન થઈ.

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

## -: શ્રી જાનકીદાસ મહારાજનો સત્સંગ :-

(લાવણી-આર્યા)

*માધ્યમિક શાળા પેટલાદમાં, **મોટા** ત્યાં જોડાયા,*
*જાનકીદાસ મહારાજ ગામમાં, એક સમય ત્યાં આવ્યા.*

*શાળા પૂરી કરીને **મોટા,** સંતની પાસે આવે,*
*વિધવિધ સેવા કરે સંતની, દિલને જે બહુ ભાવે.*

એ વખતે **મોટા** માધ્યમિક શાળામાં જોડાયા પેટલાદમાં. એ વખતે ગામમાં જાનકીદાસ મહારાજ આવ્યા. આ જીવનમાં પહેલો પ્રસંગ કે જ્યારે સંતની વાણીની અમોઘતા શું છે, એનું **મોટા**ને પ્રથમ ભાન થયું. શાળા પૂરી થાય એટલે **મોટા** સંતની પાસે જાય. એની વિધવિધ પ્રકારની સેવા કરે, જે એને બહુ જ ગમતું.

*સંત પૂછે તો ઉત્તર આપે, પણ પોતે નવ બોલે (૨)*
*મૂગી સેવા કરવામાં રસ, તે પણ સાવ અબોલે.*

*અન્ય જનોની સાથે બોલે સંત, સુણે ધરી ધ્યાન,*
*પોતાને ઉપયોગી હોય તે લઈ લેવું એ ભાન.*

સંત કંઈ પૂછે તો ઉત્તર આપે. બાકી કંઈ જ બોલે નહિ. કંઈ પૂછે કરે નહિ. મૂગી સેવા કરવામાં જ રસ. બીજા લોકો સંતની પાસે આવીને બેસે અને જે કંઈ વાતો કરે, એમાંથી જે ગમે, જે રુચે એ લઈ લેવું. એ જ એક ભાન જીવનનું. એમાં એક વાર એ સંત બોલી ઊઠ્યા,

*'વહેલાસર અભ્યાસ પતાવો,' ચેતવણી ઉચ્ચારી,*
*'બીમારીમાં પટકાઈ પડશો, કરો પૂરી તૈયારી.'*

વહેલાસર અભ્યાસ પતાવો એવી ચેતવણી. કોઈ બીજાને. નહિ તો બીમાર થઈ જશો. માટે અત્યારથી પૂરી તૈયારી કરો.

*સુણી સંતની વાણી* ***મોટા,*** *ચેતી કરે અભ્યાસ,*
*મૅટ્રિક પૂર્વ પરીક્ષા સમયે, માંદગી આવી ખાસ.*
*અમદાવાદ મુકામે આવી, જીવલેણ જ બીમારી,*
*સંતવાણીની અમોઘતાની, થઈ પ્રતીતિ ભારી.*

**મોટા**ને એ વખતે મૅટ્રિકની પ્રિલિમિનરી પરીક્ષા આવતી હતી. એ વખતે માંદગી આવી. સંતની વાણીની કેટલી અમોઘતા છે એ **મોટા**ને સમજાયું. અમદાવાદમાં એવી બીમારી આવી. એ પરીક્ષા તેઓ આપી શક્યા નહિ.

(હરિગીત)

*અનુમતિ પરીક્ષા આપવાની, આચાર્યની મમતા થકી,*
*મળી ગઈ અને મૅટ્રિકમાં ઉત્તીર્ણતા પણ મેળવી.*

પણ શાળામાં જે એનું કામ, જે એની ખંત, જે એનો અભ્યાસ. એનાથી આચાર્યએ એને મૅટ્રિકની પરીક્ષામાં પ્રિલિમિનરીમાં બેસ્યા વિના જ બેસવાની અનુમતિ આપી. પરીક્ષામાં બેસવાની અનુમતિ મળી અને પરીક્ષામાં સારી રીતે એ ઉત્તીર્ણ પણ થયા.

(દોહરો)

*વડોદરા કૉલેજમાં મેળવી લીધો પ્રવેશ,*
*(પણ) ગરીબાઈમાં કારમી, કેમ ભજવવો વેશ ?*

અને પછી ત્યાંથી એ વડોદરા કૉલેજમાં પ્રવેશ મેળવ્યો. ગરીબાઈ તો એવી જ કે એમાં કૉલેજમાં ભણવાનો વેશ કેવી રીતે ભજવવો એની **મોટા**ને બહુ ચિંતા હતી.

(લાવણી ગીત)

*__મોટા__નાં આધ્યાત્મિક માતા હતાં પ્રભાવતી નામ,*
*આર્થિક બોજો ભણવાકેરો ઉઠાવવા દીધી હામ.*

*રહેવાનો, ભોજનનો બોજો, ઉઠાવવો શી રીતે ?*
*ખમીર પ્રકટાવે યુવકને, સંજોગો વિપરીત.*

એમનાં આધ્યાત્મિક માતા **મોટા** જેને કહેતાં એ પ્રભાવતીબહેને એનો ભણવાનો બોજો ઉઠાવી લેવાની એમને હિંમત આપી. આથી ભણવાનું, ફી વગેરે મળે પણ રહેવાનું, ખાવાનું એ કેવી રીતે કરવું ? પણ જેમ જેમ માણસને મુશ્કેલી પ્રકટે છે, જીવનમાં એમ એનું જે ખરો યુવક છે એમ એનું ખમીર પ્રકટે છે.

*નાગર સજ્જન 'ફેલો' બનીને છાત્રવાસમાં રહેતા*
*સૌજન્યે સાથે રહેવાનું, __મોટા__ને એ કહેતા.*

*ઉપયોગી બની અનેક રીતે સેવે __મોટા__ સજ્જનને,*
*પ્રશ્ન રહ્યો ભોજનનો બાકી, ઉકેલવાનું કેમ બને ?*

રહેવાનું તો બની ગયું, કાલોલના એક નાગર સજ્જન એમના છાત્રવાસમાં ફેલો બનીને આવ્યા હતા. એના ઓરડામાં એમને રહેવાની છૂટ આપી એણે, એટલે **મોટા** એને ખૂબ ઉપયોગી

થવા લાગ્યા. એનું બધું જ કામ કરી આપે, અને એની સેવા કરે, હવે પ્રશ્ન રહ્યો માત્ર ભોજનનો.

(કેસેટ નં.૧ A સાઇડ પૂરી)
(લાવણી)

કૉલેજ થકી ઘણી દૂર હવેલી* એક, (૨)
મળતો પ્રસાદ ત્યાં સુંદર સસ્તો છેક,

ચાલતાં જ **મોટા** પહોંચે રોજ સુદૂર,
વાંચે રસ્તામાં લગનીથી ભરપૂર.

કૉલેજથી દૂર એક હવેલી હતી, જ્યાં એક વખત નાનપણમાં એની મા સાથે ગયા હતા. એ હવેલી યાદ કરી ત્યાં પહોંચ્યા. ત્યાં બહુ જ થોડા પૈસામાં સુંદર પ્રસાદ હવેલીનો મળતો. **મોટા** ત્યાં રોજ ચાલતા જાય. રસ્તામાં વાંચતા જાય અને એ પ્રસાદ... કારણ કે જીવનમાં ગરજ પ્રકટેલી. **મોટા** ગરજ ઉપર બહુ મહત્ત્વ આપે.

*જ્યારે જાગે છે ગરજ જીવનમાં ભારે,*
*નિશ્ચયમાં બળ ભરપૂર ભરાયે ત્યારે.*

*નિશ્ચય મનનો મહા મેરુનેય ડગાવે,*
*નિશ્ચય મૃત્યુના ભયને દૂર ફગાવે.*

જીવનમાં નિશ્ચય પ્રકટ્યો છે, મહાન થવું છે. એ નિશ્ચયથી એને ભરપૂર બળ જીવનમાં પ્રકટે છે. અને એ નિશ્ચયથી માણસ મોટા મેરુ પર્વતને પણ ડગાવી શકે છે. નિશ્ચયથી માણસ મૃત્યુના ભયને પણ દૂર ફગાવી દઈ શકે છે.

---

* વૈષ્ણવ મંદિર

|| હરિઃૐ ||

***મોટા** મિત્રોનું કામ કરે છે પ્રીતે,*
*મિત્રો **મોટા**ને સંભાળે બહુ રીતે,*
*મિત્રો જોવાને જાય ફિલ્મ સૌ સાથે,*
***મોટા**ને રાખે સૌ ત્યારે સંગાથે.*
*ફિલ્મો જોવાની ઈચ્છા ને રસ દેખી,*
*ચોંક્યા **મોટા** ત્યાં અનિષ્ટ મોટું પેખી.*
*છોને મિત્રો ધન ખરચે મોટા માટે*
*તોપણ ના યોગ્ય ગણે મોટા નિજ કાજે.*

**મોટા** મિત્રોનું કામ કરે છે એને બધી રીતે સંભાળે છે. મિત્રો પણ **મોટા**ને સંભાળે છે. કંઈ ફિલ્મ જોવા, નાટક જોવા જવું હોય તો **મોટા**ની ટિકિટ લઈ લે અને સાથે લઈ જાય. એમ એ જોવાનો **મોટા**ને એક દિવસ પોતાનો રસ દેખાણો. એ જોઈને એ ચોંકી ગયા અને એણે વિચાર કર્યો,

*જે રસની ઈચ્છા ધ્યેયથી ભ્રષ્ટ કરાવે, (૨)*
*તે નિશ્ચે અનિષ્ટ **મોટા** એમ ઠરાવે.*

ફિલ્મ જોવી કે નાટક જોવાં એ ખરાબ છે એમ નહિ, પણ જ્યાં જીવનનો એક નિશ્ચય થયો છે, અમુક મુકામે જવું છે, એ નિશ્ચયના માર્ગમાં જે ઈચ્છા અને જે રસ એમાંથી ભ્રષ્ટ કરાવે, આડાં આવે, એ રસ અનિષ્ટ છે, માટે એને છોડી દેવો જોઈએ એવો **મોટા**એ નિશ્ચય કર્યો.

(અનુષ્ટુપ)

*પૂરી એકાગ્રતા માગે ધ્યેય જીવનનું ખરે,*
*સંપૂર્ણ રસને માગે સાચી એકાગ્રતા ખરે.*

॥ હરિઃૐ ॥

જીવનના ધ્યેયને માટે પૂરી એકાગ્રતાની જરૂર છે. સંપૂર્ણ રસ એ ધ્યેયને માટે જાગે ત્યારે જ સાચી એકાગ્રતા પ્રકટે.

**'હરિઃૐ' ધૂન—સંકીર્તન**

*'હરિઃૐ'... 'હરિઃૐ'... 'હરિઃૐ'... 'હરિઃૐ'...(૫)*

(લાવણી ગીતિ)

*સ્વામી વિવેકાનંદે આવી, ભારતના પ્રાણ જગાડ્યા,*
*જાગેલા આ પ્રાણ ગાંધીએ, કામે યોગ્ય લગાડ્યા.*

સ્વામી વિવેકાનંદે **'ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત'** (કઠ. ૧/૩/૧૪) **'ઊઠો, જાગો અને શ્રેષ્ઠ પુરુષોને પ્રાપ્ત કરીને આ તત્ત્વને જાણો'** એ ઉપનિષદના મંત્રથી ભારતવર્ષના સૂતેલા પ્રાણને જગાડ્યા. એ જાગેલા પ્રાણને ગાંધીજીએ યોગ્ય દિશા આપી એને કામે લગાડ્યા. ગાંધી આવ્યા. એણે હાકલ કરી. આ સમયને આજના છોકરાઓ એને સમજી શકશે નહિ. ફ્રેંચ રીવોલ્યુશનને માટે એક ચિંતકે કહ્યું છે કે It was fortunate to be born in that time, but to be young was very heaven. એ જમાનામાં જન્મવું એ તો એક સદ્ભાગ્ય હતું. પણ જન્મવું અને પાછા યુવાન હોવું તો એ એક પરમ એવું જાણે સ્વર્ગ જ હતું. એ યુવાનોની તમન્ના એ વખતે એ પ્રકારની હતી.

(ઝૂલણા)

*ગાંધી હાકલ કરે, દેશ આગળ ખરે,*
*ધર્મ છે એ જ કે મુક્ત થાવું.*

॥ હરિઃૐ ॥

*સ્વર્ણના પિંજરે, મોતીડાં છો ચરે,*
*શોભતું યુવકને ના પુરાવું.*

*યુગતણો ધર્મ જે, શ્રેષ્ઠ છે કર્મ તે,*
*તે જ યુવાન પડકાર ઝીલે.*

*કાળનું સ્પંદન હૃદયનું રંજન,*
*તે જ યુવાનનું જીવન ખીલે.*

*વ્યક્તિ અવિભાજ્ય છે અંગ સૃષ્ટિતણું,*
*સૃષ્ટિનાં સુખદુઃખો જો ન સ્પર્શે.*

*જાણવું જીવન છે સ્થગિત ખાબોચિયું,*
*ઉલ્લસિત થાય ના કદીય હર્ષે.*

સમષ્ટિનું એક અવિભાજ્ય અંગ છે. જે વ્યક્તિને આ આખી સૃષ્ટિનાં સુખદુઃખનો સ્પર્શ થતો નથી, લાગણી થતી નથી, એ વ્યક્તિનું જીવન એક સ્થગિત ખાબોચિયું—સંકુચિત ખાબોચિયું બની ગયેલું જાણવું. એ વ્યક્તિનું જીવન કદીયે હર્ષથી ઉલ્લસિત થઈ શકતું નથી.

(ગીતિ લાવણી)

***મોટા**એ પડકાર ઝીલ્યો ને છોડી મહાશાળા તત્કાળ,*
*પાંડુરંગ વળામેયે પણ છોડી મહાશાળા તે કાળ.*

ગાંધીના આ પડકારને **મોટા**એ ઝીલ્યો. એની સાથે પાંડુરંગ વળામે જે રંગ અવધૂત એ પણ ઝીલવામાં બન્ને સાથે હતા.

॥ હરિઃૐ ॥

(હરિગીત)

*ગુજરાત વિદ્યાપીઠમાં **મોટા** થયા ભરતી,*
*ગિડવાણીજીની સહાયથી, કામ મળતું રહ્યું સદા.*

*વાળી ઝૂડીને સાફ કરતા, ખંડ સૌ શાળાતણા,*
*'નવજીવન'ની વેચી નકલો, આરોગતા મુઠ્ઠી ચણા.*

ગુજરાત વિદ્યાપીઠમાં જોડાણા. ગિડવાણીજીની, આચાર્ય ગિડવાણીજીની સહાયથી એને કામ મળવા લાગ્યું. એ ત્યાં પણ એ શાળા સાફ કરવાનું, ઓરડાઓ બધા વાળવાનું, પાણી ભરવાનું કામ કરતા. 'નવજીવન'ની નકલો વેચીને જે કાંઈ થોડા પૈસા મળતા, એનાથી આખું અઠવાડિયું ચલાવતા, કોઈ કોઈ વાર તો મુઠ્ઠી ચણાથી પોતાનું જીવન નભાવતા.

*હાકલ કરી ફરી ગાંધીએ કૉલેજના આ મોહ શા ?*
*ના શોભતું યુવાનને, જ્યાં આ ગુલામી પાશમાં.*

ફરી ગાંધીજીએ હાકલ કરી કે આ વળી એક કૉલેજ છોડી બીજી કૉલેજમાં આવ્યા. આ મોહ કઈ જાતનો ? યુવાનને આ શોભતું નથી. મા ગુલામ છે, એને પહેલાં છોડાવો. **મોટા**ના જીવનની એક વિશેષતા હતી કે

*જે સત્ય હૃદયને સ્પર્શે તત્કાળ **મોટા** આચરે,*
*અભ્યાસ છોડી ગામડામાં, સદ્ય **મોટા** સંચરે.*

જે સત્ય હૃદયને સ્પર્શી જાય, એનો તત્કાળ અમલ કરવાનું, આચારમાં મૂકવાનું એક **મોટા**ની વિશિષ્ટતા આખા જીવન દરમિયાન રહી છે. અભ્યાસ છોડી એ ગામડામાં ગયા.

*કીધું પસંદ પછાત નાનુંશું ગામ નામે વાગરા,*
*જિલ્લો ભરુચ પછાત પૂરો, મળીઓ જરીએ સાથ ના.*

પણ ત્યાંય કાંઈ બહુ સાથ મળ્યો નહિ. અને એક બહુ જ પછાત જિલ્લો ભરુચ હતો અને ગામ વાગરા. ત્યાં એનાથી કામ કાંઈ બની શક્યું નહિ.

(લાવણી સાખી)

*પ્રવેશ પાછો મુશ્કેલીથી, વિદ્યાપીઠમહીં લીધો,*
*છોડેલો અભ્યાસ ફરીથી **મોટા**એ જારી કીધો.*

પાછો મુશ્કેલીથી પ્રવેશ મેળવ્યો ગુજરાત વિદ્યાપીઠમાં, છોડેલો અભ્યાસ પાછો ચાલુ કર્યો.

*બે ત્રણ માસ રહ્યા'તા બાકી, સ્નાતક બની જવાને,*
*ફરી બાપુએ પડકાર્યા ને હાકલ ઝીલી જવાને.*

*ભડકે દેશ બળે છે ત્યારે, બેસી શેં રહેવાય ?*
***મોટા**ને ચોંટ્યું આ દિલમાં, કેમે ના સહેવાય.*

*છોડી મોહ થવા સ્નાતકનો, છોડી વિદ્યાપીઠ,*
*દોરી રહ્યું જાણે **મોટા**ને, રહીને કોઈ અદીઠ !*

સ્નાતક થવા આડા બે-ત્રણ મહિના જ બાકી હતા. ત્યારે બાપુએ-ગાંધીજીએ ફરીથી પડકાર કર્યો કે જ્યારે દેશ ભડકે બળે છે, એ તમે ત્યારે જુવાનો આમ બેસીને શાંતિથી ભણી કેવી રીતે શકો છો ? **મોટા**ને આ પાછું શબ્દો ચોંટ્યા દિલમાં. એ સહી ન શક્યા અને સ્નાતક થવાના મોહને કાયમને માટે છોડ્યો.

વિદ્યાપીઠ છોડી. જાણે કે **મોટા**ને કોઈક અદીઠ બળ દોરી રહ્યું છે.

*'અંત્યજ સેવા મંડળ' માંહે કામ સ્વીકાર્યું **મોટા**એ,*
*'હરિજન શાળા'નું સ્વીકાર્યું અન્ય કામ પણ ત્યારે.*

પછી 'અંત્યજ સેવા મંડળ'માં જોડાયા અને સાથે સાથે હરિજન શાળાનું પણ કામ કરતાં. બે કામ કરતાં અને એનાથી એને સો-સવાસો રૂપિયા મળતા.

(સવૈયા)

*હરિજન સેવક બમણું વેતન લે ને કામ કરે તે વાત,*
*યોગ્ય ઘણાને તે નવ લાગ્યું, બાપુને પહોંચી ફરિયાદ,*

*બાપુએ તેડાવ્યા **મોટા,** બમણા વેતનની કરી વાત,*
***મોટા**એ ઘરના સંજોગો સમજાવ્યા, બહુ વિનયની સાથ.*

તો આમાં પણ એક વાંધો પડ્યો. હરિજન સેવક બે જગાએ વેતન લે અને કામ કરે એ ઘણાને યોગ્ય ન લાગ્યું. એટલે બાપુને વાત ફરિયાદ પહોંચી. બાપુએ **મોટા**ને તેડાવ્યા અને કહ્યું કે તમે બે જગાએ કામ કરીને બે જગાના વેતન લો છો. **મોટા**એ ઘરના સંજોગો જણાવ્યા કે મારો ભાઈ ક્ષયના રોગમાં બીમાર છે. સાત-આઠ જણાંનાં પેટ ભરવાનાં છે. આવા મારા સંજોગો છે.

*બાપુએ પૂછ્યું **મોટા**ને, શંકા દર્શાવી તે ઠામ,*
*નાની વયમાં શી રીતે, પહોંચી વળતા આ બે કામ ?*

તો બાપુએ એને શંકાથી પૂછ્યું કે તમે આટલા નાની ઉમરના બે કામ એકસાથે કેવી રીતે કરી શકો ને ન્યાય કેવી રીતે આપી

શકો ? ત્યારે **મોટા**એ બહુ જ વિલક્ષણ નિ:સંકોચ જવાબ આપ્યો—

*નિ:સંકોચ બનીને **મોટા**, નિર્ભયતાથી ઉચર્યા વાણ,*
*પચીસ વર્ષના યુવાન પિટ ઈંગ્લૅંડના હતા જ વડા પ્રધાન.*

**મોટા**એ નિર્ભયતાથી જવાબ આપ્યો કે પચીસ વર્ષની ઉમરે પિટ ધ યંગર ઈંગ્લૅંડના વડા પ્રધાન હતા. તો આ બે કામ કેમ ન થઈ શકે ?

*જવાબમાં હસતા ગાંધીજી, યુવાનની દેખી આ હામ,.*
*એક કામ છોડવું પડ્યું તે આખરમાં આવ્યું પરિણામ.*

(ચોપાઈ)

*કોઈએ માન્યું થયું અપમાન, **મોટા**ને મન તો સમાધાન,*
*સેવાને **મોટા** માને સાધન, સેવા ન્હોય કમાવાને ધન.*

*સેવા ન્હોય મેળવવા માન, સેવા ના ગણકારે અપમાન,*
*સેવા તો છે જીવનનો ધર્મ, સેવા ન્હોય કમાવાનું કર્મ.*

*નમ્રતા છે સેવાનો સાર, સેવા શૌર્ય જ માગે અપાર.*
*સેવા કાયરનું નહિ કામ, સેવા માગે જીવનનું દામ.*

***મોટા** કરે હરિજનની સેવા, જ્ઞાતિએ ત્યારે પજવ્યા કેવા,*
***મોટા** તોય ઊભા અડીખમ, દાખવી શૌર્ય શું અનુપમ !*

ગાંધીજી જવાબમાં હસ્યા, પણ આખરે પરિણામ એ આવ્યું કે બેમાંથી એક કામ એમને છોડવું પડ્યું. ઘણાને લાગ્યું કે આ

**મોટા**નું અપમાન થયું. પણ **મોટા**ને મનમાં તો સમાધાન હતું ને સેવાને **મોટા** સાધન માનતા હતા. **સેવા એ કમાવાને માટેનું કોઈ ધન કમાવાનું સાધન નો'તું. એ કોઈ માન મેળવવા માટે સેવા** ***મોટા*** **કરતા નો'તા. સેવા કરનાર અપમાનને ગણતો નથી. એ તો જીવનનો ધર્મ છે. એ કમાવાનું કોઈ કર્મ નથી. નમ્રતા સેવાનો સાર છે. સેવા મોટા પ્રકારનું, ઊંચા પ્રકારનું શૌર્ય, ખમીર માગી લે છે. કોઈ કાયરનું એ કામ નથી.**

**મોટા** જ્યારે આ હરિજન સેવાનું કામ કરતા હતા ત્યારે જ્ઞાતિએ પણ એના પર પોતાનો રોષ પ્રકટાવ્યો. અને તોપણ **મોટા** એક પહાડની જેમ અડીખમ ત્યાં ઊભા રહ્યા.

*મુસલમાન છોકરા, પજવે રોજ અપાર,*
*સમજાવે* ***મોટા*** *ઘણું, લે ના તોયે સાર.*

એકવાર મુસલમાન છોકરાઓ પજવતા હતા. **મોટા**એ એમના વડીલોને સમજાવ્યા. છોકરાઓને સમજાવ્યા.

*વડીલોની પાસે જઈ કરે ઘણી ફરિયાદ,*
*તોયે નઠોર છોકરા, આપે નહિ કંઈ દાદ.*

*ઘેરી વળીને એક દી, પીટ્યા પૂરી રીત,*
*કોમ બધી સામે થઈ શી રીતે વિપરીત.*

પણ છોકરાઓ માન્યા નહિ. ત્યારે **મોટા**એ એક વખત એ છોકરાઓને ઘેરીને બરાબર પીટ્યા. ત્યારે આખી કોમ એમની સામે થઈ. જ્યારે કોમ સામે થઈ ત્યારે **મોટા**—

॥ હરિઃૐ ॥

(લાવણી)

*લંગોટીભર થઈને સૌની સામે ઊભા,*
*'લ્યો મારો, સહેલું પડશે, સે'જ રાહ જુઓ ના'*

*વિસ્મય પામીને હટી ગયા સૌ લોક,*
*નિર્ભયતા ન્યાળી પામ્યા સરવે ક્ષોભ.*

લંગોટીભર થઈને ઊભા રહ્યા. તમે આવો બધા. મારો તમે. સહેલું પડશે મારવાનું, બધાને વિસ્મય થયું. પાછા હઠી ગયા અને નિર્ભયતા શું ચીજ છે એ લોકોને એનું ભાન કરાવ્યું.

(લાવણી સાખી)

*ક્રાંતિકાર ગણાતા ત્યારે પાટીદાર નરસિંહકાકા,*
*કરી ટીકા હરિજન સેવાની, મારી ખૂબ તડાકા.*

*'સેવાથી નહિ કામ થાય, આ માથાં મૂકવાં પડશે,*
*ક્રાંતિ વિના ના જડ સમાજની, આંખો કદી ઊઘડશે.'*

*ઝીલી ક્રાંતિનો આ પડકાર,* ***મોટા*** *સજ્જ થયા તે વાર,*
*સંઘમાંથી છૂટી તે વાર, પહોંચ્યા નરસિંહકાકાને દ્વાર.*

*થાઓ કાકા, તમે આગેવાન, ઝીલીએ તમારું આહ્‌વાન.*
*કાકા પહોંચ્યા ગાંધીજીની પાસ, લેવા સલાહ આ બાબત ખાસ.*

*બાપુ કહે 'પાક્યો નથી કાળ', ભલું નથી ભર્યે આ ફાળ.*

॥ હરિઃૐ ॥

(લાવણી સાખી)

***મોટા**ને પાછા વાળયા તવ, હિંમત ખૂબ વખાણી,*
***મોટા**ની આ વિરલ રીત તો ક્રાંતિની સરવાણી.*

એ વખતે નરસિંહકાકા જે 'પાટીદાર' માસિક ચલાવતા. એ બહુ ક્રાંતિકાર ગણાતા. એમણે એક વખત એક મિટિંગમાં હરિજન સેવાની ટીકા કરી કે તમે આવાં પોચાંપોચાં કામોથી આ હરિજન અસ્પૃશ્યતા ટાળી શકશો નહિ. એમાં તો માથાં મૂકવાં પડશે. ક્રાંતિ વિના આ સમાજની જડ હટશે નહિ અને ત્યારે જ તમારી આંખો ઊઘડશે જ્યારે તમે માથાં ભંગાવશો ત્યારે.

ત્યારે **મોટા**એ પડકાર ઝીલી લીધો. એ પોતાના એક સાથી સાથે બીજે દિવસે થેલી લઈને પહોંચી ગયા કે અમે તમારો પડકાર ઝીલવા આવ્યા છીએ. ચાલો, માથાં ભંગાવવા ક્યાં જવું છે ? ત્યારે એ નરસિંહકાકા બાપુને પૂછવા ગયા. બાપુએ કહ્યું, 'અત્યારે એ સમય નથી. એથી એ કોમનું વધારે બૂરું થશે. માટે અત્યારે જે કરો છો એ કરો.' **મોટા**ને પાછા વાળ્યા. એની હિંમતના, એના નિશ્ચયના એમણે ખૂબ વખાણ કર્યા.

એ વખતે **મોટા**ને ગરીબાઈની ભીંસ એટલી બધી હતી, કુટુંબના સંજોગો એટલા અકળાવનારા હતા કે **મોટા**ને જીવનમાં - શરીરમાં એક રોગ પેદા થયો.

(રાગ - હરિને ભજતાં...)

*લાગુ પડ્યો શરીરે રોગ, ભયંકર ફેફરું,*
*જ્યાં ત્યાં અવશ બનીને પડાય, બયાન હું શું કરું?*

॥ હરિ:ૐ ॥

*કેવી દુ:સહ ગરીબી હાય, કહી કેમે જાય ના,*
*મોટા ભાઈ **મોટા**ના બીમાર, રોગી રાજરોગના.*

**મોટા**ને ફેફરું (એપીલેપ્સી)નો રોગ લાગુ પડ્યો. જ્યાં ત્યાં બિલકુલ પરવશ થઈ—અવશ થઈ પડી જાય. એ દશાનું વર્ણન કરવું પણ મુશ્કેલ છે. એટલી ભયંકર ગરીબી કે એ શબ્દોમાં પણ કહી શકાય નહિ એવી. એના મોટા ભાઈ બીમાર.

*સાત જીવોનાં ભરવાનાં પેટ, કઠિન સંજોગમાં,*
*ભીંસે ચારેબાજુથી સંજોગ, સહ્યું કેમે જાય ના,*

*અર્થ-પ્રાપ્તિના અન્ય ઉપાય લેવા લલચાય ના.*

સાત જીવોનાં પેટ ભરવાનાં. કેવા ખરાબ-કપરા સંજોગો. ચારેબાજુથી **મોટા**ને એ સંજોગોની ભીંસ લાગી. અર્થ પ્રાપ્તિના — પૈસો કમાવાના બીજા ઉપાયો હતા. પણ **મોટા**એ સેવાનું વ્રત લીધું હતું. એટલે એ ઉપાયો એનાથી લેવાયા નો'તા.

*ગંગાજળ લઈ કીધો સંકલ્પ, સેવાવ્રત પાળવું,*
*સંજોગોની છો કારમી ભીંસ, નહિ વ્રત ટાળવું.*

ગંગાજળ લઈને વ્રત લીધું, પ્રતિજ્ઞા લીધી કે આ સેવાનું જે કામ કરું છું, સેવાનું વ્રત ચાલુ રાખવું. ગમે એવા એ સંજોગો હોય, એ સંજોગોની સામે નમી જવું નહિ.

અને એક વખત એ રેવા કિનારે — નર્મદા કિનારે કંઈક રાહત મેળવવા માટે ગયા.

*રેવા તીરે ગયા બે વાર, રાહત કાંઈ પામવા,*
*મળ્યા સાધુ ત્યારે એકવાર, **મોટા** લાગ્યા સેવવા.*

નર્મદાકિનારે ગયા. એક રાહત મેળવવા, શાંતિ મેળવવા. ત્યાં એક સાધુ મળ્યા.* અહીંથી **મોટા**ની સાધનાની એક શરૂઆત થાય છે. એક સાધુ મળ્યા. **મોટા** એની સેવા કરવા લાગ્યા. એને એક ટેવ હતી. સાધુઓની સેવા કરવાની, તો એ સાધુએ તો એને સીધો ઉપાય બતાવ્યો કે,

*નામસ્મરણ કરો ધરી ખંત, સાધુએ તો સૂચવ્યું,*
*'ગુરુ મળશે તને વર્ષ બાદ', સાધુજીએ ત્યાં કહ્યું.*

હવે **મોટા**ના જીવનમાં જે ગૂઢ સાધુઓનો પ્રવેશ અને જે સાધુઓની—ગુરુઓની જે ગૂઢ પરંપરા—લીલા એ એનાં દર્શન આપણને હવે થાય છે. એણે કહ્યું તમે ખંતથી નામસ્મરણ કરો. **મોટા**ને તો એમ હતું કે કંઈક એવું ઔષધ બતાવે કે કંઈક એવો ઈલાજ બતાવે કે જેથી રોગ મટી જાય. તો નામસ્મરણ કરવાનું કહ્યું. **મોટા**ને તત્કાળ એ બહુ રુચ્યું નહિ અને કહ્યું કે એક વર્ષ પછી તને તારા ગુરુ મળશે. એ કયા, કઈ શક્તિથી, કયા બળથી કહ્યું એ સામાન્ય બુદ્ધિથી સમજવાનું એ આપણું કામ નથી.

***મોટા** મનમાં બહુ શરમાય, સ્ત્રીઓ જેવા રોગથી,*
*કીધો નિશ્ચય દૃઢ મનમાંહ્ય, છૂટવા સંજોગથી.*

અને આ હિસ્ટીરિયા જેવો પરવશ થઈને પડી જવાય, સ્ત્રીઓને લાગુ પડે એવો રોગ પોતાને લાગવાથી પોતે—**મોટા**ને બહુ જ સંકોચ થતો, શરમાતા મનમાં. એટલે એક વખતે એણે

* સુરપાણેશ્વર જતાં મોખડીના ઘાટ પર શ્રીરણછોડજીના મંદિરમાં.

નિશ્ચય કર્યો આ સંજોગોમાંથી કોઈ ને કોઈ રીતે હવે છૂટી જવું. અને એ માટે

(ચોપાઈ)

*રેવા તીરે ગરુડેશ્વર ધામ, **મોટા** પહોંચ્યા ત્વરિત તે ઠામ,*
*ઊંચી ભેખડ જોઈને ચડ્યા, પ્રાણ ત્યાગવા પાણીમાં પડ્યા.*

રેવાકિનારે - નર્મદાકિનારે ગરુડેશ્વર (જિલ્લો નર્મદા)ના સ્થાન પાસે પહોંચ્યા. એક મોટી ભેખડ પર ચડ્યા અને એ ભેખડ ઉપરથી નદીમાં પડતું મૂક્યું. જીવનનો અંત આણવાને માટે.

(લાવણી સાખી)

*કોમળ શીતળ સ્પર્શ થતાંમાં, પાણીમાં પ્રકટ્યો વંટોળ,*
*દૂર દેહ ભેખડથી ફેંકે, પ્રચંડ પાણીની ત્યાં છોળ.*

*ઘણું અલૌકિક અદ્‌ભુત દર્શન, છોળની વચ્ચે તે કાળે,*
*ચમત્કાર કે હરિકૃપા હો ! हरि હરિજનને સંભાળે.*

પાણીનો પગને જ્યાં કોમળ, શીતળ સ્પર્શ થયો, એ જ વખતે પાણીમાં એક વંટોળ ઊઠ્યો અને **મોટા**ના શરીરને ભેખડથી દૂર ફેંકી દીધું. એ વખતે એ પાણીના વંટોળમાં **મોટા**ને એક અદ્‌ભુત, અલૌકિક દર્શન થયું. એને તમે ચમત્કાર કહો, ભગવાનની કૃપા કહો, જે કહેવું હોય એ કહો પણ ભગવાન પોતાના સ્વજનને કેવી રીતે સંભાળે છે—**મોટા**ને સંભાળી લીધા.

*પ્રકટ્યો પ્રકાશ ઉર **મોટા**ને બચી જવામાં છે સંકેત,*
*હરિકૃપાથી સરજાયો હું થવા કંઈક નિશ્ચે અભિપ્રેત.*

॥ હરિઃૐ ॥

**મોટા**ના હૃદયમાં પ્રકાશ થયો અને કોઈ પણ અનુભવની કિંમત બુદ્ધિમાં પ્રકાશ મળે એના પરથી ગણાય છે. તમે ગમે એવાં દર્શન કરો, ચાર હાથવાળા ભગવાનને જુઓ, બધું જુઓ, બુદ્ધિમાં પ્રકાશની સાથે જો એ અનુભવ થાય તો એ અનુભવ ઉપયોગી, કામનો અને છેતરનારો નથી. **મોટા**ને દિલમાં પ્રકાશ થયો કે હું બચી ગયો, એમાં કંઈક ભગવાનનો સંકેત છે અને મને હવે લાગે છે કે ભગવાનની કૃપાથી હું કંઈક થવાને માટે સર્જાયો છું.

*મળી દિશા નવજીવનકેરી, ‘हरि મારા, હું हरिનો દાસ,’*
*સાચા હરિના જન થાવાને, પ્રકટ્યો ઉરમાંહે વિશ્વાસ.*

જીવનની નવી દિશા મળી ‘हरि મારા છે, હું हरिનો છું’ અને સાચે સાચ हरिના જન થવાને માટે હૃદયમાં એક ઊંડો વિશ્વાસ પ્રકટ્યો. એ વખતે,

***મોટા**નાં આધ્યાત્મિક માતા, પ્રભાવતીમા નામ,*
*રેવા તટેથી **મોટા** સીધા, આવ્યા તે જ મુકામ.*

*એક દિવસ દાદર ટોચેથી, શરીર **મોટા**નું ગબડ્યું,*
*હતો હુમલો વાઈતણો એ, અવશ શરીર પૂરું લથડ્યું.*

ત્યાંથી - રેવાકિનારેથી **મોટા** સીધા વડોદરા એમનાં એ જ આધ્યાત્મિક માતા પ્રભાવતીબહેન એમને ત્યાં ગયા. અને ત્યાં પણ એક દિવસ એ દાદરની ટોચ ઉપરથી પડ્યા. હુમલો થતાં રોગનો છેક છેલ્લે પગથિયે પહોંચ્યા ત્યારે

॥ હરિઃૐ ॥

*છેક ટોચથી નીચે સુધી શરીર ગબડીને અટક્યું,*
*રેવા તટના સાધુ દીઠા સ્પષ્ટ શબ્દમાં આમ કહ્યું.*

એ જ્યારે નીચે પડ્યા, બેભાન હાલતમાં એ વખતે રેવા કિનારે જે સાધુએ કહેલું કે નામસ્મરણ કરો અને એક વર્ષ પછી તમને ગુરુ મળશે, એનાં ત્યાં એને ફરી દર્શન થયાં.

*નામસ્મરણનો પ્રયોગ કરી જો, કરી જોવામાં શી છે ખોટ !*
*માને વાત કરી **મોટા**એ, માતા ઊચર્યા શબ્દો સચોટ.*

એણે કહ્યું, 'નામસ્મરણનો તું પ્રયોગ તો કરી જો. પ્રયોગ કરવામાં તને કઈ ખોટ છે ?' એમ **મોટા**ને એ શબ્દોમાં તો બહુ વિશ્વાસ તો નહિ પડ્યો. એણે પોતાની (આધ્યાત્મિક) માને વાત કરી—પ્રભાવતીબહેનને ત્યારે એ કહેવાં લાગ્યાં,

*'બડભાગી છો બેટા સાચો, રાખીને ઊંડો વિશ્વાસ,*
*ખાતાં, પીતાં, હરતાં, ફરતાં, સ્મરણ રાખ તું શ્વાસોશ્વાસ.'*

અરે છોકરા ! તું તો બહુ બડભાગી છો. હવે ઊંડો વિશ્વાસ રાખી ખાતાં, પીતાં, હરતાં, ફરતાં તું ભગવાનના નામનું સ્મરણ રાખ. જરૂર તારો રોગ મટી જશે અને **મોટા**એ એ પ્રમાણે કર્યું,* ત્યારે બેચાર મહિનામાં **મોટા** એ રોગમાંથી મુક્ત થયા.

*'જરૂર રોગ મટી જાશે તવ' **મોટા**ને દિલ ચોંટી વાત,*
*રોગ ગયો બે ચાર માસમાં, 'હરિઃૐ' સ્મરતાં દિનરાત.*

---

* શ્રીમોટાને આધ્યાત્મિક માતા પ્રભાબાની સલાહ મળી. છતાં પછી પૂ. ગાંધીબાપુને પુછાવ્યું અને પૂ. ગાંધીબાપુની સલાહ મળી પછી નામસ્મરણ કરવાનું શરૂ કર્યું હતું. (સંપાદક)

॥ હરિ:ૐ ॥

## 'હરિ:ૐ' ધૂન—સંકીર્તન

*'હરિ:ૐ'... 'હરિ:ૐ'... 'હરિ:ૐ'... 'હરિ:ૐ'...(૫)*

(લાવણી)

*પૂજ્ય કેશવાનંદદાદા (૨)*
*ધૂણીવાળાદાદા નામે ખ્યાત હતા જગમાં.*
*ખંડવા* નજીક સાંઈખેડા (૨)*
*ધૂણી હજીય ધખતી એની સદાય અંતરમાં.*
*પૂજ્ય અવિનાશ બાલયોગી (૨)*
*શિષ્ય વિલક્ષણ દાદાજીના ભાવમસ્ત અહોરાત.*
*પ્રેરણા દાદાએ આપી (૨)*
*લાવ અહીં ચૂનીલાલ ભગતને રહેતા જે ગુજરાત. (૨)*

ખંડવા* પાસે સાંઈખેડામાં પૂ. કેશવાનંદદાદાની ધૂણી. એ જગતમાં ધૂણીવાળાદાદા નામે પ્રખ્યાત હતા. એમના શિષ્ય અવિનાશ બાલયોગી જે **મોટા**ના પ્રથમ ગુરુ. એ બહુ જ વિલક્ષણ હતા. શરીર ઉપરની એવી સ્થિતિમાં હંમેશાં ભાવમસ્ત દિવસ ને રાત એ જીવતા. દાદાએ એને પ્રેરણા આપી—કેશવાનંદદાદાએ કે તું જા. ગુજરાતમાં જા અને ચૂનીલાલ ભગતને અહીં તેડી લાવ. ક્યાં સાંઈખેડા ? ક્યાં નડિયાદ ? એને કેવી રીતે એ પ્રેરણા કેવી રીતે આપી ? ચૂનીલાલ ભગતનું નામ કેવી રીતે ખબર પડી ? આ એક અતિશય ગૂઢ વાત છે.

---

* ખંડવા નહિ પણ ગાડરવાડા (મ.પ્ર.) (સંપાદક)

॥ હરિઃૐ ॥

(લાવણી સાખી)

*અમદાવાદ મુકામે આવ્યા બાલયોગી મહારાજ,*
*એલિસબ્રિજ નીચે તે ઠેર્યા, ધૂણી ધખાવી ત્યાં જ.*

*‘નડિયાદથી ચૂનીલાલને બોલાવો’ મહારાજ કહે*
*નાનુભાઈ નડિયાદ નિવાસી, **મોટા**ને જાવા સૂચવે.*

બાલયોગીજી અમદાવાદ આવ્યા. એલિસબ્રિજ નીચે એણે ધૂણી નાંખી. ત્યાં એની પાસે આવનારા બધા લોકોને કહે ચૂનીલાલને બોલાવો, ચૂનીલાલને બોલાવો. તે નડિયાદથી એક નાનુભાઈ કંથારિયા એ વખતે ત્યાં એમનાં દર્શન માટે ગયા. એણે આ સાંભળ્યું. એણે **મોટા**ને નડિયાદ જઈને વાત કરી કે કોઈક સાધુ આવ્યા છે, તમારું નામ દઈને બોલાવે છે.

***મોટા**ને આશ્ચર્ય થયું, પણ અમદાવાદ જવું કેમ ?*
*નાણાંની સગવડ નહિ જરીયે, જવું જરૂરી લાગે એમ.*

*મિત્ર કનેથી લઈને પૈસા **મોટા** અમદાવાદ ગયા,*
*મળ્યા બાલયોગીજીને જઈ, **મોટા** ખરે જ ધન્ય થયા.*

**મોટા**ને આશ્ચર્ય થયું પણ અમદાવાદ જવું કેમ ? પૈસાની સગવડ નહિ. નાનુભાઈ પાસેથી પૈસા થોડા લઈ ઉછીના અને **મોટા** અમદાવાદ આવ્યા. મિત્ર પાસેથી પૈસા લઈ **મોટા** અમદાવાદ આવ્યા, આવી અને પોતાના જીવનનો રંગ બદલનાર એ મહાન યોગીને—મહાસંતને પહેલી વાર ત્યાં મળ્યા. આ અવસર માણસના જીવનમાં વારંવાર આવતો નથી.

॥ હરિઃૐ ॥

(સિયાનો કાનરો ઢાળ)

*ધન્ય ઘડી જીવનની આવી (૨),*
*લાખો યત્ન કર્યે ના મળતી (૨),*
*વિરલ ઘડી આવી મનભાવી..... ધન્ય.*

જીવનની ધન્ય ઘડી આવી, લાખો પ્રયત્નો કરવા છતાં, જે ક્ષણ મનુષ્યને પ્રાપ્ત થતી નથી, એ ક્ષણ **મોટા**ના જીવનમાં આવી.

*શ્રીહરિ જેની કરતા વરણી (૨),*
*તે જ વરે હરિને મન ભાવી..... ધન્ય.*

ઉપનિષદો કહે છે કે 'whoever chooses the infinate is already chosen by them.' **ભગવાનને જે પસંદ કરે છે, એ પહેલાં ભગવાને એને પસંદ કરી લીધેલો હોય છે.**

*કાપે લાંબો પંથ સરિતા (૨)*
*સાગર નિજમાં લ્યે જ સમાવી..... ધન્ય.*

પહાડમાંથી નીકળેલું નાનકડું ઝરણું ધીમે ધીમે કરતાં કરાળ કાળમીંઢ પથ્થરોને તોડતું તોડતું લાંબા રસ્તાઓના વળાંકોને લેતું લેતું આખરે ધન્ય ક્ષણે એ સાગરમાં સમાય છે.

*સ્વાતિ બિંદુ પડે છીપમાંહે (૨)*
*અમૂલખ મોતી રહે એ બનાવી..... ધન્ય.*

*ભરતી સમયે ભારે વહાણો*
*બાળક પણ શકતું જ ચલાવી*

કોઈ ધન્ય ક્ષણે છીપની અંદર સ્વાતિ નક્ષત્રનું પાણી પડે. એમાંથી મોતી બની જાય છે. જ્યારે દરિયામાં ભરતી આવે ત્યારે

॥ હરિઃૐ ॥

મોટા વહાણને એક નાનકડું બાળક પણ ઠેલો મારે તો તે પાણીની અંદર ચાલ્યું જાય.

*લોહ તપેલું લાલચોળ જો (૨),*
*મનમાન્યો દે ઘાટ ઘડાવી..... ધન્ય.*

લોખંડ જ્યારે તપેલું હોય લાલચોળ ત્યારે એનો મનમાન્યો ઘાટ ઘડી શકાય છે. એવો અવસર અમૂલખ અવસર **મોટા**ના જીવનમાં આવ્યો.

*અવસર મૂલ્ય જગે અતિ ભારે, ઓળખવો નહિ સહજ લગારે,*
*અવસર શ્રીહરિનો જ અણસાર, પ્રકટ પ્રભુનો એ અવતાર.*

*અવસર અવસરરૂપ જણાય, પૂર્ણકૃપા હરિની જો થાય,*
*અવસરનો ઉપયોગ કરાય, જો અવસર અવસર સમજાય.*

અવસરનું મૂલ્ય અતિશય છે. અવસરને ઓળખવો એ સહેલું નથી. અવસર એ જ ભગવાનનો અણસાર છે. અવસર એ જ પ્રભુનો પ્રકટ અવતાર છે. અવસર અવસરરૂપ ત્યારે જ જણાય અવસર છે. એમ ત્યારે જ ઓળખાય કે ભગવાનની આપણા પર પૂરેપૂરી કૃપા થઈ હોય ત્યારે. અવસરનો આપણે ત્યારે જ ઉપયોગ કરી શકીએ કે જો આપણે અવસર એ અવસર છે એવી સમજ પડે તો.

ગુરુજીને મળ્યા અને

(લાવણી સાખી)

*પ્રથમ દિને ખવરાવી દીધી તેર શેર મીઠાઈ,*
*કેમ પછી, ક્યાં ગઈ સમાઈ, તે કેમે ના સમજાય.*

પહેલે દિવસે તેર શેર મીઠાઈ **મોટા**ને ખવડાવી બાલયોગીજીએ. કેવી રીતે પચી ગઈ, એ ક્યાં જઈને સમાઈ ગઈ, કોઈ રીતે સમજાય નહિ.

*હાથી સમ પાણીમાં કૂદે, રાત સમે મહાયોગી,*
*અવશ બની અનુસરતા **મોટા**, શક્ય ન બનતું કો'થી.*

*રજા માગી **મોટા**એ જાવા, ચાર દિવસ પૂરા થાતા,*
*'કલ જાના' કહેતા યોગીજી, **મોટા** પણ રહી જાતા.*

હાથીની જેમ રાત્રે પાણીમાં મસ્તીમાં કૂદે. **મોટા** એની પાછળ ઘસડાય. એને અનુસરવા લાગ્યા. ચાર દિવસ પૂરા થયા. **મોટા**એ રજા માગી કે મારે કામ પર જવું જોઈએ. એણે કહ્યું કે 'કલ જાના' એટલે **મોટા** રોકાઈ ગયા. અને તે દિવસે

*મરચાંની ખીચડી ખવડાવી, મોઢામાંહે લગાડી લાય,*
*દેહાતીત બન્યા વિણ કો'થી કેમે સહ્યું ન જાય.*

મરચાંની ખીચડી ખવડાવી. મોઢામાં લાય લાગી. દેહાતીત બન્યા વિના કોઈ માણસથી આ અનુભવ કરી શકાય નહિ.

બુદ્ધિથી સમજાય કશું ના, છોડી પણ ન શકાય,
ગુરુની લીલા ખરે અલૌકિક, બુદ્ધિ ત્યાં શરમાય.

બુદ્ધિથી સમજી શકાય નહિ અને તોપણ છોડીય શકાય નહિ. ગુરુની લીલા અલૌકિક છે. બુદ્ધિ ત્યાં હારે છે. બુદ્ધિ ત્યાં શરમાઈ જાય છે.

॥ હરિઃૐ ॥

(કાનરાનો ઢાળ)

***મોટા** મનમાં એમ વિમાસે, લાંબું અહીંયાં નહિ રહેવાશે,*
*જો નડિયાદ પધારે સદ્‌ગુરુ, સેવું દિલ દઈને હું પૂરું.*

**મોટા**ના મનમાં વિચાર થયો કે અહીં તો લાંબું રહેવાશે નહિ મારાથી. જો યોગીજી નડિયાદ પધારે તો હું એની પેટ ભરીને સેવા કરું અને **મોટા** પછી પાંચમે દિવસે ગયા.

(ચોપાઈ)

*દાહોદ પાસે મીરાખેડી ગામ, **મોટા** નીકળ્યા જવા તે ઠામ,*
*સ્ટેશન પર નડિયાદના આવ્યા, ટિકિટ દાહોદની **મોટા** લાવ્યા.*

*સ્ટેશન પર બાલયોગીજી દીઠા, **મોટા**ને મન લાગ્યા મીઠા,*
***મોટા** કરતા વિનયથી પ્રણામ, તારી ઈચ્છાથી આવ્યો આ ઠામ.*

દાહોદ જવા માટે **મોટા** નડિયાદ સ્ટેશને આવ્યા. કોઈ એક મિટિંગમાં એને જવાનું હતું. ટિકિટ ખરીદી અને જ્યાં પ્લૅટફૉર્મ પર આવ્યા, ત્યાં **મોટા**એ એક જગાએ બાલયોગીને ઊભેલા દીઠા. એમની પાસે ગયા અને વિનયથી પ્રણામ કર્યા. બાલયોગીજીએ કહ્યું કે તારી ઇચ્છાથી હું અહીંયાં આવ્યો છું. કારણ કે નીકળતી વખતે એ હતું કે જ્યારે નડિયાદ આવે તો હું એની સેવા કરું. તારી ઇચ્છાથી હું અહીંયાં આવ્યો છું. હવે

*જળાશય નજદીક મકાન શોધી લાવ કરું હું મુકામ.*

કોઈ જળાશયની નજીક મોટું મકાન હોય એવું શોધી લાવ. ત્યાં હું આવીને રહીશ.

***મોટા*** *માગણીથી સંકોચાયા, બાલયોગી ગુસ્સામાં આવ્યા.*

**મોટા**ને સંકોચ થયો કે આવું મકાન મને ભિખારીને કોણ આપશે ? અને જેવો એ સંકોચ થયો એટલે બાલયોગીજી એકદમ ગુસ્સે થઈ ગયા.

*બાની પાસે ગુરુજીને છોડી,* ***મોટા*** *શાળા ભણી ગયા દોડી,*
*વહોરવાડમાં કાસમ શેઠ,* ***મોટા****ને ઓળખે સારી પેઠ.*

***મોટા*** *રોજ જ કરતા સલામ, આજે ચૂક્યા તે રોજનું કામ,*
*કાસમ સાહેબે* ***મોટા****ને રોક્યા,* ***મોટા*** *તરત જ મનમાં ચોંક્યા.*

*કાસમ સા'બની માફી માગી, અવિવેકની શરમ જ લાગી,*
***મોટા****એ ગુરુજીની કીધી વાત, જેથી ઉરમાં હતો ઉત્પાત.*

એટલે **મોટા**એ ગભરાઈને પોતાની મા પાસે ગુરુજીને છોડી અને શાળા તરફ **મોટા** દોડી ગયા. એ વખતે રસ્તામાં વહોરવાડની અંદર એક કાસમ શેઠ રહેતા હતા. **મોટા** રોજ ત્યાંથી પસાર થાય ત્યારે એને અસ્સલામો અલયકુમ્ કરે પણ આજ ગભરાટમાં એ સલામ કરવાનું ભૂલી ગયા. ત્યારે કાસમ સાહેબે એને પડકાર્યા કે એઈ ભગત, કેમ આજે એમ ને એમ ચાલ્યો જાય છે ? **મોટા** પાછા આવ્યા. એણે ક્ષમા માગી અને કહ્યું કે મારા ગુરુ આવ્યા છે. એને કોઈ મોટું મકાન જોઈએ છે, જળાશયના કિનારા ઉપર. એ ચિંતામાં ખ્યાલ ન રહ્યો. ત્યારે જુઓ ગુરુની કૃપા !

*કાસમ સાહેબે સાંભળી વાત, દૂર કીધો* ***મોટા****નો સંતાપ.*
કાસમ શેઠે વાત સાંભળીને **મોટા**નો સંતાપ એણે દૂર કરી દીધો.

॥ હરિ:ૐ ॥

*ડભાણ ગામે છે મોટું મકાન, 'હાજીમંજિલ' છે એનું નામ,*
*પાસે છે નાનું રામતળાવ, તારા ગુરુજીને ત્યાં લઈ આવ.*

અરે ! એમાં શું મુઝાય છે. ડભાણમાં એક મકાન છે મારું. 'હાજીમંજિલ' એનું નામ છે અને ત્યાં જળાશય પણ છે. રામતલાવડી છે. જા, તારા ગુરુને તેડી લાવ.

(અનુષ્ટુપ)

***મોટા** પામી ગયા મર્મ, ગુરુજીના આ આદેશનો,*
*ગુરુનો શબ્દ અતર્ક્ય, ન બુદ્ધિના પ્રદેશનો.*

**મોટા**ને સમજાણું કે ગુરુનો શબ્દ છે, એ તર્ક કરવા યોગ્ય નથી. અતર્ક્ય unthinkingly વિચાર વિના એનો અમલ કરો.

*ગુરુનો શબ્દ ના શબ્દ વૈખરી વાણીનો કદા,*
*ચેતનામાંથી ઊઠેલો એ સર્જનાત્મક એ સદા.*

ગુરુનો શબ્દ એ ખાલી વાણી નથી, વૈખરી વાણી નથી. એ ચેતનામાંથી ઊઠેલો પરાવાણીનો એ પ્રભાવ છે.

(લાવણી)

*સદ્ય ગુરુને **મોટા** લાવ્યા, (૨)*
*'હાજીમંજિલ'માં અતિ પ્રેમે સવિનય પધરાવ્યા,*
*ગુરુએ દીક્ષા ત્યાં આપી. (૨)*
*વસંતપંચમીના શુભ દિને બંધન સહુ કાપી.*

ગુરુને **મોટા** ત્યાં 'હાજીમંજિલ'માં લઈ ગયા, વસંતપંચમીના દિવસે ગુરુએ એને દીક્ષા આપી અને કહ્યું,

॥ હરિઃૐ ॥

*ધ્યાન આજ્ઞાચક્રે કરવા, (૨)*
*આજ્ઞા ગુરુએ આપી સત્વર નિર્વિચાર કરવા,*
*ન ફાવ્યું **મોટા**ને તત્કાળ, (૨)*
*પ્રહાર કીધો ભાલ પ્રદેશે છૂટ્યા સરવે ખ્યાલ.*

**મોટા**ને કહ્યું કે આજ્ઞાચક્રમાં ધ્યાન કર. જેથી તારા વિચારો બધા ટળી જાય. **મોટા**ને ફાવ્યું નહિ શરૂઆતમાં. તરત જ **મોટા**ના કપાળ ઉપર આજ્ઞાચક્ર પર એવો સખત પ્રહાર કર્યો અને એ પ્રહાર થતાં જ **મોટા**ના બધા ખ્યાલ છૂટી ગયા.

*રહ્યા આ સ્થિતિમાં ત્રણ દિનરાત (૨)*
*મન વાણી તર્કાતીત દેશે થયા સ્થિર ભલી ભાત.*

ત્રણ દિવસ અને ત્રણ રાત એ સ્થિતિની અંદર નિર્વિચાર સ્થિતિમાં **મોટા** ત્યાં રહ્યા. મન, વાણી અને તર્કથી અતીત એવો આ પ્રદેશ.

રામકૃષ્ણ પરમહંસના જીવનમાં પણ તોતારામજીએ આવો જ પ્રસંગ કહ્યો છે. એને રામકૃષ્ણ કહેતા હતા કે મા મારી આગળથી ખસતી નથી. ગમે એટલું ધ્યાન કરું છું તોયે. ‘દેખી તેરી મા’ એમ કહીને એણે કપાળમાં એક અણીદાર કાચ એણે ભોંક્યો. ત્રણ દિવસ સુધી રામકૃષ્ણ પરમહંસ એ સ્થિતિમાં બેસી રહ્યા.

(લાવણી સાખી)

*કહ્યું પછી શ્રીબાલયોગીએ ‘ગુરુ નથી હું તારો’,*
*પૂજ્ય કેશવાનંદજી તારા ગુરુ, એને નિત્ય ધારો.*

|| હરિઃૐ ||

*એણે પ્રેર્યો અહીં આવીને દીક્ષિત તુજને કરવા,*
*તેથી હું આવ્યો તુજ પાસે, નવજીવન ધરવા.*

*જજે હવે તું ગુરુની પાસે, એ જ ખરું તુજ ધામ,*
*રહી પ્રતિષ્ઠિત નિજના કામે, કરજે કહે જે કામ.*

(કેસેટ નં. ૧ પૂરી)

॥ હરિઃૐ ॥

(કેસેટ નં. ૨ શરૂ)

આમ કર્યા પછી બાલયોગીજીએ **મોટા**ને કહ્યું કે તારો ગુરુ હું નથી. તારો ગુરુ પૂજ્ય કેશવાનંદદાદા છે. એની પ્રેરણાથી હું તને દીક્ષા આપવાને માટે અહીંયાં આવ્યો છું. તને નવજીવન મળ્યું છે. તું હવે ગુરુની પાસે જજે. એ જ તારું ખરું ધામ છે. અને એમાં પ્રતિષ્ઠિત રહી અને તારાં જે કામ કરવાનાં કહે એ તું કરજે.

*એકવાર રહ્યા દોઢ માસ ને અઢી માસ ફરી બીજી વાર,*
*હાજીમંજિલમાં મહાયોગી, **મોટા**ને ઘડવા સુપ્રકાર.*

એકવાર બાલયોગીજી દોઢ મહિનો રહ્યા, બીજી વાર અઢી મહિના રહ્યા 'હાજીમંજિલ'માં. અને જ્યારે આ પૂરું થયું ત્યારે એમણે કહ્યું,

(અનુષ્ટુપ)

*'ચાલ જાત્રા કરાવી દે, માગું હું ગુરુદક્ષિણા'*
*મળે ના દામ કોડીએ, ઉરે એ જ વિટંબણા.*

ગુરુજી બોલ્યા, 'ચાલ, જાત્રા કરાવી દે, ગુરુદક્ષિણા આપ.' પણ પૈસો તો પાસે મળે નહિ એક કોડીએ. મનમાં મુંઝાણા.

*ગુરુ ના કોઈની પાસે માગતા કંઈ કશું કદા,*
***મોટા** કાજે મહાયોગી, માગી સ્વીકારતા તદા.*

*મળ્યું જે કાંઈ તેનાથી, જાત્રા ડાકોરની કરી,*
*ગુરુના પ્રેમને કોણ પિછાણે રે 'હરિહર.'*

॥ હરિઃૐ ॥

એ તો અજાચક હતા. કોઈની પાસે કશું માગતા નહિ. પણ **મોટા**ને માટે એણે ત્યારે માગવાનું શરૂ કર્યું. જે કોઈ આવે એની પાસેથી માગે, જે થોડા પૈસા મળ્યા, એનાથી ડાકોરની જાત્રા કરવાની નક્કી થયું.

(ચોપાઈ)

*માર્ગે યોગી **મોટા**ને કહે, 'મગરમચ્છ જોવા મન ચહે,'*
***મોટા** સમજે ના શબ્દનો મર્મ, આજ્ઞા પાળવી એ જ છે ધર્મ.*

*કાચબો ગોમતીમાં બતાવ્યો, બાલયોગીએ ગુસ્સો જ કાઢ્યો,*
*'મૂર્ખ, મને તું  મૂર્ખ બનાવે ? કાચબાને મગર તું કહાવે ?'*

રસ્તામાં યોગીજી કહેવા લાગ્યા કે મગરમચ્છ બતાવ, મગરમચ્છ બતાવ. **મોટા**ને શબ્દનો અર્થ, મર્મ તો સમજાણો નહિ પણ કંઈક કહેવું, કંઈક જવાબ આપવો. મૂગું ના રહેવું. એટલે કાચબો બતાવ્યો ગોમતીમાં. ત્યારે ગુરુજી બોલ્યા કે મૂર્ખ, તું મને મૂર્ખ બનાવવા માગે છે ? કાચબાને તું મગર કહે છે ? પછી ત્યાંથી થોડે દૂર ગયા.

*થોડે દૂર જતાં એક સ્થાન, ઊંધા સૂતા દીઠા મસ્તાન,*
*કર્યો યોગીએ પાદનો પ્રહાર, ઊઠી પ્રણમે સાધુ તે વાર.*

થોડે દૂર ગયા ત્યારે એક સાધુ લઘરવઘર ઊંધો પડેલો, પેટ ઉપર. બાલયોગીજીએ જઈને પગનો પ્રહાર કર્યો, લાત મારી પગથી. એટલે પેલો બેઠો થયો. પ્રણામ કર્યા સાધુને.

॥ હરિઃૐ ॥

*પૂછ્યું સાધુએ કરીને પ્રણામ, 'હાલ ક્યાં છે આપનો મુકામ ?'*
*'આકાશે છે મારો મુકામ' યોગી બોલ્યા સ્વીકારી પ્રણામ.*

એ મસ્તાનાએ એને પ્રણામ કરીને કહ્યું કે યોગીજી, આપનો આજકાલ મુકામ ક્યાં છે ? યોગીએ જવાબ આપ્યો, આકાશમાં મારો મુકામ છે.

(અનુષ્ટુપ)

*'દીક્ષા મેં આપી છે આને, સાથમાં છે જુવાન જે,*
*આપજે સહાય જો માગે, મારો દૂર મુકામ છે.'*

*બાલયોગીએ આવું કહ્યું એ સાધુને તદા,*
*નાથુરામ* હતું નામ, ભીતરી કેવી સંપદા !*

*બહારથી સાવ કંગાલ, હાલ બેહાલ સાધુ આ,*
*બહારથી જાણવું કાંઈ, જાણવું નહિ સાચું હા !*

*'મગરમચ્છ આ કેવો !' મર્મ શો શબ્દ અર્થમાં !*
*કોણ જાણી શકે પૂરું, બુદ્ધિનો યત્ન વ્યર્થ હા !*

અને પછી કહ્યું કે આ છોકરાને મેં દીક્ષા આપી છે. એને જે સહાય માગે તું આપજે. કારણ કે હું દૂર જવાનો છું. આ સાધુનું નામ હતું નાથુરામ. **મોટા** એને ત્રણ ચાર વાર મળેલા.

બહારથી સાવ લઘરવઘર કંગાળ જેવા. પણ કાંઈ કોઈ વસ્તુને બહારથી જાણી શકાતી નથી, માપી શકાતી નથી. પણ **મોટા**ને થયું કે આ મગરમચ્છ શું ? એ મગરમચ્છ શબ્દનો અર્થ શું ? કોઈ સામાન્ય બુદ્ધિથી એ સમજી શકાય નહિ એવો.

---

* નથ્થુરામ

॥ હરિઃૐ ॥

(લાવણી)

*મગર પાણીમાં રહે ગરકાવ, પ્રાણ પર રાખે અજબ પ્રભાવ !*
*સપાટી પર આવી ક્ષણવાર, સંઘરે પ્રાણ જ રૂડે પ્રકાર,*
*મહાકુંભકમાં રહે બહુ વાર, પ્રાણનો દેહ થતો સંચાર.*

મગર પાણીમાં રહે. પાણીમાં રહે છે, એ કારણે પ્રાણ ઉપર એનો અજબ પ્રભાવ છે એનામાં. સપાટી ઉપર ક્ષણિક વાર આવી અને પ્રાણને સંઘરી પાછો પાણીમાં ચાલ્યો જાય છે મગરમચ્છ અને જાણે કે મહાકુંભકની સ્થિતિમાં એ દીર્ઘકાળ સુધી ત્યાં રહે છે અને પ્રાણ, પ્રાણનો વિજય, પ્રાણ ઉપર અંકુશ મેળવવો એ સાધનાનું અઘરામાં અઘરું અંગ છે. **મોટા**એ પોતાના શબ્દોમાં જે કહ્યું છે, એ જ મેં અહીં નોંધ્યું છે.

*સાધનાનું કપરું આ અંગ, ખેલવો પ્રાણની સામે જંગ.*
*બુભુક્ષા, કામવૃત્તિ ને નિંદ, રાખતાં સાધક સદા સચિંત.*

*બધાં સાધન અહીં ઊણાં પડે, પ્રાણનાં આક્રમણો જ નડે,*
*અહીં જપ, તપ, વ્રત પાછાં પડે, પ્રાણ શમતો ગુરુકૃપા જ વડે.*

**સાધનાનું કપરામાં કપરું અંગ પ્રાણ ઉપર વિજય મેળવવો એ. પ્રાણની સામે જંગ ખેલવો એ બહુ કારમો જંગ છે. ભૂખ, કામવૃત્તિ અને ઊંઘ એ પ્રાણનાં લક્ષણો છે, પ્રાણની ભૂખ છે એ. અને સાધકને હંમેશાં એ ચિંતિત રાખે છે. આ પ્રાણ ઉપર વિજય મેળવવાને માટે બધાં જ સાધનો ઊણાં પડે છે—ઓછાં પડે છે. જ્યારે પ્રાણનાં આક્રમણો નડવાં લાગે ત્યારે જપ, તપ, વ્રત, પ્રાર્થના**

**એ બધું પાછું પડે છે. પ્રાણ શમે છે માત્ર—કેવળ ગુરુની કૃપા—ગુરુની પ્રસન્નતાથી.**

(હરિગીત)

*બેચાર વાર મળ્યા હતા, **મોટા** આ નાથુરામને,*
*કોણ ઓળખી રે શકે, મહા સિદ્ધ પૂરણ કામને ?*

**મોટા** બેચાર વાર આ નાથુરામ સંતને મળ્યા હતા અને ત્યાર પછી **મોટા** પોતાનું જે પરમ ધામ ત્યાં જવાનો એને સમય થયો. બાલયોગીજીને માટે **મોટા**એ જે પ્રાર્થના કરી.

*જેણે મને સરળતા જીવને શું દીધી,*
*ને ઘેલછા મુજ અનેક સહી જ લીધી.*
*લક્ષે લીધું નવ કશું મુજ આડુંતેડું,*
*હું તેમના થકી થયો કંઈ આજ જે છું.*
*જે પ્રેમીએ જીવનમાં શીખવ્યો જ પ્રેમ,*
*તે ઋણ પ્રેમીજનનું શકું વાળી કેમ ?*
*શું પ્રેમનો વળી શકે જગતમાં બદલો કશાથી ?*
*તે પ્રેમ તો જીવનની મુજ આદ્યશક્તિ.*
*કોટિ પ્રણામ તુજને મુજ રાંકના છે,*
*બીજું કશું નથી તને સમર્પવાને.*

અહીંથી **મોટા** પોતાના પરમ ધામ એવા ગુરુ ધૂણીવાળાદાદા પાસે ગયા.

॥ હરિઃૐ ॥

## 'હરિઃૐ' ધૂન—સંકીર્તન

*'હરિઃૐ'... 'હરિઃૐ'... 'હરિઃૐ'... 'હરિઃૐ'...(૫)*

હવે જે પ્રસંગ આવે છે, એ **મોટા**ના જીવનનો સૌથી ઉત્કૃષ્ટ ધન્યતમ પ્રસંગ છે. જે વખતે **મોટા** પોતાના ગુરુ પરમનિધાન એ પૂજ્ય કેશવાનંદદાદાને મળવા જાય છે અને મળે છે. ગુરુની પ્રાપ્તિ એ કોઈ સામાન્ય પ્રસંગ નથી. એક બહુ મોટો પ્રસંગ છે, જેને psycho-biochemical એવો પ્રસંગ અત્યારના વૈજ્ઞાનિકો કહે છે કે જીવનમાં જે આમૂલ પરિવર્તન કરાવે છે. એ કોઈ સામાન્ય મળવાનું નથી. સામાન્ય માણસને કોઈ માણસને મળે એવું. એટલે ગુરુની પ્રાપ્તિ—ગુરુનું મિલન એ એક ધન્યતમ પ્રસંગ છે જીવનનો. એ પ્રસંગ પાસે આપણે આવી પહોંચ્યા છીએ.

(ઢાળ - આવી આવી રે પ્રભુ તારી ચેતના)

***મોટા** ચાલ્યા દાદાજીના દેશમાં (૨)*
*કરવાને જીવન યાહોમ.*
*રટે 'હરિઃૐ' અલખના આદેશથી (૨)*

આ માર્ગમાં જીવનને યાહોમ કરીને હોમી દેવાનું હોય છે. પાછળના બધાં જ બંધનો તોડી નાખવાના હોય છે. **જેમાં sense of security (સલામતીની સભાનતા) જેવું કશું ન રહે એ જાતનો માર્ગ આ છે અને એમાં બધું પોતાનું સાજું રાખીને ગુરુને મેળવી શકાતા નથી. ગુરુ પાસેથી કશું મેળવી શકાતું નથી. પોતાના બીજા પાછળનાં બધાં જ બંધનો તોડી નાખે ત્યારે ગુરુ આપણને મળે છે અને આપણને ફળે છે.**

॥ હરિઃૐ ॥

*છોડી આળપંપાળ કુટુંબની (૨)*
*છોડ્યાં સેવાનાં સહુ કામ*
*થવા પૂર્ણકામ—અલખના આદેશથી (૨)*
***મોટા** ચાલ્યા દાદાજીના દેશમાં. (૨)*

કુટુંબની આળપંપાળ બધી છોડી, એની વ્યવસ્થા થઈ ગઈ અને સેવાનાં જે બધાં કામો હતાં, એ કામોમાંથી એ પરવારી ગયા. એમાં રાજીનામાં આપી દીધાં. એ વખતની એની આર્થિક સ્થિતિ શું હતી, એ તો આપણે જાણીએ છીએ પણ છતાં **મોટા**એ એ બધું યાહોમ કર્યું.

*સાંઈખેડા જે મધ્યપ્રદેશમાં (૨)*
*ધર્મશાળામાં કીધો મુકામ.*
*પતાવીને સ્નાન-અલખના આદેશથી (૨)*

મધ્યપ્રદેશમાં સાંઈખેડા જ્યાં દાદાની ધૂણી હતી, ત્યાં એ પહોંચ્યા. ધર્મશાળામાં ઉતારો કર્યો અને પછી સ્નાન પતાવીને એ ગુરુચરણમાં પહોંચ્યા.

*મૂક્યું માથું શ્રીસદ્‌ગુરુ ચરણમાં (૨)*
*વાત વાણીથી કહી નવ જાય,*
*દિલે શું શું થાય-અલખના આદેશથી (૨)*

જઈને ગુરુચરણમાં માથું મૂક્યું. એ વખતની ક્ષણ, એ વખતે જે **મોટા**નો અનુભવ - મારી જોડે કેટલીક વાર વાત કરી હતી, એ વાણીથી કહી ન જાય એવી છે. શબ્દથી પર એવી એક ક્ષણ

છે, દિલમાં એ વખતે શું શું થતું હતું. બધા લોકો એને કહેતા હતા કે એ, તું ત્યાંથી ખસી જા, નહિ તો તને માથામાં હમણાં મારશે, પણ એ **મોટા** તો ત્યાં જઈને એનાં ચરણમાં પડ્યા.

સાચું જીવન શ્રીસદ્‌ગુરુચરણમાં (૨)
સર્વે દેવો ગુરુમાં સમાય,
ગુરુ હરિરાય-અલખના આદેશથી (૨)

સાચું શરણ જીવનનું એ સદ્‌ગુરુનાં ચરણમાં છે. જેને શ્રીસદ્‌ગુરુ પ્રાપ્ત થાય, ખરેખર એને માટે બધા દેવો એ ગુરુમાં જ સમાઈ જાય છે. કૃષ્ણ પણ ગુરુ, રામ પણ ગુરુ, જે દેવો છે બધા, એ બધા જ શ્રીસદ્‌ગુરુમાં સમાઈ જાય છે. એને પછી બીજા કોઈ દેવની જરૂર પડતી નથી. ગુરુ એ જ એના ઈશ્વર.

*માત, તાત, સખા સાચા સદ્‌ગુરુ (૨)*
*સદ્‌ગુરુ પ્રાણતણાયે પ્રાણ,*
*વીંધે પ્રેમબાણ-અલખના આદેશથી (૨).* ***મોટા*** *ચાલ્યા...*

માતા, પિતા, સખા જે ગણો એ બધું શ્રીસદ્‌ગુરુમાં જ સમાઈ જાય છે. શ્રીસદ્‌ગુરુ એ પ્રાણના પણ પ્રાણ છે. ‘શ્રીસદ્‌ગુરુ’ ગ્રંથમાં **મોટા**એ લખ્યું છે કે શ્રીસદ્‌ગુરુ વિના જીવવું એક ક્ષણ અમારા માટે હરામ છે. જીવી શકાય જ નહિ એવો એ અભિન્ન સંબંધ જોડાઈ જાય છે અને એ પ્રેમના બાણથી—શબ્દના બાણથી એ વીંધી નાખે છે.

॥ હરિઃૐ ॥

(ચોપાઈ)

*શિલા ઉપર દાદાનું આસન, ધોમધખતું રવિનું શાસન,*
*સામે જલતી અહોનિશ ધૂણી, નગ્ન કાય તપંત સલૂણી.*

*આકડાની માળા ધારે દેહ, દેહધારી છતાંયે વિદેહ,*
*દેહધારી છતાંય દેહાતીત, થાયે ચેતન માત્ર પ્રતીત.*

આ દાદાનું દર્શન ! એક શિલા ઉપર એ બેસતા. એ એનું આસન. ઉપર ધોમધખતો સૂરજ તપતો હોય. સામે બે અઢી મણ લાકડાંની ધૂણી અહોનિશ દિવસરાત જલતી હોય. કાયા નગ્ન અને આ રીતે તપતા રહે અને એમાં પણ અતિશય ગરમ એવી આકડાની માળાઓ શરીર ઉપર. દેહધારી દેખાવા છતાં એ બિલકુલ વિદેહ. દેહથી અતીત અને માત્ર જે કંઈ વ્યક્ત થાય, ત્યાં જે કંઈ હતું, એ માત્ર ચેતન પ્રતીત થતું હતું.

*દાદા અંતરયામી છે પૂરા, કરે દંભના ચૂરેચૂરા,*
*દાદા સ્વચ્છ અરીસા જેવા, ભાળો જાતને જેવા હો તેવા.*

દાદાનું અંતર્યામીત્વ અતિશય સમર્થ. એની પાસે જઈએ એટલે આપણા તમામ પ્રકારના દંભના ચૂરેચૂરા થઈ જાય. આપણે જેવા હોઈએ એવા ત્યાં દેખાઈએ. **સામાન્ય રીતે માણસ પોતાની એક ઊભી કરેલી ઈમેજ (પ્રતિભા) એને ટકાવવાનો પ્રયત્ન કરતો હોય છે. આવા શ્રીસદ્‌ગુરુ પાસે એવી આપણી બનાવેલી ઈમેજ (પ્રતિભા) ટકી શકતી નથી.** અંદરનું જે હોય, ત્યાં પ્રકટ થઈ જાય છે. સ્વચ્છ અરીસા જેવા દાદા કે જેમાં તમે જાઓ એટલે તમે તમારી જાતને જુઓ.

॥ હરિઃૐ ॥

*તુમ હો પ્યારે ..... એક સાફ અચ્છા આયના (૨)*
*જિસ મેં જો કુછ દેખતાં હું ઔર નહીં ખુદ મૈં હું મૈં. (૨)*

શ્રીસદ્‌ગુરુ એક સાફ અરીસા જેવા હોય છે, ત્યાં જઈને આપણે જે કંઈ જોઈએ છીએ એનામાં, એ આપણું પોતાનું જ પ્રતિબિંબ હોય છે. આપણને લાગે કે આવી રીતે કેમ બોલ્યા, આમ કેમ બોલ્યા.

*ખોફ તેરા યા ખુશી હો. ..... ગમ હો યા હસી (૨)*
*યે હૈ ખુદ તસવીર અપની, તેરા ક્યા ખુદ મૈં હું મૈં (૨)*

એની પાસે જાવ અને એ ગુસ્સે દેખાય તો એ ગુસ્સો એનો નથી હોતો. આપણામાં કંઈક એવું અવળું હોય છે, એનો પ્રત્યાઘાત હોય છે. એ જો હસી પડે તો સમજવું કે આપણે એ વસ્તુ આપણા હૃદયની સરળતા છે. એ કોઈક વખત રડી પડે તો કોઈ આપણા પર આગામી આવનારી કોઈ આફત, કોઈ આપણા પર ઝઝૂમી રહેલો... એને લઈને એ દ્રવી જાય છે.

શ્રીઉપાસનીબાબાને એવું ઘણીવાર બનતું કે એક બહેન એમને મળવા આવ્યાં. એકવાર અને એકદમ પોકેપોકે રડવા લાગ્યા. ત્યારે કારણ પૂછતાં ખબર પડી કે બીજા દિવસે એ બહેન વિધવા થવાની હતી એટલે. તો જે ગુરુ પાસે જઈએ ત્યારે ગુરુ જે કાંઈ બોલે છે, કરે છે, જે કાંઈ કરે છે એ માત્ર આપણું, આસપાસ એકઠા થયેલા એ બધાંનાં હૃદયનું, એમના અંદરના જીવનનું, આંતરિક પોતનું એ પ્રતિબિંબ માત્ર હોય છે.

॥ હરિઃૐ ॥

*દાદા ક્યારેક વાણી ઉચ્ચારે, સુણી કાનના કીડા ખરે,*
*યદ્વા તદ્વા અસંગત વાણી, **મોટા**ને ન પૂરી સમજાણી,*
*કદી ઘૃણા અતિ મન થાયે, નાસી જાવાને દિલ પ્રેરાયે.*

દાદા બિલકુલ અસંગત વાણી કોઈ કોઈ વાર બોલતા અને જેમ તેમ યદ્વાતદ્વા બીભત્સ ભૂંડા શબ્દો પણ એ બોલતા. **મોટા**ને આ વાત ન સમજાણી. એ ગાંધી આશ્રમમાંથી ગયેલા, ગાંધીવાદી અને આવી ખરાબ વાણી એને સમજાણી નહિ. કોઈ કોઈ વાર એને એવી ઘૃણા થતી કે હું અહીંથી નાસી જઉં.

*બાલયોગીનો આવે વિચાર, જેના સામર્થ્યનો નહિ પાર,*
*દાદાજી તો એનાય ગુરુ, સમજાય રહસ્ય ના પૂરું.*

એ વખતે એને બાલયોગીજી યાદ આવે અને બાલયોગીજીનું જે અપ્રતિમ સામર્થ્ય એનો ખ્યાલ આવે અને ખ્યાલ આવે કે એ મારા બાલયોગી એમના આ ગુરુ છે તો એનામાં વિશેષ સામર્થ્ય હશે ત્યારે એનું રહસ્ય શું છે, એ તાત્કાલિક એને પૂરેપૂરું **મોટા**ને સમજાણું નહિ.

(અનુષ્ટુપ)

***મોટા**ના મનને વાંચી દાદા બોલી ઊઠે તદા,*
*'વાંચી લે મુખના ભાવો, લોકોના આસપાસના.*

*જઈને પૂછ એ સૌને, વાણી શા કાજ નીકળી,*
*રહસ્ય પામતાં પૂરું, શંકાઓ સૌ જશે ટળી.'*

**મોટા**ના મનનો વિચાર દાદાજી કળી ગયા. સમજી ગયા અને બોલ્યા કે હું જ્યારે કાંઈ બોલું છું ત્યારે અહીં બેઠેલા બધા લોકોના મુખના ભાવો જોઈ લે પહેલાં અને પછી એમને જઈને પૂછ કે જે વાણી મારા મોઢામાંથી નીકળી એ શા માટે નીકળી હતી. એટલે તને એનું રહસ્ય સમજાઈ જશે. શંકાઓ બધી દૂર થઈ જશે.

*__મોટા__એ તો એ રીતે ત્યારે, પૂરી તપાસ આદરી,*
*રહસ્ય પામતાં પૂરું, ગુરુબુદ્ધિ સમાદરી.*

**મોટા**એ એ રીતે તપાસ કરી અને જ્યારે એને સમજાણું કે જે કાંઈ શબ્દો નીકળ્યા હતા, એ ત્યાં આસપાસ બેઠેલા કોઈ ને કોઈના મનની અંદર અંદરની જે ભીતરની ગંદકી હતી, એ ગંદકીના માટે, એના પ્રત્યાઘાતરૂપે દાદા બોલતા હતા.

*લોકોના મનની ઊંડી ગંદકી જે છુપાયેલી,*
*દાદાની વાણીમાં પૂરી, છતી થાતી ખરે બધી.*

લોકોના મનમાં જે કાંઈ ગંદકી હોય એ દાદાની વાણીમાંથી નીકળતી. ઉપાસનીબાબા અનેક વાર કહેતા કે અમારું કામ તો ભંગીનું છે. scavangerનું. અમે લોકોની ગંદકીને ઉઠાવીએ છીએ અને સાફ કરીએ છીએ.

*અંતર્યામીત્વ, સામર્થ્ય, દાદાનાં કલ્પનાતીત,*
*ગજું ના બુદ્ધિનું કાંઈ, દાદા પૂર્ણ ગુણાતીત.*

એનું અંતર્યામીત્વ અદ્‌ભુત. ભાગ્યે જ ક્યાંક જોવા મળે

એવું. એનું સામર્થ્ય અદ્ભુત, કલ્પનાથી પર, કોઈ સામાન્ય બુદ્ધિનું એ ગજું નથી કે શી રીતે ? નહિ તો ક્યાં મધ્યપ્રદેશ અને ક્યાં **મોટા** નડિયાદમાં. ક્યાંથી એના શિષ્યને એણે કહ્યું કે જા, નડિયાદથી ચૂનિયાને બોલાવ. એ શી રીતે બન્યું હશે ? બુદ્ધિનું કામ નથી.

*દાદાની સર્વવ્યાપકતા, કલ્પનાતીત શી હતી !*
*દૂરની ગૂઢ વાતોને, કરી દેતા ખરે છતી.*

એની સર્વવ્યાપકતા પણ એવી. અને દૂર દૂરની વાતો, ગૂઢ વાતોને એ અહીં જોતજોતામાં બોલતાં બોલતાંમાં એ છતી કરી દેતા હતા.

(ચોપાઈ)

*આવ્યા એકદા રાજકુમાર, **મોટા** બેઠા હતા તે વાર,*
*સોના-ચાંદી ભરેલો થાળ, દાદા સામે ધર્યો તત્કાળ.*
*દાદાએ ઠેલ્યો ઠોકર મારી, દાદાની રીત સાવ ન્યારી !*
*બુદ્ધિથી ના કો'ને સમજાય, વાણીથી તો કહ્યું નવ જાય,*
***મોટા**એ જોયું એકવાર, દાદા કેવા હતા નિર્વિકાર.*

એક રાજકુમાર આવ્યા ઈંદોરના. સોનારૂપાનો થાળ ભરેલો ચાંદીથી, એ દાદા સામે ધર્યો. દાદાએ એક પગથી ઠોકર મારી અને એ ઉડાડી દીધો. દાદાની રીત જગતથી સાવ ન્યારી. બુદ્ધિથી ન સમજાય. વાણીથી એ સમજાવી શકાય નહિ.

॥ હરિઃૐ ॥

(લાવણી સાખી)

*મર્મ લહ્યો **મોટા**એ ઊંડો, (૨) લીલા નિહાળી દાદાની.*
***ધન, પદ, સ્ત્રીથી ના લોભાયે, એ જ ખરો મહાજ્ઞાની.***

એક વખત **મોટા**એ જોયું કે દાદા કેટલા નિર્વિકાર છે. **મોટા** એનો મર્મ સમજી ગયા ઊંડો, દાદાની લીલામાંથી અને સમજાયું કે જે **પુરુષ ધન, પદ-સ્થાન અને સ્ત્રીથી જે લોભાતો નથી એ જ ખરો જ્ઞાની સંત છે.** આ શબ્દો **મોટા**ના છે.

(હરિગીત)

*વેદજ્ઞ પંડિત એક દાદા પાસ નિત્યે આવતા,*
*સમજાવતા જે અર્થ, દાદા સહજમાં સમજાવતા.*

*એકવાર દાદા શ્લોકો પર શ્લોકો મંડ્યા લલકારવા,*
*પંડિતજી થોડી ક્ષણોમાં નજર પડતા આવતા.*

એક વેદજ્ઞ પંડિત દાદા પાસે કોઈ કોઈ વાર આવતા. વેદના જે અર્થ ન સમજાય, દાદા એને સરળતાથી સમજાવી દેતા. એક-વાર એ પંડિતજી હજી આવ્યા નો'તા. **મોટા** બેઠા'તા. અને દાદા એક પછી એક શ્લોક ઉપર શ્લોક લલકારવા લાગ્યા. થોડીક ક્ષણોમાં પંડિતજી આવી પહોંચ્યા અને

*દાદા કને આવી અને પંડિતજી શ્લોકો ભણે,*
*ક્રમશઃ હતા શ્લોકો બધા દાદા અહીં જે ગણગણે.*

અને એ જ્યારે આવીને બેઠા, દાદા પાસે અને શ્લોકો

બોલવા લાગ્યા ત્યારે દાદા થોડીવાર પહેલાં જે બોલતા હતા, એ ક્રમવાર એ જ શ્લોકો બધા પંડિતજી બોલ્યા.

*દાદા હરિ લ્યે રોગ, યોગ્ય નિમિત્ત સાચું મળી જતાં,*
*દાદાતણા સામર્થ્યને, નહિ શક્ય કહેવું શબ્દમાં.*

દાદા યોગ્ય નિમિત્ત મળી જાય તો એના રોગો હરિ લેતા, એક મિત્ર ભગવતીપ્રસાદ કે એવું નામ હતું. આપણે **મોટા**ના, એનો રોગ હરિ લીધેલો હતો. દાદાના આ સામર્થ્યને શબ્દથી વર્ણવી શકવું, સમજાવી શકવું એ શક્ય નથી.

(ચોપાઈ)

*થયા દિવસ હવે દસબાર, **મોટા** આવ્યાને આ ઠામ,*
*ફેંક્યું દાદાએ શ્રીફળ એક, ચોંટ્યું ભાલે **મોટા**ને છેક,*
*ભાલે ઢીમણું મોટું થયું, દિલ પ્રેમથી પીગળી ગયું.*

**મોટા**ને અહીંયાં આવ્યાને હવે દસબાર દિવસ થયા. એક દિવસ **મોટા** દાદા પાસે બેઠા હતા અને એક નારિયેળ ઉપાડીને કપાળમાં જોરથી ફેંક્યું. મોટું ઢીમણું થયું. પણ **મોટા** કહેતા હતા કે એ જ્યારે વાગ્યું ત્યારે મને દાદા માટે અપાર પ્રેમ દિલમાં પ્રકટી રહ્યો હતો. ત્યાંથી ખસી જવાની ઈચ્છા નો'તી થતી.

*દાદા **મોટા**ને પ્રેમથી કહે 'હવે જા તું અહીંથી ગૃહે,*
*પ્રેમે પ્રાર્થના કરતો રહેજે, કામ કરતો હતો તે કરજે.*

*દેશસેવાનું ગાંડું ઝનૂન, એના સરવાળામાં છે શૂન્ય,*
*પ્રભુપ્રીત્યર્થે પ્રભુને કાજ, તારે કરવાનાં છે કામકાજ.'*

ત્યારે તે જ વખતે દાદાએ **મોટા**ને કહ્યું પ્રેમથી કે હવે તું તારે ઘેર જઈ શકે છે. પ્રેમથી પ્રાર્થના કરતો રહેજે. જે કંઈ કામ કરે છે, એ જ કરતો રહેજે. પણ એક જે ગાંડું ઝનૂન છે, દેશસેવાનું એ તો સરવાળામાં શૂન્ય છે. એ તું છોડી દેજે. **પ્રભુપ્રીત્યર્થે કામ કરતો રહેજે. જે કંઈ કામ તારી પાસે છે એ,** કારણ કે સેવા એવી સહેલી વસ્તુ નથી.

*સેવાનો તેને અધિકાર, રાગદ્વેષને પેલે જે પાર,*
*અનઅધિકારે કરતો જે સેવા, પરિણામે તે થાય કુસેવા.*

**સેવાનો તો તેને અધિકાર છે કે જે રાગદ્વેષથી પેલે પાર ચાલ્યો ગયો હોય. અનઅધિકારે જે કોઈ સેવા કરવા જાય છે, એ સેવા નથી કરતો પણ કુસેવા કરે છે.**

*સેવા ધંધો નથી છે એ ધર્મ, સેવા-ધંધાથી વધતો અધર્મ,*
*અહિંસા રે નથી જડનીતિ, તેથી તો વધશે જ અનીતિ.*

*અહિંસા છે હૃદયનો ધર્મ, કોણ પામી શકે એનો મર્મ ?*
***પ્રભુ ભણી થવું અભિમુખ, એ જ ધર્મ જીવનનો પ્રમુખ.***

સેવા એ કોઈ ધંધો નથી. એ તો ધર્મ છે. હૃદયમાંથી ઊગેલો. જે સેવાને ધંધાની રીતે કરે છે, એ તો અધર્મ ફેલાવે છે. અહિંસા એ કોઈ જડ નીતિ નથી. એ તો એવી રીતે અહિંસા પાળવાથી જ અનીતિ વધે છે. અહિંસા હૃદયનો ધર્મ છે. એનો મર્મ કોઈક જ પામી શકે છે. **ખરું ધ્યેય તો એ છે કે જીવનને પ્રભુ ભણી અભિમુખ કરવું અને એ જ જીવનનો પ્રમુખ ધર્મ છે,** કારણ કે

॥ હરિઃૐ ॥

જગતઈતિહાસ જોઈએ, માનવઈતિહાસ તો સમાજને સંતોએ જેટલો આગળ લીધો છે, એટલો કોઈ રાજપુરુષોએ, કોઈ રાજાઓએ લીધો નથી.

(સવૈયા)

*સંતોનાં જીવનને ન્યાળો, પ્રભુના પ્રેમમાંહી ઉન્મત્ત,*
*પ્રભાવ જીવનનો પ્રસરીને, સમાજને કરતો ઉન્નત.*

*મીરાં, નરસિંહ, જ્ઞાનદેવ ને તુકારામ, ગૌરાંગ, કબીર,*
*નાનક, તુલસીદાસ આદિ સૌ, સમાજની પલટે તાસીર.*

સંતોનાં જીવનને જુઓ, પ્રભુના પ્રેમમાં ઉન્મત્ત એવા એ લોકો. એમના જીવનનો પ્રભાવ પ્રસરીને સમાજને ઉન્નત કરે છે. મીરાં, નરસિંહ, જ્ઞાનદેવ, તુકારામ, ગૌરાંગ, કબીર, નાનક, તુલસીદાસ વગેરેએ સમાજમાં જે અસર કરી છે, સમાજને જે રીતે આગળ લીધો છે, એ વસ્તુ બીજા કોઈ કરી શક્યા નથી.

*પ્રભુની સેવામાં જ રહ્યો છે, સમાજનો સાચો ઉત્કર્ષ,*
*માનવ સાચો (ર) પલટાયે તો, સમાજનો ટળતો સંઘર્ષ.*

પ્રભુની સેવામાં જ સમાજનો સાચો ઉત્કર્ષ રહેલો છે. માણસ જો સાચેસાચો પલટાય પ્રભુની કૃપાથી તો સમાજમાં જે સંઘર્ષો છે, તે ટળી જાય.

(સવૈયા)

***મોટા** ફરી નડિયાદ જઈને, કરવા લાગ્યા નિજનું કામ,*
*પલટાયું જીવન ભીતરનું, એ જ કામ, પણ વધતી હામ.*

॥ હરિઃૐ ॥

*ખબર આપી **મોટા**ને કોઈએ, ખેતર વચ્ચે સાધુ એક,*
*સાવ દિગંબર વેશમહીં એ, પડી રહ્યા છે ભૂખ્યા છેક.*

**મોટા** ફરી નડિયાદ ગયા. જે કામ કરતા હતા, એ કરવા લાગ્યા. પણ અંદરથી જીવન પલટાવા લાગ્યું. કામ એ જ પણ હામ એકદમ વધવા લાગી. એક વખત કોઈએ ખબર આપી કે પાછલા ખેતરમાં એક સાધુ આવીને પડ્યા છે. સાવ દિગંબર વેશમાં છે અને ભૂખ્યા હોય એમ દેખાય છે.

*'કાં તો પાગલ, કાં તો અવધૂત જ નગ્ન દશામાં રહી શકે,*
*એમ વિચારી **મોટા** તુરત જ મળવાની તકને ઝડપે.*

*જઈ ઘેર ને સ્નાન કરી, સ્વચ્છ વસ્ત્ર ધારણ કરીને,*
*બશેર દૂધ લઈ લોટામાં, પ્રણમી દૂધ ધર્યું જઈને.'*

**મોટા**ને થયું કે નગ્ન અવસ્થામાં કાં તો ગાંડો માણસ રહી શકે અને કાં કોઈ અવધૂત જ રહી શકે. એમ વિચારી એકદમ ઘેરે ગયા અને મળવાની તકને ઝડપવાની ઇચ્છા કરી. ઘેર ગયા, સ્નાન કરી સ્વચ્છ વસ્ત્ર પહેરી, બે શેર જેટલું દૂધ લોટામાં લઈ અને ગયા સાધુની પાસે. પ્રણામ કરી દૂધ ધર્યું.

*સાધુએ તો દૂધ પી લઈને પડી રહ્યા મૂગા પાછા,*
***મોટા** સમજ્યા 'પાકા અવધૂત', નથી સામાન્ય જ બાવા આ.*

*સાંજ પડ્યે બાબા બોલ્યા, 'તું મુસલમાનને ઘેર લઈ જા,*
*હકીમ યુનાનીના ઘરની મેડી પર **મોટા** લાવ્યા.'*

સાધુએ દૂધ પી લીધું ને પાછા મૂગા મૂગા પડ્યા રહ્યા. **મોટા** મનમાં સમજ્યા કે કોઈ પાક્કા અવધૂત છે. સામાન્ય બાવો નથી. સાંજ પડ્યે બાબા બોલ્યા કે તું કોઈ મુસલમાનના ઘેર મને લઈ જા. એક યુનાની હકીમ હતા. એમના ઘરની મેડી ઉપર એને **મોટા** લાવ્યા. પણ લાવતા પહેલાં,

(લાવણી-સાખી)

*પહેરાવી કંતાન કેડ પર, બંધ ગાડીમાં* લઈ આવ્યા,*
*હકીમની મેડી પર પ્રેમે, લઈ જઈને પધરાવ્યા. (૨)*

*હૃષ્ટ, પુષ્ટ કાયા ભારે પણ, સ્ફૂર્તિ હતી વીજળી જેવી, (૨)*
*ચડી ગયા ઝટપટ મેડીએ, અલૌકિક લક્ષણ કેવાં !*

(કેસેટ નં. ૨- A પૂરી - B ચાલુ)

**મોટા**એ એને કંતાન પહેરાવ્યું. બંધ ગાડીમાં એને એ હકીમની મેડી પર લઈ ગયા. હૃષ્ટપુષ્ટ કાયા ભારે પણ સ્ફૂર્તિ વીજળીના જેવી. એકદમ મેડી ઉપર એ ચડી ગયા. અલૌકિક લક્ષણો એનામાં દેખાયાં.

*પાંચ દિવસ અહીં રહ્યા સાધુજી, **મોટા** ખવરાવે તે ખાય,*
*હાજત પર શો કાબૂ અનુપમ, જે કંઈ ખાય બધું જ સમાય.*

*હકીમની વાતોથી જાણ્યું, ઉપાસનીબાબા વિખ્યાત,*
*સાકોરીના સંત હતા આ, **મોટા** ધન્ય ગણે નિજ જાત.*

પાંચ દિવસ એ સાધુ રહ્યા. શરૂઆતમાં એના માટે હાજત માટે કૂંડાઓ મૂકેલાં તોપણ ગમે ત્યાં કરતા હતા. પછી જેટલું

* ઘોડાગાડીમાં

ખાધુંપીધું એ બધું જ અંદર સમાઈ ગયું. હાજત ઉપર અનુપમ કાબૂ આ સાધુમાં **મોટા**એ જોયો. પછી **મોટા** તો એની સાથે બોલતા જ નો'તા. એ એમની સાથે વાતેય નો'તા કરતા પણ હકીમની વાત પરથી જાણ્યું કે આ ઉપાસનીબાબા સાકોરી*ના સંત હતા.

(ચોપાઈ)

*ફરી બંધ ગાડીમાં લીધા, ઉત્તરસંડા માર્ગે મૂકી દીધા,*
*બાબા કહે **મોટા**ને ત્યારે, 'ચાલ સાથે તું આજ અત્યારે'.*

***મોટા** હાથ જોડીને કહે, 'કર્મ નિયતને ધર્મ જ લહે !'*
*બાબા કહે 'આવજે સાકોરી,' **મોટા** બોલ્યા ત્યારે કર જોડી.*

*'આપ વિના રહી ન શકાય, એવો ભાવ દિલે ઊભરાય,*
*નાણાંની સગવડ થઈ જાય, માત્ર ત્યારે સાકોરી અવાય.'*

જ્યારે એક દિવસ **મોટા**ને લાગ્યું કે સાધુ હવે જાય ત્યારે બંધ ગાડી પાછા લાવ્યા અને એમાં લઈ જઈને ઉત્તરસંડાના માર્ગે એને ઉતારી પાડ્યા. બાબાએ **મોટા**ને કહ્યું કે ચાલ મારી સાથે અત્યારે. **મોટા** હાથ જોડીને કહેવા લાગ્યા કે જે નિયત કર્મ છે, એ જ મારે માટે ધર્મ છે. એ હું એમ ને એમ આવી ન શકું, છોડી ન શકું. બાબા કહે તું સાકોરી આવજે. ત્યારે **મોટા** પાછા હાથ જોડીને બોલ્યા કે હું આવીશ પણ જ્યારે હું આપ વિના રહી ન શકું, એવું મને ખેંચાણ થાય અને એવો દિલમાં ભાવ ઊભરાશે

---

* આ ગામ શિરડી (જિ. અહમદનગર, મહારાષ્ટ્ર)ની નજીક છે.

અને એ જ વખતે ત્યાં આવવાની નાણાંની સગવડ થઈ જશે, ત્યારે જ માત્ર હું સાકોરી આવી શકીશ.

(દોહરો)

*બાબા નિજ પંથે પડ્યા, **મોટા** નિજને કર્મ,*
*ફરી પાછા લાગી ગયા, ગણીને એ જ સ્વધર્મ.*

બાબા પોતાને રસ્તે પડ્યા. **મોટા** પાછા પોતાના નિયત કર્મમાં લાગી ગયા, એને સ્વધર્મ ગણીને.

(સવૈયા)

*બારડોલી સત્યાગ્રહકેરાં વાગ્યાં ચોગરદમ પડઘમ,*
*પ્રાણ પ્રજાના તાલેતાલે નાચી ઊઠ્યા સત્વર થનગન.*

બારડોલી સત્યાગ્રહનો વખત આવ્યો અને પ્રજાના પ્રાણ એ વખતે તાલેતાલે નાચવા લાગ્યા.

***મોટા**એ પણ નોંધાવ્યું'તું સત્યાગ્રહ કરવા નિજ નામ,*
*સંજોગો ઉપજાવે 'બાબા' **મોટા**ને કરવા ઠરીઠામ.*

**મોટા**એ પણ એમાં પોતાનું નામ નોંધાવ્યું હતું. સત્યાગ્રહ કરવાને માટે એક બાજુ બારડોલી જવાને માટે એમણે નામ નોંધાવેલું હતું. ત્યારે બીજી બાજુ ઉપાસનીબાબાએ એવા સંજોગો ઊભા કર્યા કે **મોટા**ને ત્યાં જવાને માટે તલપાપડ ઇચ્છા થઈ.

*યાદ તીવ્ર આવી બાબાની, દિલ સાકોરી જાવા થાય,*

એકદમ તીવ્ર યાદ બાબાની આવવા લાગી. સાકોરી જવાનું મન થયું.

*રકમ મળી રૂપિયા પિસ્તાળીસ, રેલ ભાડું પણ મળી ગયું.*
*'વૈષ્ણવ નથી થયો તું' ગાતાં ભજન રોજ **મોટા** નીકળે,*
*ભજન સાંભળી વૈષ્ણવ બહુ **મોટા** પર ક્રોધે પ્રજળે.*
*એ જ વૈષ્ણવે બોલાવીને, ભેટ આપી **મોટા**ને આજ,*
*રકમ હતી પિસ્તાળીસ રૂપિયા, સરી ગયું **મોટા**નું કાજ.'*

બાબાની તીવ્ર યાદ આવી. સાકોરી જવાનું દિલ થયું. એ જ વખતે પિસ્તાળીસ રૂપિયા એવી રકમ મળી ગઈ અને સ્ટેશને જઈ તપાસ કરતાં ખબર પડી કે આટલા પૈસાથી સાકોરી જઈને આવી શકાય. આ પૈસા એવી રીતે મળેલા કે રોજ **મોટા** *'વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે'* એ ભજન ગાતાં ગાતાં જતા. એક વૈષ્ણવ એ સાંભળતા અને ખૂબ **મોટા** પર ગુસ્સે થતા કે આ મને સંભળાવવા ગાય છે. ત્યારે એક વખતે એવું બન્યું કે એણે બોલાવીને એક ભેટ આપી. **મોટા**એ તો મને એમ કહ્યું હતું કે એની મા ગુજરી ગઈ હતી અને એની પાસે એની થેલી રહી ગઈ હતી. એ થેલીમાં પિસ્તાળીસ રૂપિયા હતા. એ એણે **મોટા**ને આપી દીધા.

(ચોપાઈ)

*__મોટા__ પહોંચ્યા સાકોરી ગામ, બાબાનો પિંજરામાં મુકામ,*
*બાબાએ બેસવાનું કહ્યું, **મોટા**એ પ્રણમી તેમ કર્યું.*

(સવૈયા)

*બેઠા તે બેઠા **મોટા**, આમથી તેમ ચસી ન શકાય,*
*શરીરમાં પીડા નવ જરીયે, પગ નવ અકડાયા જ જરાય.*

॥ હરિ:ૐ ॥

*મળ ને મૂત્ર વિસર્જન થાતાં, આસપાસ જાતું પથરાઈ,*
*લોકો ભાંડે **મોટા**ને બહુ 'બાબાની કરતો હરિફાઈ.'*

**મોટા** સાકોરી પહોંચ્યા. બાબા એ વખતે એક પિંજરામાં બેસી રહેતા. બાબાને પ્રણામ કર્યા. બાબાએ કહ્યું કે બેસ. **મોટા** પ્રણામ કરીને બેઠા. બેઠા તે બેઠા. આમથી તેમ પછી ચસી શક્યા નહિ. શરીરમાં પીડા ન થાય. પગ અકડાય નહિ. પણ ત્યાંથી ખસી ન શક્યા. મળ અને મૂત્ર વિસર્જન માટે શરૂઆતમાં તો મુશ્કેલી હતી પણ ત્યાં ને ત્યાં પછી થવા લાગ્યા. આસપાસ બધી પથારી થઈ ગઈ. લોકો **મોટા**ને ગાળો આપવા લાગ્યા. કોઈ પથરા પણ ફેંકતા કે આ તો બાબાની હરિફાઈ કરવા બેઠો છે.

***મોટા** મસ્ત સમાધિ ભાવમાં, અડે નહિ મનમાંય કશું,*
*બાબા જોયા કરે દૂરથી, રાખીને મુખ હસુ હસુ.*

*પાંચ દિવસ ને પાંચ રાત, વીતી ચૂક્યા આ દશામહીં,*
*ગરમ પાણી મંગાવે બાબા, પાયું **મોટા**ને બહુ કરી.*

**મોટા** તો એ વખતે મસ્ત ભાવમાં રહ્યા કરતા હતા. જે કંઈ બને કશું એને અડતું નથી. બાબા પણ પિંજરામાંથી બેઠાંબેઠાં બધું જોયા કરે, હસતું મુખ રાખીને. પાંચ દિવસ, પાંચ રાત આ રીતે વીતી, ત્યારે એક દિવસ બાબાએ ગરમ પાણી મંગાવ્યું અને **મોટા**ને પાયું.

*મળ ને મૂત્ર નીકળવા લાગ્યાં, પૂરો દેહ થયો નિર્મળ,*
*વીત્યા દસ દિવસ ને આપ્યો, (૨) સૂકો રોટલો, થોડું જળ.*

મળ અને મૂત્ર ફરી નીકળવા લાગ્યાં, દેહ પૂરેપૂરો નિર્મળ થઈ ગયો. દસ દિવસ આ રીતે વીત્યા ત્યારે સૂકો રોટલો ને થોડું જળ **મોટા**ને ખાવા આપ્યું.

*સહેજે ઊઠી શકાયું પછીથી, **મોટા** સત્વર ઊભા થયા,*
*પાણી લાવી સાફ પૂરું સ્થાનને કરવામાં લાગી ગયા.*

*નાહ્યા, ધોયા, ગુલાબજળથી સ્થાન સુગંધિત કીધું,*
*પ્રણમ્યા બાબાને પછી **મોટા**, ચરણે માથું મૂકી દીધું.*

દસ દિવસ વીત્યા પછી સૂકો રોટલો ને જળ આપ્યું. પછી **મોટા** સહેજે ઊઠી શક્યા. એટલે ઊભા થયા. પાણી લાવી બધું સાફ કર્યું. એ સ્થાનને સાફ કરી પોતે નાહ્યા, ધોયા, ગુલાબજળથી એ સ્થાન સુગંધિત કર્યું અને પછી બાબાને જઈને પ્રણામ કર્યા. ચરણમાં માથું મૂક્યું ત્યારે બાબા બોલ્યા—

*‘રહેશે કાયમ સ્થિતિ આ તારી’, બાબા સત્વર બોલી ઊઠ્યા,*
***મોટા** ખરે બની ગયા ‘મોટા’, બાબા પૂર્ણપણે ત્રૂઠ્યા.*

જે સ્થિતિ તેં આ અગિયાર દિવસ અનુભવી, એ સ્થિતિ તારી હવે કાયમ રહેશે. **મોટા** ખરેખર ત્યાં ‘મોટા’ બન્યા. ધન્ય બન્યા. બાબા એના પર પૂરેપૂરા ખુશ થયા.

**‘હરિઃૐ’ ધૂન—સંકીર્તન**

*‘હરિઃૐ’... ‘હરિઃૐ’... ‘હરિઃૐ’... ‘હરિઃૐ’...(૬)*

॥ હરિ:ૐ ॥

(સવૈયા)

*__મોટા__ રોજ સ્મશાને સૂતા, દીક્ષા ગુરુથી મળ્યા પછી,*
*અભય, શૌર્ય, સાહસ ને હિંમત, સહજપણે જ રહ્યા ખીલી.*

*એકાંત, અભય ને મૌન થકી સાધના ખરે પરિપુષ્ટ થતી,*
*અંતર્મુખ, એકાગ્ર થતાં, કેંદ્રિતતા વધતી જ જતી.*

*કેંદ્રિતતા વધતાં પછી આગળ સમગ્રતામાં પરિણમતી,*
*અંદર, બહાર, ઉપર, નીચે એકરૂપતા ઉદિત થતી.*

**મોટા** રોજ સ્મશાનમાં સૂતા. ગુરુ પાસેથી દીક્ષા મળ્યા પછી. અભય, શૌર્ય, સાહસ ને હિંમત એ સહજપણે ખીલવાં લાગ્યાં. એકાંત, અભય અને મૌનથી સાધના પરિપુષ્ટ બની. અંતર્મુખ થતાં એકાગ્રતા વધી. એકાગ્રતા કેંદ્રિતતામાં પરિણમી અને કેંદ્રિતતા સમગ્રતામાં પરિણમી. અંદર, બહાર, ઉપર, નીચે એકરૂપતા ઉદય પામી.

(સવૈયા)

*હૃદય-પ્રતિષ્ઠિત સદ્‌ગુરુ સઘળે વ્યાપક રૂપ પ્રતીત થતું,*
*બ્રહ્મરૂપ છે સદ્‌ગુરુ સાચા, બ્રહ્મ સત્ય સમજાઈ જતું.*

શ્રીસદ્‌ગુરુનાં ચરણમાં હૃદય સંપૂર્ણપણે પ્રતિષ્ઠિત થયું. સદ્‌ગુરુ બ્રહ્મરૂપ છે. બ્રહ્મ જ સત્ય છે, એ **મોટા**ને સમજાઈ ગયું.

(હરિને ભજતાં - ઢાળ)

*બીજ ચેતનનું ગુરુરૂપ વવાયું શરીરમાં,*
*થવા મથતું રહે એ ઉત્ક્રાંત, બહાર તે આવવા.*

॥ હરિઃૐ ॥

*પ્રકૃતિના બધા અવરોધ, સહે નવ ચેતના,*
*તોડી ફોડી કરે નિજમાર્ગ ચેતન તો છે બેતમા.*

ચેતનરૂપી, ગુરુરૂપી બીજ શરીરમાં પડે, એ પછી માણસ પલટાયા વિના રહી શકતો નથી. એની અંદરનું ચેતન, બહાર ઉત્ક્રાંત થવા, બહાર આવવા માટે એ મથે છે. પ્રકૃતિના તમામ અવરોધોને એ તોડીફોડી ચેતન એને સહન કરી શકતું નથી, એને બહાર નીકળવા માટે. તોડીફોડીને એ પોતાનો માર્ગ કરે છે.

*દૂધમાં પડે છાસ લગાર, દૂધ ન દૂધ રહી શકે,*
*દહીંમાં પલટાય સ્વરૂપ, વિરોધ નહિ ટકે.*

*જાતું નિર્ઝર ફોડીને પહાડ, નીચાણે વહી જતું,*
*તોડી ફોડીને કઠિન કરાડ, સ્વપંથ જ કાપતું.*

*આડો અવળો કાપી લાંબો પંથ, સાગરને મળી જતું,*
*ગણે ના રે કોઈ અવરોધ, નહિ કોઈ રોકતું.*

દૂધના પાત્રમાં સહેજ છાસ પડે, તો દૂધ દૂધ રહી શકતું નથી. દહીંમાં એનું રૂપાંતર થયા વિના એ રહી શકતું નથી. દૂધ કોઈ વિરોધ કરી શકતું નથી. એ વિરોધ ટકી શકતો નથી. પહાડમાંથી નીકળેલું નિર્ઝર - ઝરણું રસ્તામાં નીચાણ તરફ વહી જાય છે. રસ્તામાં કાળમીંઢ પથ્થરોને, કરાડોને તોડી ફોડીને એ પોતાને માર્ગે આગળ વધે છે. આડોઅવળો, લાંબો માર્ગ કાપીને આખરે સાગરને મળે ત્યારે જ એ જંપે છે. કોઈ અવરોધો એ ગણતું નથી.

॥ હરિઃૐ ॥

(લાવણી-સાખી)

*ચેતનને અનુકૂળ થવા* ***મોટા****એ તપ કીધાં જ કઠોર,*
*ચિત્રકૂટ ને ધૂંઆંધાર વળી મધ્યપ્રદેશે તપ્યા અઘોર.*

*મળ ને મૂત્ર પરે દિન કાઢ્યા, સૂગ સમૂળી પરિત્યાગી,*
*શક્ય સાધના કઠોર આવી, હો ગુરુના અનુરાગી.*

ચેતનને અનુકૂળ થવા માટે **મોટા**એ આકરાં, કઠોર તપો કર્યાં. ચિત્રકૂટમાં તપ કર્યું. ધૂંઆંધારના ધોધની પાછળ તપ કર્યું. મધ્યપ્રદેશમાં અઘોર તપ કરતા. મળ અને મૂત્ર ઉપર દિવસો પસાર કર્યા. સૂગ બધી જ ત્યાગી દીધી. આવી સાધના — કઠોર સાધના ગુરુની પરમ કૃપા—ગુરુને માટે પ્રકટેલાં અનુપમ પ્રેમ વિના કોઈથી શક્ય નથી.

*ગમતું, અણગમતું, સારું ને માઠું લાગે એક સમાન,*
*ચેતનમય લાગે જગ આખું, મીઠાં માન અને અપમાન.*

*અતિ નમ્રમાં નમ્ર બન્યા ને પ્રચંડ ગર્જતો વિશ્વાસ,*
*ગુણો વિરોધી રહે સંવાદે, જહાં હોયે સદ્‌ગુરુનો વાસ.*

જીવનમાં કશું ગમતું, અણગમતું, સારું, માઠું એ બધું એકરૂપ થઈ ગયું. બધું જ જગત ચેતનમય લાગવા લાગ્યું. ને માન અને અપમાન પણ મીઠાં લાગવાં લાગ્યાં. અતિ નમ્રમાં નમ્ર બન્યા, પ્રચંડ ગર્જતો વિશ્વાસ પ્રકટ થયો. આવા બે પરસ્પર વિરોધી ગુણો જ્યાં ગુરુનો વાસ હોય, જ્યાં હૃદયમાં ગુરુ પ્રતિષ્ઠિત હોય, ત્યાં જ પ્રકટી શકે છે.

॥ હરિઃૐ ॥

## (બીજી બાજુ)

(સવૈયા)

*સૂરજ બાની હતી મનીષા, **મોટા** લગ્ન કરી બંધાય,*
*વિવાહ તો કરી દીધો હતો, માજીએ બહુ સમય પહેલાંય.*

*માતાનો આગ્રહ દેખી, **મોટા** નિરાગ્રહી બનતાં,*
*મંડપમાં જ સમાધિને વશ **મોટા** છેક જ બની જતાં.*

*કન્યા માંદગીમાં પટકાણી, મરણશરણ આખર થાતાં,*
*હરિની અકળ લીલાને ભાળી, અવાક સૌ જન બની જતાં.*

સૂરજબા **મોટા**ની માતા એમની ઈચ્છા બહુ કે **મોટા** પરણીને બંધાય. એણે વિવાહ પણ કરી દીધેલો હતો. આખરે માનો અતિશય આગ્રહ દેખી **મોટા** પરણવા માટે તૈયાર થયા. મંડપમાં જ સમાધિને વશ થયા. કન્યા માંદગીમાં પટકાણી, પરણીને તરત જ. પછી જોતજોતામાં એ મરણ પામી. હરિની આ અકળ લીલા સૌ જન જોઈને અવાક બની ગયા. એ જ રીતે બીજો એક પ્રસંગ બન્યો.

(લાવણી પ્રકાર)

*એકદા થયો સર્પનો દંશ, હતો ગુરુકૃપાતણો જ ચિદંશ.*
*ઘેનમાં પડી ન હવે જવાય, જાગતાં રહ્યે જ હવે જિવાય.*
*ઝીલી લેતાં **મોટા** પડકાર, હરિનું નામ એ જ આધાર.*

એક વખત સર્પનો દંશ થયો. એ ગુરુની કૃપા હતી, ગુરુનો ચિદંશ હતો. ઘેનમાં પડી જવાય એવો પ્રસંગ આવ્યો. જાગે તો

જ જિવાય. **મોટા**એ આ પડકાર ઝીલી લીધો અને હરિના નામનો આધાર લીધો.

*સ્મરણ શરૂ કરી દીધું ‘હરિઃૐ’ (૨)*
*જાગતું ભીતરથી બહુ જોમ. (૨)*

**‘હરિઃૐ’ ધૂન—સંકીર્તન**

*‘હરિઃૐ’... ‘હરિઃૐ’... ‘હરિઃૐ’... ‘હરિઃૐ’...(૫)*

**મોટા**એ ભગવાનના નામનું સ્મરણ ‘હરિઃૐ’નું જગાડ્યું અને અંદર બળ પ્રકટવા લાગ્યું. ઘણા સાથીઓય સાથે હતા. એના સાક્ષીઓ પણ ઘણા છે.

*સાથીઓએ બહુ કર્યા યત્નો વિવિધ પ્રકાર,*
*આણંદ જઈને દાક્તરી, કરાવીઓ ઉપચાર.*

સાથીઓએ બહુ પ્રયત્ન કર્યા, આખરે આણંદ જઈને દાક્તરી ઉપચાર પણ કર્યો.

*ઝેર કાઢ્યું ત્યાં સઘળું બહાર, તપાસ્યું નીકળ્યું ભીષણ પ્રકાર.*
*કહે દાક્તર વિષ આ જીવલેણ, જીવન આનું છે પ્રભુની દેણ.*
*ખરેખર હરિની કૃપા જણાય, અન્યથા કો’થી ટકી ન શકાય.*

ઝેર કાઢ્યું, ત્યાં તો એ ડૉક્ટરે તપાસ્યું તો ભીષણ પ્રકારનું એ ઝેર હતું. ડૉક્ટરો કહેવા લાગ્યા આ જીવલેણ વિષ છે. અત્યારે જે એને જીવન મળ્યું છે, એ માત્ર પ્રભુની કૃપા છે — પ્રભુની દેણ છે, ભગવાનની કૃપા સિવાય અન્યથા કોઈ આ ઝેર જીરવી શકે નહિ.

ત્યાર થકી ચાલુ થયો, અખંડ અજપાજપ,
કોણે દંશ દીધો ખરે, ગુરુ હતા કે સાપ !

એ વખતથી **મોટા**ને અખંડ અજપાજપ ચાલુ થયો. એ સાપ હતો કે ગુરુ હતા ? કોણ હતું ?

*ગુરુની લીલા અપરંપાર, બુદ્ધિની પહોંચ ન ત્યહીં લગાર.*
*દેખીતાં અશુભમાં શુભ તત્ત્વ, દાખવે એ જ પરમ ગુરુતત્ત્વ.*
*રસાયણ પરમ ગુરુનું તત્ત્વ, રહે ના પલટ્યા વિના જીવત્વ.*

ગુરુની લીલા અપરંપાર છે. બુદ્ધિની પહોંચને પેલે પાર. **દેખીતાં અશુભમાં જે શુભ તત્ત્વને બતાવે એ જ પરમ ગુરુનું તત્ત્વ.** શેલીએ 'કંપાઉંડ' નામના ખંડકાવ્યમાં લખ્યું છે. 'Alas! ..............out of me.' અશુભમાં જે શુભ પડ્યું છે, એ સામાન્ય માણસોને દેખાતું નથી. એ અશુભને તો માત્ર ગુરુ અશુભમાં શુભ બતાવી શકે.

*હૃદયનો ગુરુ માગે સહકાર, પામવા મથતા વિવિધ પ્રકાર,*
*ગુરુ ચાહે કરવા નિજરૂપ, ન જંપે થતાં સુધી તદ્રૂપ.*

એ રસાયણ છે તત્ત્વ — પલટ્યા વિના — જીવત્વને કાઢ્યા વિના — ગુરુ રહી શકતા નથી. એ માટે ગુરુ હૃદયનો સહકાર માગે છે. એ હૃદયનો સહકાર મેળવવા માટે વિવિધ પ્રકારના પ્રયત્નો પણ એ કરે છે. ગુરુ પોતાના જેવા, પોતાના શિષ્યને કરવા માગે છે અને એમ ન બને, ત્યાં સુધી એ જંપી શકતા નથી. એ એમના જીવનનો ધર્મ છે. ત્યાર પછી **મોટા**એ

॥ હરિઃૐ ॥

(વૈષ્ણવ જન તો....ઢાળ)

*સેવા સાધન બન્યું* ***મોટા****નું, ચેતનને પ્રકટાવાને (૨)*
*પ્રકૃતિને કેળવવા માટે, ચેતનને અનુસરવાને રે...*
*સેવા સાધન...*

*અવગણના, અપમાન, ઉપેક્ષા, નિંદા ને બહુ હાંસી રે,*
*પ્રભુકૃપા સમજીને રહેવું, સમતાના અભ્યાસી રે...*
*સેવા સાધન...*

હવે **મોટા**નું સાધન સેવા બન્યું. જેથી ચેતન પ્રકટે. પ્રકૃતિને ચેતનને અનુસરવાને માટે તૈયાર કરે. અવગણના, અપમાન, ઉપેક્ષા, નિંદા, હાંસી એ બધું જ પ્રભુકૃપા સમજીને **મોટા** સહેવા લાગ્યા. એનો અભ્યાસ કરવા લાગ્યા.

*ગુરુકૃપાથી અદીઠ હરિ પણ, સરલ દીસે અનુભવવા રે,*
*કપરો પંથ વિકટ અતિ ભારે (૨), જગમાં હરિ નીરખવાને...*
*સેવા સાધન...*

હવે સેવા એ **મોટા**ના જીવનનું સાધન બન્યું. ચૈતન્ય પ્રકટાવવા માટેનું સાધન. પ્રકૃતિ ચેતનને અનુકૂળ થાય અને ચેતનને જ અનુસરે એ માટે **મોટા**એ હવે સાધના આદરી. **એમાં અવગણના લોકોની, લોકોનાં અપમાન, ઉપેક્ષા, નિંદા અને હાંસી એ બધાંને પ્રભુની કૃપા સમજીને જ જીવવું અને સમતાનો અભ્યાસ કરવો એ આ સાધનાનું ધ્યેય હતું.**

ગુરુકૃપાથી અદીઠ ગણાતા એવા હરિ એ અનુભવવા સહેલા

છે. પણ કપરો પંથ તો એ છે કે આ જગતમાં હરિને પ્રત્યક્ષ જોઈને એમની સાથે જ નિભાવવું, એમની સાથે જીવવું.

*સેવા કરતાં જેલ મળી તે, સાધનમાં પલટાવી રે,*
*મૌન, અભય, એકાંત, તકોને પ્રેમે દિલ અપનાવી રે...*
*સેવા સાધન...*

*સૂપા ગામે ગુરુએ પ્રકટી, હૈયે ભરી ખૂબ હામ રે,*
*'હાજર છું તારી પાસે હું', કરશે પ્રભુ તુજ કામ રે...*
*સેવા સાધન...*

આમ સેવાનું કામ કરતાં કરતાં સત્યાગ્રહમાં જેલ મળી. જેલને **મોટા**એ સાધનમાં પલટાવી. જ્યાં જ્યાં મૌન, અભય અને એકાંતની તકો મળી, ત્યાં એણે પ્રેમથી એને અપનાવી લીધી. એવામાં સૂપા (નવસારીથી બારડોલી વાયા સરભોણ બસમાર્ગે જતાં રસ્તામાં વચ્ચે આવે છે) નામના ગામે ગુરુએ પ્રકટ થઈને એને દર્શન દીધાં અને એને હિંમત આપી અને કહ્યું કે હું તારી સાથે હંમેશાં હાજર છું. હવે તું જે કરીશ તે કામ તારું પ્રભુનું જ કામ છે. પ્રભુ એ કામ પાર પાડશે.

**(લાવણી - સાખી)**

***મોટા*** *સમજ્યા સમય થયો છે (૨) પ્રભુ નિર્ભર રહી જીવવાનો,*
*ગુરુએ આ આપેલી પ્રસાદી, નિમિત્ત મળે ત્યાં ધરવાનો.*

*કામકાજથી નિવૃત્ત થઈને, લઈ જીવવા પ્રભુનો આધાર,*
***મોટા****એ ઝુકાવ્યું આખર, તરી જવા ભવ પારાવાર.*

**મોટા** હવે સમજ્યા અંદરથી કે હવે પ્રભુ, કેવળ પ્રભુ પર આધાર રાખીને જીવવાનો સમય પાકી ગયો છે. ગુરુજીએ જે આ પ્રસાદી આપી છે જીવનમાં, એ જ્યાં જ્યાં નિમિત્ત મળે, ત્યાં ત્યાં એ પ્રસાદી પ્રેમથી ધરવાનો હવે વખત આવી ગયો છે. બધાં કામકાજથી નિવૃત્ત થયા અને કેવળ પ્રભુના આધાર પર જીવવા માટે **મોટા**એ ઝુકાવ્યું.

પછી એ કરાંચીમાં એક પરસદભાઈ* એને બાપુ કહેતા **મોટા.** એમને ત્યાં રહેતા. એવામાં કરાંચીનિવાસમાં એકવાર

*કરાંચીમાં મળ્યા **મોટા**ને, વિલક્ષણ સાંઈ, (૨)*
*કથા એની કહેતાં દિલે પ્રેમ ઊભરાય, (૨)*

*સાગર તટે રેતીના ઊંચા ઢગ પર,*
*રાતે જઈ **મોટા** બેસે, નામમાં નિર્ભર. (૨)*

એક વખત કરાંચીમાં **મોટા**ને એક વિલક્ષણ સાંઈનાં દર્શન થયાં. સાંઈબાબા શિરડીવાળા. એની એ કથા કહેતાં દિલ પ્રેમથી ઊભરાય એવો આ પ્રસંગ છે. સાગરના કિનારે એક રેતીના ઢગલા ઉપર **મોટા** ત્યાં ધ્યાન ધરીને બેસતા અને નામમાં એ નિર્ભર રહેતા. એ વખતે એકવાર

*પથરો ફેંકાયો થયો (૨) માથેથી પસાર,*
*ડર્યા નહિ **મોટા** (લાગ્યો) અદીઠનો અણસાર. (૨)*

---

*શ્રી પરસદરાય મહેતા (શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાના જમાઈ) એ સમયે કરાંચીમાં સિંધિયા સ્ટીમ નૅવિગેશન કંપનીના મૅનેજર હતા.

॥ હરિઃૐ ॥

*દેખ્યા એક સાંઈ આવે દૂર થકી પાસ,*
*રટતા હરિને રહ્યા, રાખીને વિશ્વાસ. (૨)*

એક પથરો ઘુમ્મ... કરતો માથા પરથી પસાર થયો. **મોટા** ડર્યા નહિ, કારણ કે પથરો એવી રીતે આવ્યો કે વાગ્યો નહિ. એમાં **મોટા**ને કોઈ અદીઠ શક્તિનાં દર્શન થયાં. દૂરથી એક સાંઈને નજીક આવતા દીઠા. **મોટા** તો હરિનામસ્મરણ કરતા ગયા વિશ્વાસ રાખીને, સાંઈએ આવીને કહ્યું —

*સાંઈ કહે 'ચા તું પા ને સિગારેટ આપ' (૨)*
***મોટા**એ પ્રબંધ કીધો, થયો પ્રેમાલાપ.*
*ધ્યાનની કળા બતાવે, **મોટા**ને ત્યાં સાંઈ (૨)*
*અદીઠની બાંધી દીધી, સાચી રે સગાઈ (૨)*

સાંઈએ આવીને કહ્યું કે ચા પા, સિગારેટ આપ. રાતનો ઘણો વખત પસાર થઈ ગયેલો હતો. નજીકમાં એક દુકાન હતી, એ બંધ થઈ ગઈ હતી. તોપણ **મોટા** ગયા અને એ ચા અને સિગારેટનો પ્રબંધ કરી લાવ્યા. પછી ત્યાં એ ટેકરી પર એમને પ્રેમાલાપ થયો. ધ્યાનની કળા **મોટા**ને ત્યાં સાંઈએ બતાવી. અને પછી સાંઈએ કહ્યું કે —

*સાગરમાં ચાલ્યા જવા, આપ્યો ત્યાં આદેશ (૨)*
*મોટા સદ્ય સાગરમાં, કરતા પ્રવેશ (૨)*

*થોડીવારે છૂટી ગયું, દેહતણું ભાન,*
*કલાકો વીત્યા ઘણાયે, થાતું અનુમાન.*

સાંઈએ એને કહ્યું કે સાગર ઉપર ચાલ્યો જા. આદેશ મળતાં જ તર્ક કર્યા વિના **મોટા** સાગરમાં પ્રવેશ્યા, ચાલવા લાગ્યા. થોડીવારે દેહનું ભાન છૂટી ગયું અને દૂરદૂર કિનારા પર શરીર ફેંકાઈ ગયું. ઘણો વખત વીતી ગયો હશે, કારણ કે **મોટા** જ્યારે જાગ્યા ત્યારે કપડાં સુકાઈ ગયેલાં હતાં.

*દૂર દૂર ઘણે દૂર, ફેંકાયો એ દેહ,*
*ભાન આવતાં ના રહ્યો, કશોયે સંદેહ.*
*ગુરુની લીલાનો કોઈ પામે નહિ પાર,*
*સ્વજન સાચો છે ગુરુ, ગુરુ પ્રાણાધાર. (૨)*

ગુરુની કૃપાનો, ગુરુની લીલાનો કોઈ પાર પામી શકે નહિ. માણસને માટે સાચો સ્વજન માત્ર ગુરુ છે. ગુરુ એ જ માત્ર પ્રાણનો આધાર છે.

(ચોપાઈ માનસી)

*મળ્યા ફરીથી **મોટા**ને સાંઈ કેવી અદ્‌ભુત પ્રેમ સગાઈ !*
*ભેટ્યા ખૂબ બતાવી પ્રેમ, ધન્ય બન્યા નીરખી ગુરુ રહેમ.*

*સાંઈ કહે 'તજી વસ્ત્ર બધાંયે, ચાલી જા હવે નગરની માંહે',*
*મિત્ર કને સહુ વસ્ત્ર તજીને, ગુરુ આજ્ઞા નિજ ધર્મ સમજીને.*

*ચાલી નીકળ્યા **મોટા** સત્વર, દિલ રાખી નિજ ગુરુમાં નિર્ભર,*
*દેહભાન ના રહ્યું લગારે, દેહ ઊડતો લાગે ત્યારે.*

*ગોરો પોલીસ એક ટપારે, 'પાગલ કોણ શું કરવા ધારે !'*
*ન્યાળે સ્થિર નયન **મોટા** તવ, ગોરો સ્તબ્ધ બની રોકે નવ,*

*બોલ્યો 'ઈદ મુબારક સાંઈ !' ચાલ્યા આગળ નવ રોકાઈ.*

ફરીથી એકવાર **મોટા**ને સાંઈ મળ્યા. **મોટા**ને પ્રેમથી ભેટ્યા. સાંઈએ કહ્યું કે બધાં કપડાં કાઢી શહેરની વચ્ચેથી મુખ્ય માર્ગ પર ચાલ્યો જા. મિત્રની પાસે પોતાનાં કપડાં બધાં આપી દીધાં અને ગુરુની આજ્ઞાને ધર્મ સમજીને **મોટા** ચાલી નીકળ્યા. દેહભાન થોડી વારમાં ચાલ્યું ગયું. જાણે દેહ ઊડતો હોય એમ લાગવા માંડ્યું. એક ગોરો પોલીસ રસ્તામાં ટ્રાફિકનો એણે **મોટા**ને ટપાર્યા, 'અરે એઈ, પાગલ ! ક્યાં જાય છે ? શું કરવા ધારે છે ?' **મોટા**એ એની સામે માત્ર સ્થિર નજરથી જોયું અને ગોરો સ્તબ્ધ બની ગયો એને રોક્યા નહિ અને બોલ્યો, 'સાંઈ ! ઈદ મુબારક !' **મોટા** આગળ ચાલ્યા. રોકાયા વિના.

(લાવણી-સાખી)

*દૂર જતાં ગુરુને ફરી દીઠા, લાગ્યા પ્રાણ સમા બહુ મીઠા,*
*ભેટ્યા સાંઈ અને ચૂમી લીધા, પ્રેમે ન્યાલ બહુ કરી દીધા.*

***મોટા**એ રોજા રાખ્યા'તા, નમાજ પણ રોજે પઢતા'તા,*
*મળ્યા ફરી **મોટા**ને સાંઈ, ભરી ટોપલા આપી મીઠાઈ.*

ફરી એકવાર **મોટા**ને મળ્યા સાંઈ. ભેટી પડ્યા. બહુ મીઠા લાગ્યા. એ વખતે **મોટા**એ રોજા પણ રાખ્યા'તા. નમાજ પણ રોજ પઢતા, સાંઈએ **મોટા** માટે ટોપલા ભરીને મીઠાઈઓ આપી. એ મીઠાઈ ખાનારાંઓ કેટલાંક હજી જીવે છે.

*કરાંચીમાં **મોટા** જ્યાં રહેતા, જે યજમાન મુકામ,*
*'બાપુ' કહી **મોટા** સંબોધે, સજ્જન બહુ વિદ્વાન.*

॥ હરિઃૐ ॥

*હતી તેમની બે કન્યાઓ*, વાલી બની તે સાથ,*
*__મોટા__ વારાણસી મુકામે, ગયા તેમની સાથ.*

કરાંચીમાં જે યજમાનને ઘેરે **મોટા** રહેતા, એને **મોટા** બાપુ કહીને બોલાવતા. એ સજ્જન વિદ્વાન હતા. એમની બે કન્યાઓના વાલી બની **મોટા** કાશી ગયા-વારાણસી. ત્યાં એ બન્ને દીકરીઓ પરીક્ષા આપવાની હતી હિંદુ યુનિવર્સિટીની.

**(લાવણી સાખી)**

*રામનવમીની શુભ રાતે 'હરિઃૐ' ધ્વનિ સંભળાયો,*
*'હરિઃૐ' કહી જવાબ આપ્યો, સાધુ એક નજદીક આવ્યો.*

*કહે સાધુ ના ધ્યાન કરીશ તું, કરાંચીમાં સાંઈએ શીખવ્યું,*
*કરીશ તો આફત ઊતરશે, મારા ગુરુએ છે સૂચવ્યું.*

રામનવમીની રાતે દૂરથી **મોટા**એ 'હરિઃૐ' એવો અવાજ કાશીમાં સાંભળ્યો. **મોટા**એ સામો 'હરિઃૐ' જવાબ આપ્યો. થોડીવાર પછી એક સાધુ ગૂંચળિયા વાળવાળો નજીક આવ્યો. સાધુ કહે કરાંચીમાં સાંઈએ તને જે ધ્યાન શીખવ્યું છે, એ તું કરીશ નહિ. કરીશ તો મોટી આફત ઊતરશે એવું મારા ગુરુએ તને કહેવડાવ્યું છે.

**(કેસેટ નં. ૨ પૂરી — કેસેટ નં. ૩ શરૂ)**

*માતાની સંભાળ નીચે (૨) કાં કર તું મારા ગુરુની પાસ,*
*મણિકર્ણિકા પર એ રહેતા, સંદેશો કહાવ્યો છે ખાસ.*

---

* ચિત્રાબહેન અને કુરંગીબહેન

કાં તો માતાની સંભાળ નીચે આ ધ્યાન થઈ શકે અને કાં તો તું મારા ગુરુ છે મણિકર્ણિકાના ઘાટ ઉપર રહે છે, ત્યાં આવીને તું એની પાસે કર. એકલો કરીશ નહિ.

*‘છોડીને પ્રસ્તુત ધર્મને મારાથી નહિ આવી શકાય’,*
***મોટા** કહે, ‘કહો તો રાતે મારાથી કદાચ અવાય.’*

*સાધુ જતાં તુરત **મોટાએ**, શરૂ કરી દીધું ધ્યાન,*
*વિચિત્ર ગરમી શરીરમાં પ્રકટી, છોડાવ્યું તનનું ભાન.*

**મોટા**એ કહ્યું કે મારો પ્રસ્તુત ધર્મ આ બહેનોની પાસે રહેવાનો છે. એ છોડીને મારાથી આવી શકાય નહિ. સાધુ ગયા પછી **મોટા**એ ધ્યાન શરૂ કર્યું અને શરીરમાં વિચિત્ર ગરમી એકદમ પ્રકટી.

*પ્રકાશ કોટિ સૂર્ય સમો, પ્રસરી ગયો અંદર ને બહાર,*
*મહાસમાધિની એ વેળા, નિર્ગુણનો એ સાક્ષાત્કાર.*

*‘હું જ છું સર્વત્ર વ્યાપેલો, રંગ, રૂપ, આકાર રહિત,*
*વ્યાપેલો સર્વત્ર છતાં પણ, સૌથીયે હું રહ્યો અતીત.’*

કરોડો સૂર્ય જેવો પ્રકાશ **મોટા**એ જોયો, અંદર ને બહાર પ્રસરી ગયો. મહાસમાધિની એ વેળા હતી. નિર્ગુણનો **મોટા**ને એ સાક્ષાત્કાર થયો. એ રામનવમી* ની રાતે અને સમજાયું કે હું જ સર્વત્ર છું. I am omnipresent. રંગ, રૂપ, આકાર વિનાનો. બધે જ વ્યાપેલો અને છતાં બધાંયથી અતીત—પર.

---

* ચૈત્ર સુદ નોમ વિ. સં. ૧૯૯૫; માર્ચ ૨૯, ૧૯૩૯.

॥ હરિઃૐ ॥

*કાશીના સાધુએ શી રીતે, કરાંચીની જાણી સૌ વાત ?*
*અચરજ થાય અતિશય મનમાં, બુદ્ધિને થાતો આઘાત.*

*ચેતવણી-સાધુની સુણીને,* ***મોટા****એ ન ધરી એ કાન,*
*ગુરુની આ અદ્‌ભુત લીલાનું, ભીતર માત્ર પ્રકટતું ભાન.*

*ચેતનના સાચા સ્પર્શેથી, બુદ્ધિ પ્રજ્ઞા બની જતી,*
*અનુભવ વિણ કોરી બુદ્ધિથી, વાત ન આવી સમજાતી.*

કાશીના સાધુને કરાંચીમાં **મોટા**ને મળેલી આ વાતની શી રીતે જાણ થઈ ? અતિશય અચરજ થાય. બુદ્ધિને આઘાત થાય. સાધુએ ચેતવણી આપી ધ્યાન ન કરવાની. **મોટા**એ કાન ન ધરી. અને એ જ રાતે ધ્યાન કર્યું. ગુરુની આ અદ્‌ભુત લીલા — એ એનું ભાન માત્ર અંદરથી જ માણસને પ્રકટે છે. ચેતનના સાચા સ્પર્શથી જેને આપણે બુદ્ધિ કહીએ છીએ — એ પ્રજ્ઞા ઋતંભરા પ્રજ્ઞારૂપે બની જાય છે. એ પ્રજ્ઞા ખૂબ પ્રકાશવાળી હોય છે. એ અનુભવ વિના કેવળ કોરી બુદ્ધિથી આવી વાતો સમજાવી શકાતી નથી — સમજી શકાતી નથી.

(લાવણી સાખી)

*'બાપુ'ની બે કન્યાઓએ,* ***મોટા****ને એકવાર,*
*સાચવવા આપવા ઘરેણાં, કીધો રે વિચાર.*

***મોટા****એ રાખ્યાં ખિસ્સામાં ઘરેણાં તે કાળ,*
*થોડી વારમાં દેવાશે પાછાં રાખી ખ્યાલ.*

|| હરિઃૐ ||

*પહેરણ ઉતારી ટાંગ્યું, ખીંટીએ તે વાર,*
*જરૂર પડ્યે જોયું તો અચરજ થયું અપાર.*

*ગુમ ઘરેણાં થયાં ને બધાંને પડી ફાળ,*
***મોટા**ને અસહ્ય લાગ્યું આવે માથે આળ.*

એકવાર બાપુની બે કન્યાઓએ કંઈ નાહતી વખતે **મોટા**ને ઘરેણાં આપ્યાં. **મોટા**એ ખિસ્સામાં રાખ્યાં. થોડીવારમાં પાછાં આપી દઈશ એમ માનીને પોતાનો ઝભ્ભો ટાંગેલો હતો.* એમાંથી કોઈ કાઢી ગયું. જ્યારે જરૂર પડી ને જોયું ત્યારે એમાં કશું નહિ દેખાયું. ઘરેણાં ગુમ થયાં હતાં. **મોટા**ને આ અસહ્ય લાગ્યું. કારણ કે એમાં આરોપ આવે.

(લાવણી)

*પ્રાર્થના સત્વર કીધી, આર્તભાવે દિલે,*
*ચોર દાઝવાને લાગ્યો, થઈ નહિ ઢીલ.*
*ઘરેણાં એ આપી ગયો, **મોટા**ને તત્કાળ.*
***મોટા** ન્યાલ થયા, જાગ્યું ગુરુ પરે વહાલ.*

**મોટા**એ પ્રાર્થના કરી. ચોર જ્યાં હતો ત્યાં એ દાઝવા લાગ્યો. થોડીવારમાં એ ઘરેણાં પાછાં આપી ગયો.

(લાવણી સાખી)

*માતા ઘરે બીમાર પડ્યાં ને મૃત્યુ આવ્યું સમીપ,*
***મોટા**ને મળતો સંદેશો, પહોંચવું નહિ નજીક.*

---

* કાશીમાં કાશી વિશ્વનાથ મહાદેવનાં દર્શન કરવાં ગયાં હતાં. ત્યાં ભીડાભીડમાં કોઈક ચોરે **મોટા**નું ખીસું કાપી ઘરેણાં લઈ લીધાં હતાં.

॥ હરિઃૐ ॥

*__મોટા__એ માતાને આપ્યું હતું વચન 'આવીશ*
*અંતકાળે' પણ ધર્મ હતો, રહેવાનો અહીં રે ઈશ !*
*કીધી પ્રાર્થના દિલથી દિલમાં, આર્તભાવમાં જઈ ગળી,*
*'મરતી માએ જોયા __મોટા__ !' લાજ ગુરુએ સંભાળી.*

બીજી બાજુએ માતાને **મોટા** વચન આપીને નીકળ્યા હતા કે તારે અંતકાળે હું નજીક આવીશ. **મોટા** વારાણસીમાં. મા મરવા પડી.* **મોટા**ને તેડું આવ્યું. જઈ શકાય એવું હતું નહિ. પોતાનો ધર્મ છોડીને. એ વખતે **મોટા**એ પ્રાર્થના કરી. **મોટા**ની માતાએ પોતાના ખાટલાની પાંગત પાસે **મોટા**ને દીઠાં.

ઉત્તરાર્ધ

હરિઃૐ

*પ્રકટ્યું ચેતન પૂર્ણ સ્વરૂપે.... (૨)*
*ઊગ્યો સૂર્ય ન નભમાં છૂપે... (૨) પ્રકટ્યું...*
*'એક અનેક બનું હું' એવો ચેતનનો સંકલ્પ,*
*વ્યાપું ઘટઘટ (૨) સ્થગિત બનું ના, ભૂમા હું, ના અલ્પ.*
*એક હું વિધવિધ રૂપે.... પ્રકટ્યું....*
*'હું સૌમાં ને સૌ મારામાં' ક્યાંય કશો ન વિરોધ,*
*નજર ખૂલે તો અશુભમાંયે (૨) કરી શકશો મુજ શોધ (૨)*
*રહું હું રૂપ-અરૂપે.... પ્રકટ્યું....*
*હું તો ઝંખું સૌ વહાલાને (૨) તજી ઊંઘ, આરામ,*
*આવો રમીએ રાસ જીવનનો, બનીએ પૂરણ કામ.*
*'હરિઃૐ' બસ રુચે.... પ્રકટ્યું....*

---

* નડિયાદમાં

**મોટા**નું ચેતન હવે પૂર્ણ સ્વરૂપે પ્રકટ્યું. ઊગેલો સૂરજ છુપાઈ શકતો નથી. એક અનેક બનવા લાગે, એ એનું લક્ષણ છે. એ ચેતનનો સંકલ્પ છે. ઘટઘટમાં એ વ્યાપવા લાગે છે. કોઈ જગાએ એ સ્થગિત થઈને પડી રહેતો નથી. એ ભૂમા બને છે. અલ્પ રહી શકતો નથી. એક અનેક રૂપે એ પ્રકટે છે. હું સૌમાં છું, સૌ મારામાં છે. ક્યાંય કોઈ જ પ્રકારનો વિરોધ નથી. જો નજર ખૂલે તો અશુભ જેવું જે લાગે છે, એમાં પણ તમે મારી શોધ કરી શકશો. હું રૂપમાં, અરૂપમાં બધે જ છું. હું તો એવું ઝંખું છું — બધાં વહાલાંઓને કહું છું કે બધી ઊંઘ અને આરામ છોડીને આવો. ચાલો, આપણે જીવનનો રાસ રમીએ અને પૂર્ણકામ બનીએ. બસ હવે તો માત્ર રુચે છે 'હરિઃૐ'.

**'હરિઃૐ' ધૂન-સંકીર્તન**

'હરિઃૐ'...'હરિઃૐ'...'હરિઃૐ'...'હરિઃૐ'...(૬)

(લાવણી સાખી)

*વગર નોતરે વિના પ્રસિદ્ધિ, સ્વજનો લાગ્યા ખેંચાવા,*
*ચેતનના આકર્ષણથી સૌ સ્વજનો, લાગ્યા પ્રેરાવા.*

*સ્થળ ને કાળ કરે નવ બાધા, ચેતનનાં કાર્યોને,*
*સમજાયે ના, બન્યે જાયે બસ, સંકલ્પ ધાર્યો જે.*

*વિરલ પત્રસાહિત્ય લખાયું, સ્વજનોનાં નિમિત્ત.*
***મોટા** બસ મોટા બની પ્રકટ્યા, પ્રસન્ન પણ અપ્રમત્ત.*

*ગુરુના આદેશથી સ્થાપ્યાં, મૌનમંદિરો વિરલ પ્રકાર,*
*કુંભકોણમ્, નડિયાદ, સુરતે ઘડવા સ્વજનોના આધાર.*

॥ હરિઃૐ ॥

હવે **મોટા** એવી રીતે પ્રકટ્યા, વગર નોતરે, વિના પ્રસિદ્ધિ એમનાં જે સ્વજનો થવા નિર્માયાં હતાં, બધાં એમના તરફ ખેંચાવા લાગ્યાં. સ્થળ અને કાળની બાધા ચેતનના કામને રહેતી નથી. સમજાય ના એવી રીતે કામ બધાં બને જ જાય છે. એ સંકલ્પની એ શક્તિ છે.

વિરલ પત્રસાહિત્ય લખાયું સ્વજનોને નિમિત્તે. **મોટા** હવે બસ, મોટા બની ચૂક્યા. પ્રસન્ન અને છતાં અપ્રમત્ત સતત કામ કરતા. ગુરુના આદેશથી મૌનમંદિરો કુંભકોણમ્, નડિયાદ અને સુરત વગેરે જગાએ સ્થાપ્યાં. સ્વજનોને ઘડવાનો એમાં આશય હતો.

(વૈષ્ણવ જન - ઢાળ)

*__મોટા__ની આ મૌન સાધના, હરિનું અનુપમ દાન રે,*
*જીવનની સાચી મહાશાળા, માનવ બને મહાન રે.*
*__મોટા__ની.....*
*અળગા થઈ સંસાર થકી પછી મૌનમંદિરે બેસો રે,*
*પોતાથી પણ અળગા થાવા (૨) મનમંદિરમાં પેસો રે.*
*__મોટા__ની.....*
*જન્માંતરના સંસ્કારોથી લેપાયું મન ભારે રે,*
*હેતુવિહીન વિચારો ઘેરે, સ્વસ્થ ન રહે લગાર રે.*
*__મોટા__ની.....*

**મોટા**ની આ મૌનની સાધના એ પદ્ધતિ એક ભગવાનનું અનુપમ દાન છે જગતને. જીવનની એ સાચી મહાશાળા છે. જેમાં માનવ ખરેખર મહાન બની શકે. સંસારથી અળગા થઈ

પહેલાં મૌનમંદિરમાં બેસો. પછી પોતાથી પણ અળગા થવા મનમંદિરમાં પેસવાનું. જન્માંતરના અનેક સંસ્કારોથી આપણું મન ઘેરાયેલું છે, લેપાયેલું છે. હેતુ વિનાના વિચારોની પરંપરાઓ એને ઘેરીને બેઠી છે. એમાં મન સ્વસ્થ રહી શકતું નથી.

*મનના આ ભરચક પ્યાલામાં (૨) 'હરિઃૐ' રસાયણ રેડો રે,*
*'હરિઃૐ'થી ભરી દઈને (૨) ગંદકી દૂર ખસેડો રે.*
***મોટા**ની....*

મનના આ ભરેલા પ્યાલામાં ગંદકી ભરેલા પ્યાલામાં 'હરિઃૐ'નું રસાયણ રેડો અને 'હરિઃૐ'થી એને ભરી દઈ અને ગંદકી દૂર ખસેડો.

**'હરિઃૐ' ધૂન—સંકીર્તન**

'હરિઃૐ'...'હરિઃૐ'...'હરિઃૐ'...'હરિઃૐ'...(૬)
*હરિકૃપા વિણ હરિનામમાં રસ કદીયે નવ જાગે રે,*
*હરિકૃપાને ફળવતી કરવા, પ્રબલ પરિશ્રમ માગે રે.*
***મોટા**ની...*

હરિકૃપાને ફળવવાને માટે પ્રબળ પરિશ્રમની જરૂર છે.

*હરિકૃપા તો વરસે નિશદિન, પાત્ર આપણું અવળું રે,*
*હરિકૃપાને ઝીલવા વહાલાં, પાત્ર બનાવો સવળું રે.*
***મોટા**ની...*
*ખંતીલા અભ્યાસ થકી, પછી રસ મનમાં જાગે રે,*
*રસ વધતાં એકાગ્ર થવાયે, કંટાળો દૂર ભાગે રે.*
***મોટા**ની...*

એ હરિકૃપાને ઝીલવા સૌએ તૈયાર રહેવાનું છે. પોતાનું પાત્ર સવળું બનાવવાનું છે. ખંતીલો જે અભ્યાસ કરી શકે છે, એને એમાં રસ પણ જાગે છે. રસ વધતાં એકાગ્ર થવાય છે, કંટાળો દૂર થાય છે.

(લાવણી - સાખી)

*મૌનમંદિરે બેસનારની, અવિરત રહે કતાર,*
*વણથંભ્યો આ યજ્ઞ ચાલતો, હરિનામનો તાર.*

*આંખો હશે તો જ દેખાશે, બુદ્ધિ હશે તો સમજાશે,*
***મોટા**ની સાચી મોટાઈ, ભાવે હૃદય ભરાશે.*

***મોટા**ની આ વિરલ સિદ્ધિનું મૂલ્યાંકન શેં થાય !*
***મોટા**ની મોટાઈ માપતાં, લઘુતા નિજની મપાયે.*

મૌનમંદિરમાં બેસનારાંઓની અવિરત કતાર ચાલી રહી છે વર્ષોથી. વણથંભ્યો આ યજ્ઞ ચાલી રહ્યો છે. આંખો હશે એને જ દેખાશે. બુદ્ધિ હશે તો જ સમજાશે, **મોટા**ની સાચી મોટાઈ શું છે. **મોટા** એને સમજણ પડતાં હૃદય ભાવથી ઊભરાય છે. **મોટા**ની આ વિરલ સિદ્ધિનું મૂલ્યાંકન કરવું અશક્ય છે. **મોટા**ની મોટાઈ માપવા જતાં આપણી પોતાની લઘુતા — નાનાપણું એ મપાઈ જશે.

*'સમાજ બેઠો કરવો મારે' (૨) ગુરુઆદેશ થયો ફરીથી,*
*મૌનમંદિરે વ્યક્તિ ઘડાયે, સમૂહ ભાવ અને ગુણથી (૨)*

**મોટા**ને ફરી આદેશ થયો ગુરુનો કે 'મારે સમાજને બેઠો

કરવો છે.’ મૌનમંદિરમાં વ્યક્તિ ઘડાય છે. સમૂહ ભાવ અને ગુણના વિકાસથી ઘડાય છે.

(ચોપાઈ માનસી)

*જ્યાં જ્યાં ભાવ અને ગુણ ભાળો (૨)*
*પ્રભુનો અંશ ખરે જ નિહાળો.*
*કદર યોગ્ય છે ગુણ ને ભાવ.*
*શ્રીહરિનો પ્રત્યક્ષ પ્રભાવ.*
*ગુણ ને ભાવની કદર કરાય.*
*શ્રીહરિ પૂજ્યા સમ લેખાય.*
*જેની થાય સમાજ પ્રતિષ્ઠા,*
*તેની જન મન વધતી નિષ્ઠા.*

**જ્યાં જ્યાં ગુણ અને ભાવને દેખો, ત્યાં પ્રભુનો પ્રત્યક્ષ અંશ જુઓ.** *‘યદ્યદ્વિભૂતિમત્સત્ત્વં શ્રીમદૂર્જિતમેવ વા’* (ગીતા ૧૦/૪૧). **જ્યાં જ્યાં વિભૂતિ ગુણો દેખાય, ત્યાં એ ભગવાનનું સ્વરૂપ છે. એ કદરને યોગ્ય છે. એ ભગવાનનો — શ્રીહરિનો પ્રત્યક્ષ પ્રભાવ છે. ગુણ અને ભાવની કદર કરતાં શીખો. એ કદર કરવાથી સાક્ષાત્ શ્રીહરિની પૂજા કરી એમ જ દેખાય, કારણ કે સમાજમાં જેની પ્રતિષ્ઠા થાય છે, એ તરફ લોકોનાં મનની નિષ્ઠા પણ વધતી જાય છે.**

(ચોપાઈ)

*જોઈ મૃતવત્ દેશ સમાજ, **મોટા**ને ઊગ્યું મનમાં જ,*
*ભક્તિ કાયરનું નહિ કામ, ભક્તિ માગે માથાનું દામ.*

॥ હરિઃૐ ॥

*જીવતો નથી આજ સમાજ,* ***પ્રાણ ટકાવી રહ્યા મડદા*** *જ (ર)*
*નથી ઉત્સાહ કે ઉલ્લાસ, માત્ર ટકી જ રહ્યા ભાસ.*

*ક્યાં છે હિંમત, સાહસ ક્યાં છે? સર્વે જીવી રહ્યાનો ભયમાં છે.*
*નિર્ભયતામાં ગુણો સહુ ખીલે, નિર્ભયતા જ ભાવોને ઝીલે.*

**મોટા**એ જોઈ લીધું કે આ દેશનો સમાજ મરેલો પડ્યો છે. મડદાલ છે અને એને ઊગ્યું કે ભક્તિ એ કોઈ કાયરનું કામ નથી. ભક્તિ માથાનું દામ માગે છે. **આજે સમાજ જીવતો નથી. માત્ર ટકી રહેવામાં જ માને છે. ટકી રહેલા માત્ર મડદા જ છે. ઉત્સાહ નથી, ઉલ્લાસ નથી. ટકી કેમ રહેવું એ જ માત્ર એક... છે. ઉત્સાહ ક્યાં છે ? હિંમત ક્યાં છે ? સાહસ ક્યાં છે ? બધા માત્ર ટકી રહેવામાં જ માને છે. નિર્ભયતામાં જ બધા ગુણો ખીલી શકે છે. નિર્ભયતામાં જ ભાવ ઝીલી શકાય છે.**

*'બેઠો કરવો છે મારે સમાજ' ઊઠ્યો હૃદયમાંહેથી અવાજ,*
*જેથી ગુણો ખીલે, વધે ભાવ, કામો કરવાં કીધો જ ઠરાવ.*

**'મારે સમાજને બેઠો કરવો છે' એવો હૃદયમાંથી ઊંડો અવાજ આવ્યો કે જેથી કરીને ભાવ ખીલે, ગુણ ખીલે એવાં કામો કરવાં છે.**

*લોકો પાસેથી લીધાં દાન, સમાજને કીધું જ પ્રદાન,*
*દાનવૃત્તિના વહેણને વાળ્યું, રૂઢિચુસ્ત માનસને ટાળ્યું.*

*તરે સાગર, પહાડો ચડે, પરાક્રમોમાં પાછા ન પડે,*
*ઊંચું પ્રકટે જીવનનું ખમીર, ભેટવા ભય બનતો અધીર. (ર)*

॥ હરિઃૐ ॥

*પ્રકટે જીવનનો ઉલ્લાસ, મૃત્યુનો કરતો ઉપહાસ,*
*કીધી યોજના વિવિધ પ્રકાર, જેથી થાય ગુણોનો સંચાર.*

લોકો પાસેથી એ માટે દાન લીધાં. સમાજને આપ્યાં. **દાનવૃત્તિનું વહેણ પણ વાળ્યું અને મંદિરો, નિશાળો કે ધર્મશાળાઓ માટે નહિ પણ રૂઢિચુસ્ત જે દાનની વૃત્તિ હતી એને વાળી. સાગર તરે લોકો, પહાડો ચડે, પરાક્રમોમાં પાછા ન પડે. યૌવનનું ઊંચું ખમીર પ્રકટે એવાં કામો કરવાં માટે યુવાન વીર બને. જીવનનો ઉલ્લાસ પ્રકટે, મૃત્યુનો ઉપહાસ કરવાની વૃત્તિ થાય. આવી યોજનાઓ વિવિધ પ્રકારની *મોટા*એ કરી કે જેથી સમાજમાં ગુણ અને ભાવનો સંચાર થાય.**

(દોહરો)

*ઘેર ઘેર **મોટા** ફર્યા, પ્રેમે ભીખે દાન,*
*હોમ્યો પ્રેમે દેહને, રીઝવવા ભગવાન.*

**મોટા** આ માટે ભાંગેલે શરીરે ઘેરઘેર ફર્યા. પછી એ દિવસ આવી જ ગયો. ૨૨મી જુલાઈ (૧૯૭૬)નો એ દિવસ **મોટા**એ કહ્યું,

*સ્વજનો વહાલાં છોડીશ આજ શરીર (૨) નીકળ્યા શબ્દો શું ગંભીર!*
*જે હેતુથી શરીર મળ્યું છે રે, જે જીવનથી જ્ઞાન રળ્યું છે રે.*
*જે ભાવથી હૃદય ગળ્યું છે રે, ઉપયોગી રે રહ્યો ન દેહ લગીર.*

મૃત્યુને આવી રીતે નજર સામે જોવું, મૃત્યુને અનુભવવું, જીવનની જેમ જ. એક વિરલ બનાવ છે. પૃથ્વી ઉપર. ઋગ્વેદમાં

॥ હરિઃૐ ॥

એક મંત્ર છે કે **'યદ્યાસિ મયં શરીર ન તસ્ય જરા મૃત્યુ યજ્ઞામ્ યદ્યાસિ મયં શરીર'** જેનું શરીર અગ્નિમય બન્યું છે, એને જરા અને મૃત્યુ હોતાં નથી. તો **મોટા**એ ૨૨મી જુલાઈએ (૧૯૭૬ની) પ્રકટપણે કહ્યું, લખ્યું'તું તો પહેલાં કે આજે હું શરીરને છોડીશ. જેમ જીવનનો એક બનાવ આજે સાંજે હું ફલાણાંને મળીશ. એમ આજે હું જીવનને છોડીશ — શરીરને છોડીશ એમ કહ્યું.

જે હેતુથી આ શરીર મળ્યું હતું, જે શરીરથી અંદરના જીવનથી જ્ઞાનને મેં રળ્યું. જે ભાવથી મારું હૃદય ગળી ગયું. એ શરીર હવે ઉપયોગી નથી. હવે વધારે કામ આપી શકે એમ નથી. માટે હું એ શરીરને છોડીશ.

*કહેવાનું બધું કહ્યું છે રે, કરવાનું બધું કર્યું છે રે,*
*દેવાનું દઈ દીધું છે રે, ભૂલશો મા રે ભાવ જ જીવન ખમીર.*
*નીકળ્યા...*

કહેવાનું હતું મેં બધું જ કહી દીધું છે. જે કંઈ કરવાનું હતું, એ બધું જ મેં કર્યું છે. જે મારે કાંઈ આપવાનું હતું, એ બધું જ છૂટે હાથે મેં આપી દીધું છે. એક વાત હું કહેવા માગું છું કે **કોઈ ભૂલશો મા કે હૃદયમાં ભરેલો ભાવ એ જ જીવનનું સાચું ખમીર છે.**

*જ્યાં ગુણ ને ભાવ નિહાળો રે, પ્રત્યક્ષ પ્રભુ ત્યાં ભાળો રે,*
*એ ક્ષણને વૃથા ન ટાળો રે, દિલ ખોલીને વહાવો ભાવનું નીર.*
*નીકળ્યા...*

**જ્યાં જ્યાં ગુણ ને ભાવને દેખો, ત્યાં પ્રત્યક્ષ ભગવાનનાં**

**જ દર્શન કરજો. એ ક્ષણને નકામી જવા દેશો નહિ. એ જગાએ દિલ ખોલીને ભાવનું નીર વહાવજો.**

*કષ્ટો શરીરેથી સહ્યાં છે રે, સૌએ જગે ભાળ્યાં છે રે,*
*પ્રભુકૃપા ગણી ચાહ્યાં છે રે, છોડી દે રે કદી નવ ઉરથી ધીરજ.*
*નીકળ્યા...*

આ શરીરે અનેક કષ્ટો સહ્યાં છે, જેનાં બહુ લોકો એનાં સાક્ષી છે. એ બધાં કષ્ટોને પ્રભુની કૃપા ગણી અને મેં ચાહ્યાં છે અને સહ્યાં છે. એક ક્ષણ પણ મેં કોઈવાર....... ધીરજ છોડી નથી.

એટલા માટે હવે તમને કહું છું કે

***મોટા*** *જો તમને વહાલા રે, સુણજો આ કાલાવાલા રે,*
*નવ શબ્દો ગણો આ ઠાલા રે (૨) હરિના સૌ તો જીવજો બનીને વીર.*

**મોટા** જો તમને વહાલા હોય, તો મારા આ કાલાવાલા તમે સાંભળજો. આ શબ્દોને નકામા ગણશો નહિ. તમે સૌ હરિના છો. હરિના છો એટલે વીર બનીને જીવજો.

*મને હરિથી કશું ન વહાલું રે, તમમાં વહાલો હરિ ભાળું રે (૨)*
*શ્વાસે શ્વાસે સંભાળું રે.. (૨) હરિ ભૂલ્યા તો લાગે કારમું તીર.*

મને હરિથી કશું જ વહાલું નથી. તમારા બધાંમાં એ મારા વહાલા હરિને હું જોઉં છું. શ્વાસે શ્વાસે એટલા માટે બધાંની સંભાળ લઉં છું. જો હરિને ભૂલ્યા તો એ મને કારમું તીર લાગશે.

આવા ખ્યાલ સાથે

॥ હરિઃૐ ॥

(અનુષ્ટુપ)

*સ્વેચ્છાએ દેહને છોડ્યો, વ્યાપ્યા **મોટા** અનંતમાં,*
*સ્વજનોને નથી છોડ્યાં, રહ્યા છે ખમીર-ખંતમાં.*

**મોટા**એ દેહને સ્વેચ્છાએ છોડ્યો. અનંતમાં વ્યાપી ગયા. પણ એણે સ્વજનોને નથી છોડ્યાં, દેહ છોડ્યો છે. જ્યાં જ્યાં ખમીર અને ખંત છે, ત્યાં **મોટા** છે.

*જાગ્યો જ્યાં હોય છે પ્રેમ, સ્મૃતિ ત્યાં જાગતી રહે,*
*સ્મૃતિ જો હોય રહેતી તો, મોટાનો ભાવ ત્યાં વહે.*

*પ્રચંડ આત્મવિશ્વાસ, ગર્જતો દિલમાં રહે,*
*મોટા નિશ્ચિતરૂપે ત્યાં, ભાવરૂપે રહ્યા કરે.*

*પ્રત્યેક કર્મવૃત્તિના, મોટા સાક્ષી બની રહ્યા,*
*લાગતું હોય ઊંડે જો, મોટા ક્યાંયે નથી ગયા.*

*લગની લાગી જો લાગે, હરિના નામમાં પૂરી,*
*મોટા પ્રત્યક્ષ ત્યાં બેઠા, જાણજો બનીને ધૂરી.*

*યજ્ઞ જો ચાલતો હોય, અંતરે 'હરિઃૐ' નો,*
*મોટા પ્રત્યક્ષરૂપે છે, સાચે એવું પ્રમાણજો.*

**મોટા**એ સ્વજનોને નથી છોડ્યાં. જો હરિમાં પ્રેમ જાગેલો હોય તો એની સ્મૃતિ સતત જાગતી રહેતી હોય — મોટાની. જો સ્મૃતિ જાગતી રહેતી હોય તો સમજવું કે મોટા ત્યાં છે. પ્રચંડ

આત્મવિશ્વાસ જો દિલમાં રહેતો હોય તો મોટા ત્યાં નિશ્ચિતરૂપે છે, ભાવરૂપે છે. **પ્રત્યેક કર્મમાં, પ્રત્યેક વૃત્તિને મોટા સાક્ષી બનીને જોઈ રહ્યા છે, એવું જો ખરેખર લાગતું હોય તો મોટા ત્યાં જ છે. ક્યાંય ગયા નથી. જો હરિના નામની લગની લાગી હોય તો મોટા ત્યાં પ્રત્યક્ષ બેઠા છે. જો 'હરિઃૐ'નો સતત યજ્ઞ ચાલતો હોય મનમાં તો મોટા ત્યાં છે જ. એવું સાચેસાચ પ્રમાણજો.**

## 'હરિઃૐ' ધૂન—સંકીર્તન

'હરિઃૐ'...'હરિઃૐ'...'હરિઃૐ'...'હરિઃૐ'...(૬)

પણ આ બધું બધાંની તાકાત એવી ન હોય, બધાંમાં એવો પ્રચંડ આત્મવિશ્વાસ, સતત સ્મૃતિ, સતત 'હરિઃૐ'નું સ્મરણ, એવું બધાંને ન હોય. એવા લોકો આખરે હાથ જોડીને કહે છે...

(ભજન)

*ઊંચે રે આકાશે તારાં બેસણાં, અમે અહીં ધરતીની ધૂળ,*
*લાજ રે અમારી તારા હાથમાં, કરીએ પલપલ ભૂલ. ઊંચે...*

હે **મોટા** ! તારું બેસણું તો હવે ઊંચા આકાશમાં છે. અમે તો અહીંયાં ધરતીની ધૂળ જેવા છીએ. અમારી લાજ તારા હાથમાં છે, કારણ કે અમે તો પળેપળ ભૂલ કરીએ છીએ.

*નથી રે કીધી અમે સાધના, તપ્યાં નથી તપ રે અઘોર. (૨)*
*અમે તો દીવાના તારા પ્રેમના, હાથ તારે જીવનનો દોર.*
*ઊંચે...*

॥ હરિઃૐ ॥

અમે કાંઈ સાધના કરી નથી. અમે અઘોર તપ તપ્યાં નથી. અમારી જો કોઈ લાયકાત હોય તો અમને તારા માટે પ્રેમ છે. તારા પ્રેમના અમે દીવાના છીએ. હવે જે કાંઈ છે, જીવનનો દોર તે તારે હાથે છે.

*અમે તો **મોટા**, તમને જાણીએ, અમને હરિની ના ભાળ, (૨)*
*તમારાં અમે તો તમે પાળજો, રાખજો અમારી સંભાળ.*
*ઊંચે...*

અમે તો **મોટા** તમને ઓળખીએ છીએ. હરિ તો અમારાથી બહુ દૂર છે. એની અમને કોઈ ભાળ નથી. **અમે તમારાં છીએ. તમે અમને પાળજો. તમે અમને કહેલું છે કે હું પાળીશ અને અમારી સંભાળ રાખજો.**

(અનુષ્ટુપ)

*જીવ્યા જેવું અલૌકિક, મૃત્યુ તેવું જ અદ્‌ભુત,*
*જાણવું નથી સહેલું, દેખીએ માત્ર કૌતુક.*

જેવું જીવન તેવું જ અદ્‌ભુત મૃત્યુ. મૃત્યુને માટે ઘણાય પ્રયત્નો. મૃત્યુ ઉપર વિજય મેળવવાના ઘણા પ્રયત્નો ચાલી રહ્યા છે. **મોટા**એ પ્રત્યક્ષ એ બતાવ્યું કે મૃત્યુને જીવનની જેમ જોઈ શકાય છે.

*રચશો ના સ્મારકો કોઈ, ઈંટ, ચૂનાતણાં તમે,*
*લોકો જે પ્રેમથી આપે, લોકાર્થે વાપરો ગમે.*

કોઈ મોટાં સ્મારકો મારાં રચશો નહિ. ઈંટ અને ચૂનાનાં. લોકો જો મારા નામે પ્રેમથી આપે તો લોકોના હિતમાં એને વાપરજો.

॥ હરિઃૐ ॥

*ભાવાતીત હતો હું, ને ભાવાત્મક રીતે રહ્યો,*
*ભાવ જો આપશો વહાલાં, છોડીને ક્યાંય ના ગયો.*

હું તો ભાવાતીત હતો. ભાવાત્મક રીતે તમારા બધાંની સાથે રહ્યો. ભાવ મને આપજો. તો હું ક્યાંય છોડીને ગયો નથી.

*ભાવ છે દેહ મારો, ને ભાવમાં પ્રાણ છે રહ્યા,*
*ભાવ આપો મને પૂરો, ભાવથી કષ્ટ સૌ સહ્યાં.*

ભાવ એ મારો દેહ છે. ભાવમાં જ મારા પ્રાણ છે. ભાવ આપો. મને પૂરો ભાવ આપો. ભાવથી જ શરીરનાં બધાં કષ્ટો હું સહી શકતો હતો.

*મને ના રાખશો ભૂખ્યો, ભાવ આહાર છે ખરો,*
*મટે ના ભાવની ભૂખ, ભલે આપ્યા કરો તમે.*

મને ભૂખ્યો ન રાખશો. ભાવ એ મારો આહાર છે. મને ભાવ આપ્યા જ કરો. ગમે એટલો આપશો તોય પૂરો નહિ પડે.

(સવૈયા)

*'હરિઃૐ' સૌ રટતાં રહેજો, 'હરિઃૐ' થી જાગે ભાવ,*
*'હરિઃૐ' થી યાદ રહીશ હું, 'હરિઃૐ' થી છૂટે સ્વભાવ.*
*'હરિઃૐ' થી બન્યો હું મોટા, 'હરિઃૐ' સાચી મોટાઈ,*
*બનો સહુ 'હરિઃૐ' થી મોટા, 'હરિઃૐ' સાચી જ સગાઈ.*
*'હરિઃૐ' જ્યાં રટાય ભાવે, ત્યાં જ હશે મુજ નક્કી વાસ,*
*'હરિઃૐ' રટતાં જ રહો, તો મળશે પૂરો મુજ સહવાસ.*
*'હરિઃૐ' સ્મરતાં જ રહો સૌ, છોડીને બીજી પંચાત,*
*'હરિઃૐ' છે સાધન મોટું, આખરની કહું તમને વાત.*

॥ હરિઃૐ ॥

॥ હરિઃૐ ॥

# આરતી

ૐ શરણચરણ લેજો, પ્રભુ શરણચરણ લેજો,
પતિત ઉગારી લેજો (૨) કર ગ્રહી ઉર લેજો. ...ૐ શરણ.

મનવાણીના ભાવો, કર્મ વિષે ઊતરો, પ્રભુ (૨)
મન, વાણી ને દિલને (૨) કૃપાથી એક કરો. ...ૐ શરણ.

સર્વ મળેલાં સાથે, દિલ સદ્ભાવ ઊગો, પ્રભુ (૨)
છો અપમાન થયાં હો (૨) ત્યાંયે ભાવ બઢો. ...ૐ શરણ.

નિમ્ન પ્રકારની વૃત્તિ, ઊર્ધ્વગમન કરવા, પ્રભુ (૨)
પ્રભુકૃપાથી મથાજો (૨) ચરણશરણ ગ્રહવા. ...ૐ શરણ.

મનના સકળ વિચારો, પ્રાણતણી વૃત્તિ, પ્રભુ (૨)
બુદ્ધિતણી સૌ શંકા (૨) ચરણકમળ ગળજો. ...ૐ શરણ.

જેવા દિલ હોઈએ પ્રભુ, તેવા દેખાવા, પ્રભુ (૨)
મતિ મુજ ખુલ્લી રે'જો (૨) સ્પષ્ટ જ પરખાવા. ...ૐ શરણ.

દિલમાં કંઈક ભર્યું હો, તે થકી બીજું ઊલટું, પ્રભુ (૨)
કદી પણ મુજથી ન બનજો (૨) એવી મતિ દેજો. ...ૐ શરણ.

જ્યાં જ્યાં ગુણ ને ભાવ, દિલ ત્યાં મુજ ઠરજો, પ્રભુ (૨)
ગુણ ને ભાવની ભક્તિ (૨) દિલ મુજ સંચરજો. ...ૐ શરણ.

મન,મતિ,પ્રાણ પ્રભુ ! તુજ ભાવ થકી ગળજો, પ્રભુ (૨)
દિલમાં તુજ ભક્તિની (૨) છોળો ઊછળજો. ...ૐ શરણ.

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## (અંજલિ)

(વસંતતિલકા)

જે પ્રેમીએ સરળતા મુજને શી દીધી,
ને ઘેલછા મુજ અનેક સહી જ લીધી.
ચિત્તે લીધું નહિ કશું મુજ આડુંતેડું,
હું તેમના થકી થયો કંઈ આજ જે છું.
જેણે મને જીવનમાં શીખવ્યો જ પ્રેમ,
તે ઋણ પ્રેમીજનનું શકું વાળી કેમ ?
શું પ્રેમનો વળી શકે બદલો કશાથી ?
તે પ્રેમ તો જીવનની મુજ આદ્યશક્તિ.
તે પ્રેમમાં જીવન પ્રેમથી સર્વ ભાવો,
- તે એક એક જીવને મુજથી કળાજો.
જો પ્રેમનો જગતમાં બદલો કશો હો,
તે હો પૂરા જીવનના જ રૂપાંતરે તો.
લક્ષે ધરી હૃદયથી મુજ પ્રેમીને તે,
જો હું ધરી શકીશ જીવન પ્રેમભાવે.
ને પ્રેમ તે જીવનથી જીવને કૃતાર્થ
—પૂરો થતાં, જીવનનો મુજ પ્રેમ ધન્ય.
ઉત્સાહથી હૃદયનું જળ સીંચી જેણે,
આ ઉર પુષ્પ ખીલવ્યું નિજ પ્રેમભાવે.
તેને ધરું ઉમળકે ચરણારવિંદે,
તે પુષ્પ, વાસ સહુ, ભેટ સ્વીકારી લેજે.
કોટી પ્રણામ તુજને મુજ રાંકના છે,
બીજું કશું મુજ કને નવ અર્પવાને,
આશિષ ઊંડી ઉરની મુજને દઈ તું,
વર્ષાવી પ્રેમજળ આ દિલ ઠારજે તું.

**- શ્રીમોટા**

### 'હરિઃૐ' ધૂન-સંકીર્તન

'હરિઃૐ'...'હરિઃૐ'...'હરિઃૐ'...'હરિઃૐ'...(૩૦ મિનિટ).

॥ હરિઃૐ ॥

# પૂ. શ્રીમોટા-વાણી - આ યુગમાં

## : નિમિત્તે :

૧. **મોટા**નું કામ - **મોટા**ને પોતાનામાં જીવતા કરવા માટે કરો.

૨. સૌ-સૌની ભૂમિકા પ્રમાણે - લોકો સમજવાના છે.

૩. જ્યારે જીવનમાં પ્રેમ પ્રગટે છે ત્યારે જીવન પણ સાર્થક થઈ જાય આપણું.

૪. સુધારાનું ક્યાં તો... લોકકેળવણી - ભણતર દ્વારા જ થાય. કરવું ઘટે.

૫. આપણામાં દૈવાસુર સંગ્રામ - હંમેશ ચાલે છે. પણ આપણને તેનું ભાન નથી.

૬. કર્મમાંથી જ્ઞાનનો અનુભવ પ્રગટતો રહે છે. જેવી... ભાવના તેવો વિસ્તાર.

૭. ‘યુદ્ધ’ ભૂમિ પર (જિજ્ઞાસુ) અર્જુનના મનને જનકલ્યાણના... હેતુથી... વાળવા કાજે શ્રીકૃષ્ણ ભગવાને તેને ‘ગીતા’ બોધ આપ્યો છે.

૮. આપણી આ ભવની પ્રકૃતિ ને દિશા જેવા પ્રકારની હોય તેવા પ્રકારનો આપણો પૂર્વ જન્મ છે.

૯. સંસાર એ બીજું કશું નથી પણ વૃત્તિ... ભાવનાનો વિસ્તાર.

૧૦. જ્યાં જરા પણ ભેદ હશે-રહેશે ત્યાં અહંકાર રહી જશે અને શરણ ભાવ પૂરો નહિ રહે.

૧૧. આપણે મળવાનું થયું છે તો તે કંઈક સાર્થક... કરીએ... ભાવ-ગુણો ખીલે એવાં કામો આપણે... કરીએ.

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

# પૂ. શ્રીમોટા-વાણી - મિલન સમારંભ

## ૐનું રહસ્ય : અજપાજપ - ૐ

**ૐમાં** ત્રણ અક્ષરો આવેલા છે. અ.ઉ.મ. એ શબ્દની અંદર ત્રણ લોક વસેલા છે. કોઈને એમ લાગે કે ગપ્પાં છે... ૐ નું એટલું બધું રહસ્ય છે... 'સાહેબ' કે આગળ ત્રગડો છે. એનો અર્થ એ કે જે તે બધું ત્રણ છે. **અઢારમો અધ્યાય** (ગીતાનો તમે...જુઓ) તો ત્રણ છે. એની સાથે જે નિશાની કરી છે, તે ચેતનનું પ્રતીક છે. તે એની સાથે સંકળાયેલું છે. **ને ઉપર** (જે ઁ અર્ધચંદ્રાકાર) આમ કર્યું છે એનો અર્થ એ કે તે ચેતન કે એનાથી નોખું છે. ઉપર જે મીંડું કર્યું છે, તે શૂન્ય છે. આખો ચેતનનો **તમને એ ખ્યાલ આપી દે છે. ૐકાર**માં એટલે કંઈ નહિ તો આપણે **ૐકાર સામે રાખીએ** પણ **'સાધના'** કર્યા કરીએ, 'સાધના' આપણી મેળે કર્યા કરીએ તો થાય છે. આપણને ૐકારની... **લગની લાગ્યા કરે અને પછીથી...** અજપાજપ (EFFORTLESS EFFORT) જેવું થઈ જાય.

**- શ્રીમોટા**

## : સાધનાની જરૂર :

ૐ "ઉગ્ર 'સાધના' કર્યા વિના કોઈ જીવ તરી શકેલ નથી."

**- શ્રીમોટા**

॥ હરિઃૐ ॥

## પૂ. શ્રીમોટાનો છેલ્લો પત્ર

**“મારી પોતાની મેળે હું મારા જડ દેહને છોડવા ઈચ્છું છું.”**

પબ્લિક ટ્રસ્ટ રજિ. નં. ખેડા ઈ ૧૩૦૧ હરિઃૐ આશ્રમ

શેઢી નદી, નડિયાદ

## હરિઃૐ

**જે કોઈને આ અંગે લાગે વળગે છે તેઓ જોગ**

હું, ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે **મોટા** રહેવાસી હરિઃૐ આશ્રમ, નડિયાદ. આથી જણાવું છું કે મારી રાજીખુશીથી મારી પોતાની મેળે મારા જડ દેહને છોડવા ઈચ્છું છું. આ દેહ ઘણા રોગોથી ઘેરાયેલો છે અને હવે લોકકલ્યાણનાં કામમાં આવે તેમ નથી. રોગો મટવાની આશા પણ નથી એટલે આનંદપૂર્વક શરીર છોડવું તે ઉત્તમ છે અને તે માટે યોગ્ય પળ લાગશે ત્યારે હું એમ કરી લઈશ.

મારા શરીરનો અગ્નિસંસ્કાર એકાંતમાં શાંત જગ્યાએ મૃત્યુસ્થળ તદ્દન નજીકમાં કરજો.

અને તે પણ આપ છ જણની હાજરીમાં જ કરવો. ઘણાં ભેગાં કરવાં નહિ, તેમ મારા સેવકોને ફરમાવું છું.

મારાં અસ્થિને પણ નદીમાં પૂરેપૂરાં પધરાવી દેવાં.

મારા નામનું ઈંટ-ચૂનાનું કોઈ સ્મારક કરવું નહિ.

<u>મારા મૃત્યુ નિમિત્તે જે કંઈ નાણાં ભંડોળ ભેગું થાય, તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.</u>

**લિ. ચૂનીલાલ આશારામ ભગત ઉર્ફે મોટા**

**-મોટા**

**તા. ૧૯-૭-૧૯૭૬**

॥ હરિઃૐ ॥

## પૂજ્ય શ્રીમોટાના જીવનની મહત્ત્વની તવારીખ

**જન્મ : તા. ૪-૯-૧૮૯૮, ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪**
સ્થળ : સાવલી, જિ. વડોદરા, નામ : ચૂનીલાલ,
માતા : સૂરજબા, પિતાઃ આશારામ, અટક : ભાવસાર.

**૧૯૧૬ :** પિતાનું અવસાન.

**૧૯૦૫ થી ૧૯૧૮ :** તૂટક અભ્યાસ-સાથે આકરી મજૂરી.

**૧૯૧૯ :** મૅટ્રિક પાસ.

**૧૯૨૦ :** વડોદરા કૉલેજમાં.

**તા. ૬-૪-૧૯૨૦:** કૉલેજ ત્યાગ.

**૧૯૨૦ :** ગૂજરાત વિદ્યાપીઠ પ્રવેશ.

**૧૯૨૧ :** વિદ્યાપીઠનો ત્યાગ. હરિજન સેવાનો આરંભ.

**૧૯૨૨ :** ફેફરુંના રોગથી કંટાળીને ગરુડેશ્વરની ભેખડ ઉપરથી આત્મહત્યાનો પ્રયાસ, દૈવી બચાવ, 'હરિઃૐ' જપથી રોગ મટાડવાનો સફળ પ્રયોગ.

**૧૯૨૨ :** 'મનને'ની રચના.

**૧૯૨૩ :** 'તુજ ચરણે'ની રચના તથા પ્રકાશન.

**૧૯૨૩ :** વસંતપંચમીએ પૂ. શ્રીબાળયોગીજી દ્વારા દીક્ષા. શ્રીકેશવાનંદ ધૂણીવાળા દાદાનાં દર્શને - સાંઈખેડા ગયા. રાત્રે સ્મશાનમાં સાધના અને દિવસભર પ્રભુપ્રીત્યર્થે હરિજન સેવા.

**૧૯૨૪ :** 'તુજ ચરણે' ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૨૬ :** લગ્ન-હસ્તમેળાપ વખતે સમાધિનો અનુભવ.

**૧૯૨૭:** સાકોરીના પૂ. શ્રીઉપાસની બાબાનું નડિયાદમાં આગમન, એમના આદેશ મુજબ સાકોરી જવું-ત્યાં મળમૂત્રની પથારીમાં સાત દિવસ.

**૧૯૨૮ :** હરિજન આશ્રમ, બોદાલમાં સર્પદંશ-પરિણામે 'હરિઃૐ' જપ અખંડ થયો.

**૧૯૨૮ :** પહેલી હિમાલયયાત્રા.

**૧૯૩૦ :** મનની નીરવતાનો સાક્ષાત્કાર.

**૧૯૩૦ થી '૩૨** દરમિયાન સાબરમતી, વીસાપુર, નાસિક અને યરવડા જેલમાં. હેતુ-દેશસેવાનો નહિ, સાધનાનો. સખત પરિશ્રમ અને લાઠીમાર દરમિયાન પ્રભુસ્મરણ-મૌન. વિદ્યાર્થીઓને સમજાવવા વીસાપુર જેલમાં સરળ ભાષામાં શ્રીમદ્ ભગવદ્ગીતાનું વિવરણ લખ્યું-'જીવનગીતા'

**૧૯૩૪ :** સગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર.

**૧૯૩૪થી ૧૯૩૯** દરમિયાન હિમાલયમાં અઘોરી બાવા પાસે જવાનું બન્યું, ધુંવાધારના ધોધની પાછળની ગુફામાં સાધના. ચૈત્ર માસમાં છાણાંની ૬૩ ધૂણી ધખાવી નર્મદાકિનારે ખુલ્લામાં શિલા ઉપર નગ્ન બેસીને ૨૮ દિવસની સાધના, શીરડીના સાંઈબાબાનું પ્રત્યક્ષ દર્શન-આદેશ-સાધનાના અંતિમ તબક્કાનું માર્ગદર્શન.

**૧૯૩૯ :** તા. ૨૯-૩-૧૯૩૯ : રામનવમી, સંવત : ૧૯૯૫ કાશીમાં નિર્ગુણ બ્રહ્મનો સાક્ષાત્કાર. હરિજન સેવક સંઘમાંથી રાજીનામું. 'મનને'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન.

**૧૯૪૦ :** (તા. ૯-૯-૧૯૪૦) વિમાનમાર્ગે અમદાવાદથી કરાંચી જવાનો ગૂઢ હુકમ.

**૧૯૪૧ :** માતાનું અવસાન.

**૧૯૪૨ :** હરિજન સેવક સંઘમાંથી છૂટા થયેલા, છતાં હરિજન કન્યાછાત્રાલય માટે મુંબઈમાં ફાળો ઉઘરાવ્યો. બે વખત સખત પોલીસમાર-દેહાતીત અવસ્થાના પુરાવા.

**૧૯૪૩ :** ૨૪, ફેબ્રુઆરીમાં ગાંધીજીના પેશાબના ઝેરી જંતુઓનું પોતાના પેશાબમાં દર્શન. નૈમિત્તિક તાદાત્મ્યનો અનુભવ.

**૧૯૪૫ :** હિમાલયની યાત્રા-અદ્‌ભુત અનુભવો.

**૧૯૪૬ :** હરિજન આશ્રમ, અમદાવાદ મીરાંકુટિરમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૦ :** દક્ષિણ ભારતના કુંભકોણમ્‌માં કાવેરી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૪**થી સુરતના કુરુક્ષેત્રમાં એક ઓરડીમાં મૌનએકાંતનો આરંભ.

**૧૯૫૫ :** (તા. ૨૮-૫-૧૯૫૫) નડિયાદ, શેઢી નદીને કિનારે હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૫૬ :** (તા. ૨૩-૪-૧૯૫૬) સુરત, કુરુક્ષેત્રમાં હરિઃૐ આશ્રમની સ્થાપના.

**૧૯૬૨થી ૧૯૭૫ :** શરીરના અનેક રોગો-સતત પ્રવાસ સાથે ૩૬ અધ્યાત્મ-અનુભવ ગ્રંથોનું લેખન-પ્રકાશન.

**૧૯૭૬ :** ફાજલપુર-મહીનદીના કિનારે શ્રી રમણભાઈ અમીનના ફાર્મ હાઉસમાં તા. ૨૩-૭-૧૯૭૬ના રોજ માત્ર છ જણની હાજરીમાં આનંદપૂર્વક દેહત્યાગ. પોતાનું 'ઈંટ-ચૂનાનું સ્મારક ન કરવાનો આદેશ' અને આ નિમિત્તે મળેલી રકમનો ઉપયોગ દૂર ગુજરાતનાં પછાત ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓ બંધાવવાના લોકફાળામાં કરવાની સૂચના.

॥ હરિઃૐ ॥

# આશ્રમમાં ઉપલબ્ધ પુસ્તકોની યાદી

| નંબર | પુસ્તકોના વિભાગ | ટોટલ પુસ્તકો |
|---|---|---|
| ૧. | ગદ્ય પુસ્તકો | ૧૪ |
| ૨. | પદ્ય પુસ્તકો | ૫૧ |
| ૩. | શ્રીમોટા-ટેપવાણી | ૧૮ |
| ૪. | શ્રીમોટા પ્રવચન-વાણી | ૭ |
| ૫. | સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો | ૯ |
| ૬. | સ્વજનોની અનુભવકથા તથા સ્મૃતિગ્રંથ | ૮ |
| ૭. | સંકલિત પુસ્તકો | ૨૨ |
| ૮. | જીવનકવન | ૧૧ |
| ૯. | અન્ય પુસ્તકો | ૧૪ |
| ૧૦. | હિંદી પુસ્તકો | ૧૫ |
| ૧૧. | અંગ્રેજી પુસ્તકો | ૨૨ |
| ૧૨. | કેલેન્ડર (દીવાલ અને ટેબલ) | ૧ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત ગદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસંગ્રામ | ૧૯૪૬ |
| ૨. | જીવનસંદેશ | ૧૯૪૮ |
| ૩. | જીવનપાથેય | ૧૯૪૯ |
| ૪. | જીવનપ્રેરણા | ૧૯૫૦ |
| ૫. | જીવનપગરણ | ૧૯૫૧ |
| ૬. | જીવનપગથી | ૧૯૫૧ |
| ૭. | જીવનમંડાણ | ૧૯૫૨ |
| ૮. | જીવનસોપાન | ૧૯૫૨ |
| ૯. | જીવનપ્રવેશ | ૧૯૫૩ |
| ૧૦. | જીવનપોકાર | ૧૯૫૪ |
| ૧૧. | હરિજન સંતો | ૧૯૫૪ |
| ૧૨. | જીવનમંથન | ૧૯૫૬ |
| ૧૩. | જીવનસંશોધન | ૧૯૫૭ |
| ૧૪. | જીવનદર્શન | ૧૯૫૯ |

## પૂજ્ય શ્રીમોટા વિરચિત પદ્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મનને | ૧૯૨૨ |
| ૨. | તુજ ચરણે | ૧૯૨૩ |
| ૩. | નર્મદાપદે | ૧૯૨૭ |
| ૪. | જીવનગીતા (નાની) | ૧૯૩૨ |
| ૫. | હૃદયપોકાર | ૧૯૪૪ |
| ૬. | જીવનપગલે | ૧૯૪૪ |
| ૭. | શ્રીગંગાચરણે | ૧૯૪૫ |
| ૮. | કેશવ ચરણ કમળે | ૧૯૪૬ |
| ૯. | કર્મગાથા | ૧૯૪૬ |
| ૧૦. | પ્રણામ પ્રલાપ | ૧૯૪૭ |
| ૧૧. | પુનિત પ્રેમગાથા | ૧૯૪૭ |
| ૧૨. | જીવનગીતા (મોટી) | ૧૯૫૩ |

| | |
|---|---|
| ૧૩. આર્તપોકાર | ૧૯૫૪ |
| ૧૪. અભ્યાસીને | ૧૯૬૭ |
| ૧૫. જિજ્ઞાસા | ૧૯૭૦ |
| ૧૬. ભાવ | ૧૯૭૧ |
| ૧૭. જીવનઝલક | ૧૯૭૧ |
| ૧૮. જીવનસૌરભ | ૧૯૭૧ |
| ૧૯. જીવનઅનુભવગીત | ૧૯૭૧ |
| ૨૦. જીવનસ્મરણ | ૧૯૭૧ |
| ૨૧. શ્રદ્ધા | ૧૯૭૧ |
| ૨૨. જીવનલહરી | ૧૯૭૧ |
| ૨૩. જીવનતપ | ૧૯૭૨ |
| ૨૪. જીવનરસાયણ | ૧૯૭૨ |
| ૨૫. જીવનઆહ્લાદ | ૧૯૭૨ |
| ૨૬. રાગદ્વેષ | ૧૯૭૨ |
| ૨૭. નિમિત્ત | ૧૯૭૨ |
| ૨૮. ગુણવિમર્શ | ૧૯૭૨ |
| ૨૯. જીવનસ્પંદન | ૧૯૭૩ |
| ૩૦. જીવનરંગત | ૧૯૭૩ |
| ૩૧. જીવનકથની | ૧૯૭૩ |
| ૩૨. જીવનસ્મરણસાધના | ૧૯૭૩ |
| ૩૩. જીવનમથામણ | ૧૯૭૩ |
| ૩૪. પ્રેમ | ૧૯૭૩ |
| ૩૫. મોહ | ૧૯૭૩ |
| ૩૬. કૃપા | ૧૯૭૩ |
| ૩૭. સ્વાર્થ | ૧૯૭૩ |
| ૩૮. શ્રીસદ્‌ગુરુ | ૧૯૭૩ |
| ૩૯. કર્મઉપાસના | ૧૯૭૩ |
| ૪૦. જીવનચણતર | ૧૯૭૪ |
| ૪૧. જીવનઘડતર | ૧૯૭૪ |
| ૪૨. જીવનપગદંડી | ૧૯૭૪ |
| ૪૩. જીવનકેડી | ૧૯૭૪ |
| ૪૪. ભાવકણિકા | ૧૯૭૪ |
| ૪૫. ભાવરેણુ | ૧૯૭૪ |
| ૪૬. ભાવજ્યોતિ | ૧૯૭૪ |
| ૪૭. ભાવપુષ્પ | ૧૯૭૪ |
| ૪૮. ભાવહર્ષા | ૧૯૭૫ |
| ૪૯. જીવનપ્રભાત | ૧૯૭૫ |
| ૫૦. જીવનપ્રવાહ | ૧૯૭૫ |
| ૫૧. મૌનાર્થીને માર્ગદર્શન | ૨૦૦૩ |

•

## પૂજ્ય શ્રીમોટા ટેપવાણી

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શેષ-વિશેષ | ૧૯૮૯ |
| ૨. | જન્મ-પુનર્જન્મ | ૧૯૮૯ |
| ૩. | તદ્રૂપ-સર્વરૂપ | ૧૯૯૦ |
| ૪. | એકીકરણ-સમીકરણ | ૧૯૯૦ |
| ૫. | જીવતા નર સેવીએ | ૧૯૯૧ |
| ૬. | અગ્રતા-એકાગ્રતા | ૧૯૯૧ |
| ૭. | જોડા-જોડ | ૧૯૯૨ |
| ૮. | અન્વય-સમન્વય | ૧૯૯૨ |
| ૯. | શ્રીમોટાવાણી ૧ થી ૧૪ (૭ પુસ્તકો) | ૧૯૯૨ થી ૧૯૯૫ |
| ૧૦. | ગ્રહ-ગ્રહણ | ૧૯૯૩ |
| ૧૧. | દક્ષિણ ભારતનાં સ્વજનોને સંબોધન | ૨૦૦૬ |
| ૧૨. | શ્રી ઝીણાકાકા સાથે વાર્તાલાપ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં પ્રવચનનાં પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા સાથે વાર્તાલાપ | ૧૯૭૯ |
| ૨. | મૌનએકાંતની કેડીએ | ૧૯૮૨ |
| ૩. | મૌનમંદિરનું હરિદ્વાર | ૧૯૮૩ |
| ૪. | મૌનમંદિરનો મર્મ | ૧૯૮૪ |
| ૫. | મૌનમંદિરમાં પ્રભુ | ૧૯૮૫ |
| ૬. | મૌનમંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા | ૧૯૮૫ |
| ૭. | મૌનમંદિરમાં હરિસ્મરણ | ૨૦૧૫ |

•

## પૂજ્ય શ્રીમોટાનાં સ્વજનોને પત્રો આધારિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | મુક્તાત્માનો પ્રેમસ્પર્શ | ૧૯૮૦ |
| ૨. | શ્રીમોટાની દાંપત્ય-ભાવના | ૧૯૮૦ |
| ૩. | સંતહૃદય | ૧૯૮૩ |
| ૪. | ધનનો યોગ | ૧૯૮૪ |
| ૫. | પગલે પગલે પ્રકાશ | ૧૯૮૯ |
| ૬. | સમય સાથે સમાધાન | ૧૯૯૩ |
| ૭. | શ્રીમોટા-પત્રાવલિ ૧/૨ | ૧૯૯૫ |
| ૮. | કેન્સરની સામે | ૨૦૦૨ |
| ૯. | હસતું મૌન | ૨૦૦૪ |

•

## સ્વજનોની અનુભવકથા

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | આશ્રમની અટારીએથી | ૧૯૮૧ |
| ૨. | શ્રીમોટાની સાથે સાથે | ૧૯૯૦ |
| ૩. | શ્રીમોટા સાથે હિમાલયયાત્રા | ૧૯૯૪ |
| ૪. | શ્રીમોટાની મહત્તા | ૧૯૯૫ |
| ૫. | મળાયું પણ ભળાયું નહિ | ૧૯૯૫ |
| ૬. | મળ્યા-ફળ્યાની કેડી | ૨૦૦૧ |
| ૭. | **મોટા** - મારી મા | ૨૦૦૩ |

•

## સ્મૃતિગ્રંથ

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનસ્ફુલિંગ | ૧૯૭૩ |

•

## સંકલિત પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | જીવનપરાગ | ૧૯૬૩ |
| ૨. | સંતવાણીનું સ્વાગત (તમામ પુસ્તકોની પ્રસ્તાવનાનું સ્વતંત્ર પુસ્તક) | ૧૯૭૭ |
| ૩. | અંતિમ ઝાંખી | ૧૯૭૮ |
| ૪. | વિધિ-વિધાન | ૧૯૮૨ |
| ૫. | સુખનો માર્ગ | ૧૯૮૩ |
| ૬. | પ્રાર્થના | ૧૯૮૪ |
| ૭. | લગ્ને હજો મંગલમ્ | ૧૯૮૫ |
| ૮. | નિરંતર વિકાસ | ૧૯૮૭ |
| ૯. | સમર્પણગંગા | ૧૯૮૯ |
| ૧૦. | જન્મ-મૃત્યુના રાસ | ૧૯૮૯ |
| ૧૧. | નામસ્મરણ | ૧૯૯૨ |
| ૧૨. | શ્રીમોટા અને શિક્ષણ | ૧૯૯૪ |
| ૧૩. | ફનાગીરીનો નિર્ધાર | ૧૯૯૬ |
| ૧૪. | પૂજ્ય શ્રીમોટા વચનામૃત ૧ થી ૪ (૧ પુસ્તક) | ૧૯૯૬ |
| ૧૫. | પ્રસન્નતા | ૧૯૯૭ |
| ૧૬. | ભગતમાં ભગવાન | ૨૦૦૦ |

૧૭. દુર્લભ દેહ મનુષ્યનો ૨૦૦૭
૧૮. દૈવાસુર સંગ્રામ ૨૦૦૭
૧૯. પ્રસાદી (ગુજરાતી) ૨૦૦૮
૨૦. પૂજ્ય શ્રીમોટાના બે બોલ (તમામ પુસ્તકોમાંથી લેખકના બે બોલનું સ્વતંત્ર પુસ્તક) ૨૦૧૪
૨૧. જીવનયોગ ભાગ ૧ અને ૨ ૨૦૧૬
૨૨. બુદ્ધિ ૨૦૧૭

•

## જીવનકવન

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટા-જીવન અને કાર્ય ભાગ-૧,૨ | ૧૯૭૫ |
| ૨. | પારસલીલા | ૧૯૭૫ |
| ૩. | તરણામાંથી મેરુ | ૧૯૭૬ |
| ૪. | વિદ્યાર્થી **મોટા**નો પુરુષાર્થ | ૧૯૮૯ |
| ૫. | મહામના અબ્રાહમ લિંકન | ૧૯૯૩ |
| ૬. | પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી | ૧૯૯૪ |
| ૭. | શ્રીકેશવાનંદજી ધૂણીવાળા દાદા | ૧૯૯૬ |
| ૮. | ગોધરાના બાપજીનું જીવનચરિત્ર | ૧૯૯૮ |
| ૯. | મારી સાધનાકથા | ૨૦૦૫ |
| ૧૦. | પૂજ્ય શ્રીમોટાના વહાલા ઝીણાભાઈ | ૨૦૦૫ |
| ૧૧. | જીવન સાર્થકતાની કેડીએ પૂજ્ય શ્રીમોટાના વહાલા ‘ભાઈ’ શ્રી નંદુભાઈની સંક્ષિપ્ત જીવનવિકાસગાથા ભાગ-૧ અને ૨ | ૨૦૨૦ |

•

## અન્ય પુસ્તકો

| નં. | પુસ્તક | પ્ર.આ. |
|---|---|---|
| ૧. | શ્રીમોટાચરણે | ૧૯૭૦ |
| ૨. | બાળકોના **મોટા** | ૧૯૮૦ |
| ૩. | શ્રીમોટા ચિત્રકથા | ૧૯૮૭ |
| ૪. | આહુતિ મંત્ર અને આરતી | ૧૯૯૫ |
| ૫. | હરિઃૐ આશ્રમ શ્રીભગવાનના અનુભવ કાજેનું સ્થળ | ૧૯૯૬ |
| ૬. | કૃપાયાચના શતકમ્ | ૧૯૯૬ |
| ૭. | ધ્યેય અને ધ્યાન | ૨૦૦૦ |
| ૮. | ચિદાકાશ | ૨૦૦૦ |
| ૯. | પ્રાર્થના પોથી | ૨૦૧૦ |
| ૧૦. | શ્રીમોટા ઉપલબ્ધિ અને ઉપદેશ | ૨૦૧૪ |
| ૧૧. | શ્રીમોટાચરણે આંતર પ્રવેશ | ૨૦૧૬ |
| ૧૨. | શ્રીમોટાચરણે ત્રિભાષી (ગુ. હિં. અં.) | ૨૦૧૮ |
| ૧૩. | બધું આપણામાં જ છે | ૨૦૧૮ |
| ૧૪. | સમર્થ સદ્‌ગુરુ પૂજ્ય શ્રીમોટા | ૨૦૧૮ |

•

## हरि:ॐ आश्रम में उपलब्ध हिंदी पुस्तकों का लिस्ट

| क्रम | पुस्तक | प्र.आ. |
|---|---|---|
| १. | पूज्य श्रीमोटा एक संत | १९९७ |
| २. | कैंसर का प्रतिकार | २००८ |
| ३. | सुख का मार्ग | २००८ |
| ४. | दुर्लभ मानवदेह | २००९ |
| ५. | प्रसादी | २००९ |
| ६. | नामस्मरण | २०१० |
| ७. | हरि:ॐ आश्रम (श्रीभगवान के अनुभव का स्थान) | २०१० |
| ८. | श्रीमोटा के साथ वार्तालाप | २०१२ |
| ९. | विवाह हो मंगलम् | २०१२ |
| १०. | बालकों के **मोटा** | २०१२ |
| ११. | विद्यार्थी **मोटा** का पुरुषार्थ | २०१२ |
| १२. | मौनमंदिर का मर्म | २०१३ |
| १३. | मौनमंदिर का हरिद्वार | २०१३ |
| १४. | मौनएकांत की पगडंडी पर | २०१३ |
| १५. | मौनमंदिर में प्रभु | २०१४ |

●

**English books available at Hariom Ashram Surat.**
**January - 2020**

| No. | Book | F. E. |
|---|---|---|
| 1. | At Thy Lotus Feet | 1948 |
| 2. | To The Mind | 1950 |
| 3. | Life's Struggle | 1955 |
| 4. | The Fragrance Of A Saint | 1982 |
| 5. | Vision of Life - Eternal | 1990 |
| 6. | Bhava | 1991 |
| 7. | Nimitta | 2005 |
| 8. | Self-Interest | 2005 |
| 9. | Inquisitiveness | 2006 |
| 10. | Shri Mota | 2007 |
| 11. | Rites and Rituals | 2007 |
| 12. | Naamsmaran | 2008 |
| 13. | Mota for Children | 2008 |
| 14. | Against Cancer | 2008 |
| 15. | Faith | 2010 |
| 16. | Shri Sadguru | 2010 |
| 17. | Human To Divine | 2010 |
| 18. | Prasadi | 2011 |
| 19. | Grace | 2012 |
| 20. | I Bow At Thy Feet | 2013 |
| 21. | Attachment And Aversion | 2015 |
| 22. | The Undending Odyssey (My Experience of Sadguru Sri Mota's Grace) | 2019 |

●

॥ હરિ:ૐ ॥



સંકલ્પ એ જ જીવનનું મૂળ બીજ છે. દાતા યથા સંકલ્પ.

વેદમાં કહ્યું છે કે ઈશ્વરે સંકલ્પ કર્યો અને આ પૃથ્વીનું સર્જન થયું. તો એ સંકલ્પ થયો એ સર્જનનું મૂળ બીજ છે. જીવનનું, ક્રાંતિનું એ બીજ છે. સંકલ્પથી જ આ બ્રહ્માંડ ટકી રહ્યું છે અને સંકલ્પથી જ આ બધું સર્જાયું છે.

સંકલ્પથી ચંડાંશુ એટલે સૂર્ય તપી રહ્યો છે, સંકલ્પથી ચંદ્ર અમૃત વરસાવી રહ્યો છે. સંકલ્પથી આકાશમાં નક્ષત્રો ગુંજી રહ્યા છે અને સંકલ્પથી 'હરિઃૐ'નો મંત્ર વ્યોમમાં ગાજી રહ્યો છે.

સંકલ્પથી એક વામન વિરાટ સ્વરૂપ ધારણ કરે છે. 'મોટા' ઘણીવાર કહેતા કે તમારે જોવો હોય તો હું એક પ્રત્યક્ષ દાખલો છું. સંકલ્પથી સામાન્ય માણસ વિરાટ બની જાય છે.

સંકલ્પથી અફાટ સાગરને માણસ તરી જાય છે. સંકલ્પથી ઊંચાં ગિરિશૃંગો ઉપર પગ માંડી શકાય છે. સંકલ્પથી દરિયાના અગાધ ઊંડાણો માપી શકાય છે.

સંકલ્પથી માણસ ચંદ્ર ઉપર પણ પગ માંડી આવે છે. સંકલ્પથી માણસ પોતાનો તમામ વૈભવ એક ક્ષણની અંદર છોડી દઈ શકે છે. જેમ બુદ્ધે છોડ્યો તેમ. સંકલ્પ વિનાનું જીવવાથી કંઈ જ મળતું નથી. વિના સંકલ્પે જીવવાથી કોઈ કાંઈ મેળવી શકતું નથી.

- શ્રી પ્રતાપરાય ઉપાધ્યાય

*'શ્રીમોટા-આખ્યાન', પ્ર. આ., પૃ. ૧૮*

કિંમત : રૂ. ૧૦/-